RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

# માસિક પત્રિકા

Issue: 2, Year: 68, May, 2021, Pages: 52, Price Rs. 7.00



જીવન જ્યારે જાય સુકાઈ,
કરુણાની ધારાએ આવો,
સકલ માધુરી જાય છુપાઈ,
ગીત સુધારસે આવો...

# સશક્ત, સમૃધ્ધ ઝાલાવાડી સ્થા. જૈન સભાની વિકાસગાથા

## પ્રમુખ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી વૃજલાલ ખીમચંદ શાહ | ૧૯૩૬ થી ૧૯૪૯ |
| ૨ | શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ | ૧૯૪૯ થી ૧૯૮૨ |
| ૩ | શ્રી કેશવલાલ મગનલાલ શાહ | ૧૯૮૨ થી ૧૯૯૦ |
| ૪ | શ્રી સી. યુ. શાહ | ૧૯૯૦ થી ૨૦૧૩ |
| ૫ | શ્રી ગુણવંતરાય દીપચંદ શાહ | ૨૦૧૩ થી ... |



લોનાવલા



પંચગીની

## ઉપ પ્રમુખ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી દીપચંદ ગોપાલજી દોઢીવાળા | ૧૯૩૬ થી ૧૯૪૯ |
| ૨ | શ્રી ટી. જી. શાહ | ૧૯૪૯ થી ૧૯૫૨ |
| ૩ | શ્રી ગોકળદાસ શીવલાલ અજમેરા | ૧૯૫૨ થી ૧૯૬૪ |
| ૪ | શ્રી રમણીકલાલ કસ્તુરચંદ કોઠારી | ૧૯૬૪ થી ૧૯૬૭ |
| | | ૧૯૬૯ થી ૧૯૮૩ |
| ૫ | શ્રી ભોગીલાલ રાયચંદ તુરખીયા | ૧૯૬૭ થી ૧૯૬૯ |
| ૬ | શ્રી સી. યુ. શાહ | ૧૯૮૩ થી ૧૯૯૦ |
| ૭ | શ્રી કાંતિલાલ લક્ષ્મીચંદ વોરા | ૧૯૯૦ થી ૧૯૯૯ |
| ૮ | શ્રી ગુણવંતરાય દીપચંદ શાહ | ૧૯૯૯ થી ૨૦૧૪ |
| ૯ | શ્રી પ્રવીણચંદ્ર ગંભીરચંદ શાહ | ૨૦૧૪ થી ... |

## ઝાલાવાડ





દેવલાલી



માથેરાન



સુરેન્દ્રનગર




ગર્લ્સ હોસ્ટેલ, નાલાસોપારા

## માસિક પ્રત્રિકાના તંત્રીઓ

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ખીમચંદ મગનલાલ વોરા | ૧૯૫૫ થી ૧૯૭૬ |
| ૨ | શ્રી કેશવલાલ મગનલાલ શાહ | ૧૯૫૫ થી ૧૯૮૦ |
| ૩ | શ્રી રમણલાલ વીરચંદ શેઠ | ૧૯૭૬ થી ૧૯૯૯ |
| ૪ | શ્રી કાંતિલાલ હરિલાલ વકીલ | ૧૯૭૭ થી ૧૯૯૯ |
| ૫ | સુશ્રી સંધ્યાબેન બિપિનભાઈ શાહ | ૧૯૯૭ થી..... |



શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

મે ૨૦૨૧
વર્ષ : ૬૮ : : અંક : ૨
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ

: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો. : ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૪૦૦૩૨૪૯૬
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણ વર્ષના રૂપિયા ૪૦૦/–

છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦


*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*

## તંત્રી સ્થાનેથી....✍

**'કોણ કરશે કામ મારું, પૂછે સાયં રવિ**
**સાંભળી જગત સ્તબ્ધ, નિરુત્તર છવિ**
**માટીનું કોડિયું ત્યારે બોલ્યું, શીશ નામી,**
**મારી જે કંઈ શક્તિ-પહોંચ તે કરીશ હું સ્વામી'**



**–રવીન્દ્રનાથ ટાગોર**

કોવિડ મહામારીના આ બીજા તબક્કામાં આપણે વધુ ને વધુ અસહાયતાનો અનુભવ કરી રહ્યા છીએ. કોરોનામાં સપડાયેલા, હૉસ્પિટલમાં દાખલ થવા ટળવળતા દર્દીઓ, એડમિશન મળી જાય તો રેમડેસિવિર ને ઓક્સિજનની શોધમાં ચારેકોર દોડતા સ્વજનો, હોસ્પિટલના આઈ.સી.યુ. માં આગ લાગતા પ્રાણ ગુમાવી દેતા પીડિતો, સ્મશાનની બહાર અગ્નિસંસ્કાર કરવા માટે પણ કલાકો સુધી રાહ જોતા લાચારી અનુભવતા લોકો... આંખો ભરાઈ આવે છે.

રોજ સવાર પડે ને કોઈ ને કોઈ પરિચિત કે આત્મીયજનને ગુમાવ્યાનો સંદેશ, હોસ્પિટલમાં લાગેલી આગમાં બળી ગયેલા દર્દીઓની તસવીરો, દિવસભર સંભળાતી એમ્બ્યુલન્સની સાઈરનો ને બીજી બાજુએ કુંભમેળામાં દસ લાખ સાધુઓના શાહી સ્નાન, ચૂંટણીની વરવી રેલીઓ, દવા ને ઓક્સિજનને મામલે પણ રમાતી રાજકારણની મેલી રમતો.. મન ક્ષુબ્ધ થઈ જાય છે.

જૈન દર્શનનો - આમ તો જગતના તમામ ધર્મોએ આપેલો સંદેશ બહુ મોંઘી કિંમત ચૂકવીને સમજાઈ રહ્યો છેઃ 'લાખ્ખો રૂપિયા આપીને પણ જીવનની એક પળ પણ વધારી શકાતી નથી..' 'મૃત્યુના વિકરાળ પંજામાંથી કોઈ બચી શકતું નથી.' 'આપણું સઘળું.. અહીં જ મૂકીને કોઈ પણ પળે ચાલ્યા જવાનું છે.'

નિરાશાના ઘોર અંધકારમાં પોતાની સંપત્તિનું દાન કરી ઉદ્યોગગૃહોને કોવિડ સેન્ટરમાં કે ઓક્સિજન પ્લાન્ટમાં પરિવર્તિત કરતા ઉદ્યોગપતિઓ, ઓક્સિજન વગર ટળવળીને મૃત્યુ પામેલા સ્વજનથી આઘાત પામીને પોતાની ૨૨ લાખની ગાડી વેચીને દર્દીઓને ઓક્સિજન પહોંચાડતો કોઈ યુવાન, મૃત્યુ પામેલા કોવિડના દર્દીઓની લાશને સ્મશાને પહોંચાડતા સમાજસેવકો, દિવસરાત દર્દીઓની સેવા કરતા સ્વાસ્થ્યકર્મીઓ અને પોતાની કથળતી તબિયતમાં પણ પોતાને મળેલી હોસ્પિટલની પથારી કોઈ યુવાનને આપી મૃત્યુને વહાલું કરતા વડીલને જોઈને આશાનું કિરણ જાગે છે.

આ કપરા સમયે મનીષી કવિ રવીન્દ્રનાથ ટાગોરની પ્રસ્તુત પંક્તિઓ પથદર્શક બની રહે તેમ છે. આપણે સૂરજ ન બની શકીએ તો કાંઈ નહીં, રિલાયન્સની જેમ ૧૦૦૦ બેડની હોસ્પિટલ ઊભી ન કરી શકીએ તો કાંઈ નહીં, પણ આપણી શક્તિ મુજબ અન્યને મદદરૂપ તો થઈએ જ થઈએ....

અસ્તુ...

**–સંધ્યા શાહ**

વૃંદાવનમાં બાંકેબિહારીજીના મંદિરમાં એક બાબા વર્ષોથી સેવા કરે. વહેલી સવારે ફૂલ વીણે, માળા બનાવે અને ભાવપૂર્વક નામસ્મરણ કરતાં કરતાં બાંકેબિહારીજીને અર્પણ કરે. વર્ષો વીત્યાં પણ બાબાને કઈ અનુભૂતિ ન થાય. 'કૃષ્ણ કૃષ્ણ'નું રટણ કરતાંકરતાં પ્રેમાશ્રુથી ભીંજાઈ જાય. જીવનની સંધ્યા વીતવા આવી, પણ કૃષ્ણના દર્શન તો ઠીક, ઝાંખી પણ ન મળે કે ન સંભળાય બંસીનો નાદ. બાબાને ગુસ્સો આવતો. આ નિષ્ઠુરને મારી પડી નથી. ભક્તોના ગુસ્સાની ભગવાન ઉપર કેવી અસર થાય છે તે તો અનુમાનનો વિષય છે. અંતે બાબાએ નક્કી કર્યું કે અબ મૈં બરસાના જાઉંગા, બધા મા મુઝે ગોદ બિઠાએગી, અબ તો બસ રાધે-રાધે. બાબાએ સામાન બાંધ્યો અને બાબા બરસાનાને રસ્તે, વચમાં વન આવે છે. બાબા તો ખીજમાં વ્રજ છોડીને જતા હતા. બાબાને લાગ્યું કે તેને કોઈ બોલાવે છે. એટલે તેમણે પાછળ જોયું તો એક ૧૦-૧૧ વર્ષનો શ્યામ કિશોર, મોરપીંછ અને ભેટમાં વાંસળી, તેની આસપાસ ગાયોનું ધણ, બાબા ઊભા રહ્યા. વ્રજ છોડવાનું દુઃખ, કૃષ્ણએ તેની સેવા સ્વીકારી દર્શન ન દીધાનું દુઃખ અને વસવસો, થોડો ગુસ્સો, બાબાએ બહુ ધ્યાન ન આપ્યું. પેલો કિશોર નજીક આવી બાબાને કહે, 'બાબા, તું બ્રજ છોડ કાહે જાત હૈ ? તોકો કા હુઓ ?' બાબાએ આપવીતી સંભળાવીને કહ્યું કે 'અબ તો બરસાને જાઉંગો, વહાં રાધાજી મેરો સ્વીકાર કરેગી, મોં કો બ્રજ મેં નાહી રહનો.' આમ કહી બાબા ચાલવા માંડ્યાં. બાળકે જોયું કે આ તો બરોબર રિસાણો છે. હવે આને મનાવવો કેમ ? બાબાની અવગણનાથી બાળકને લાગી આવ્યું. ભક્ત ભગવાનની ઉપેક્ષા કરે, તે કેમ સહન થાય ? તેણે બાબા સાથે આખી જિંદગી રમત કરી, તો તે લીલા. પણ હવે પડદો હટાવેછૂટકો. બાળકે હળવે રહી બાબાની નજીક જઈ કહ્યું, 'બાબા, તૂ જા તો રહ્યો હૈ, અબ મેરી ફૂલ કી સેવા કૌન કરેગો ?' બાબાના કાન ચમક્યા. પાછું વળી જુએ, તો કોઈ ન મળે, ન બાળક, કે ન ગાયોનું



ધણ. બાબા રડી પડ્યા અને ત્યાં જ બેસી ગયા. વિલાપ કરવા લાગ્યા. 'ઈતને અર્સે કે બાદ મિલ્યો, તો મોં તોકો પહચાન ન સક્યો, પર તૂ ભી સૈતાની કરન સે બાજ ન આયો, અબ મૈં યહાં સે ન ઊઠું. તૂ આ ઔર મોકો બાંકેબિહારી લે ચલ, તબ હી જાઉં.' બાબાએ વનમાં જ ધામો નાખ્યો. આ તરફ નિકુંજમાં અનંત રાસમાં વિક્ષેપ પડ્યો, રાધાજી રિસાણાં, કૃષ્ણ તેમને મનાવવાં પ્રયત્નો કરે, પણ કેમે ન માને. કૃષ્ણ પગે પડ્યા, વિનવ્યા કે કારણ તો કહે મારી શું ભૂલ થઈ ? પ્રેમમય, કરુણામય, વાત્સલ્યમૂર્તિ, સંતાનો પર કૃપા કરી પ્રેમ વરસાવવા સદા આતુર રાધાજી બોલ્યાં, 'તૂ કારો, તેરો મન ભી કારો, જા પહલે ઉ બાબા કો દર્શન દે, ઉસે ન બ્રજ મેં રહને દિયો, ન બરસાને જાને દિયો, રાહ પે બીઠા રખ્યો, ઉ કો દર્શન દે, બાદ મેં આ.' કોણ ચડે, ભક્ત કે ભગવાન ?

જિંદગી ની 'સફર' માં અનેક લોકો મળે છે
કોઈ આપણો 'ફાયદો' ઉઠાવે છે
કોઈ આપણને 'આધાર' આપે છે
ફરક એટલો જ છે કે
ફાયદો લેનારો 'મગજ' માં રહે છે
અને 'આધાર' આપનારો
હૃદયમાં બિરાજે છે



એક શિષ્યએ ભગવાન મહાવીર સ્વામીને પૂછ્યું.

'પ્રભુ ! મનુષ્યના અધઃપતનનું કારણ શું છે ? આત્માના ઉદ્ધાર માટે, મુક્તિ માટે શું કરવું ઘટે ?'

ભગવાને સામો પ્રશ્ન કર્યો. 'જો કોઈ કમંડળ ભારે હોય. તેમાં જળ ન ભર્યું હોય, તો ખાલી કમંડળ નદીમાં ડૂબી જાય કે તરે ?'

શિષ્યએ કહ્યું : 'તરે.'

ભગવાને કહ્યું : 'તેમાં જમણી તરફ છિદ્ર થાય તો... ?'

શિષ્ય કહે, 'જમણી તરફ થાય કે ડાબી તરફ.. તે અવશ્ય ડૂબી જાય.'

ભગવાને કહ્યું : 'બસ... તો જાણી લ્યો કે માનવ-જીવન પણ કમંડળની જેવું જ છે. જો તેમાં દુર્ગુણરૂપી છિદ્ર થાય એટલે તે ડૂબી જાય. ક્રોધ, લોભ, મોહ, અહંકાર, આ બધાં છિદ્રો છે. તે મનુષ્યને ડુબાડીને રહે છે. આમાંથી કોઈ એક પણ પ્રવેશ્યું તો ભવનો ફેરો ફોગટ થાય છે. એટલે આપણે સતત જાગ્રત રહીને, સાધના કરીને... જીવનરૂપી કમંડળમાં કોઈ છિદ્ર ન થાય તેનું ધ્યાન રાખવાનું છે... આકરું છે પણ અશક્ય નથી. આટલું થયું એટલે મુક્તિ નક્કી જ છે.

# તપ, ત્યાગ, તિતિક્ષાની શ્રેષ્ઠ આરાધના વરસીતપ

□ મિતેશભાઈ એ. શાહ

'શ્રી તત્ત્વાર્થ સૂત્ર'માં કહ્યું છે, 'તપસા નિર્ઝરા ચ' અર્થાત્ તપ કરવાથી કર્મોનો સંવર (કર્મોનું આત્મા તરફ આવતા અટકી જવું) અને નિર્જરા (કર્મોનું એકદેશપણે આત્મામાંથી ખરી પડવું) થાય છે. कर्मक्षयार्थम् तप्यतः इति तपः ? અર્થાત્ કર્મક્ષયાર્થે આત્માને તપાવવો તેનું નામ તપ.

**જૈન દર્શનમાં તપનો મહિમા**

જૈન દર્શનમાં તપનો અનેરો મહિમા ગાવામાં આવ્યો છે. તપનાં બાર પ્રકાર છે. અનશન, ઊણોદરી, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્ત શય્યાસન અને કાયક્લેશ- આ છ બાહ્ય તપ છે, જ્યારે પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ (સેવા), સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન- આ છ અંતરંગ તપ છે. બાહ્યતપ, અંતરંગ તપમાં સહાયકારી છે. જૈન લોકો ઉપધાનતપ, વર્ષમાનતપ અને વરસીતપ જેવા અનેક તપ કરે છે. જૈન ધર્મમાં વરસીતપનું અનોખું મહત્ત્વ છે. જેના પ્રેરક શ્રીઋષભદેવ ભગવાન છે.

**વરસીતપનો પ્રારંભ ક્યારથી થયો ?**

વરસીતપનો પ્રારંભ ક્યારથી અને કયા પ્રસંગથી થયો તે અંગે જાણીએ.

આજથી અસંખ્યાત વર્ષ પહેલાં અવસર્પિણીના તૃતીય કાળના અંતમાં અયોધ્યામાં રાજા નાભિરાયને ત્યાં જૈન ધર્મના પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવ (આદિનાથ)નો જન્મ થયો હતો. વર્તમાન હુંડાવસર્પિણી કાળના જૈન ધર્મના તેઓ પ્રથમ ઉપદેશક હતા. તેમણે લોકોને પોતાની આજીવિકા અર્થે ષટ્કર્મો (અસિ, મસિ, કૃષિ, વાણિજ્ય, શિલ્પ, વિદ્યા) કરવાનો ઉપદેશ આપ્યો હતો. તેમની બે રાણીઓ હતી, યશસ્વતી અને સુનંદા. યશસ્વતીના ભરત વગેરે સો પુત્રો અને બ્રાહ્મી નામની પુત્રી હતી. સુનંદાને બાહુબલિ નામે પુત્ર



અને સુંદરી નામે પુત્રી હતી. ઋષભદેવ ભગવાને બ્રાહ્મીને લિપિ વિદ્યા (અ. આ, ઈ આદિ વર્ણ) તથા સુંદરીને અંકવિદ્યા શીખડાવી અને પુત્રોને વિભિન્ન પ્રકારની વિદ્યાઓ તથા કલાઓમાં પારંગત બનાવ્યા.

શ્રીઋષભદેવને રાજવૈભવમાં ૮૩ લાખ પૂર્વ વર્ષો વીતી ગયાં. એક દિવસ તેમનો જન્મદિવસ આનંદથી ઉજવાઈ રહ્યો હતો. નીલાંજના નામની અપ્સરા ઋષભદેવને પ્રસન્ન કરવા નૃત્ય કરતી હતી. તે દરમિયાન તેનું આયુષ્ય પૂર્ણ થતાં ક્ષણભરમાં તે અદૃશ્ય થઈ ગઈ. રંગમાં ભંગ ન થાય તે માટે ઈન્દ્રે એના જેવી બીજી દેવીને ગોઠવી દીધી, પરંતુ પ્રભુ તે જાણી ગયા અને સંસારની અનિત્યતા જાણી વૈરાગ્યની બાર ભાવનાઓનું ચિંતન કરવા લાગ્યા. લોકાંતિક દેવોએ આવીને ભગવાનના વૈરાગ્યની અનુમોદના કરી. ઈન્દ્ર દ્વારા શણગારાયેલી સુદર્શન નામની પાલખી પર પ્રભુ આરૂઢ થયા. સિદ્ધાર્થ નામના વનમાં તેમણે વસ્ત્ર, આભૂષણ આદિ સર્વ પરિગ્રહનો ત્યાગ કરી, સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરી તેમ જ પંચમુષ્ટિ લોચ કરી ફાગણ વદ આઠમના દિવસે દીક્ષા ધારણ કરી. શ્રીઋષભદેવ સાથે ચાર હજાર જેટલા રાજાઓએ પણ દીક્ષા ધારણ કરી.

દીક્ષા લીધા બાદ શ્રીઋષભદેવને છ માસનો ધ્યાન યોગ પૂર્ણ થયો. સંયમની સ્થિતિ અર્થે નિર્દોષ આહાર લેવાની વિધિને પ્રસિદ્ધ કરવા નિર્દોષ આહારની પ્રવૃત્તિ અર્થે પ્રભુ વિહાર કરવા લાગ્યા. આહારની વિધિથી લોકો અજ્ઞાત હોવાથી હાથી, રથ, વસ્ત્રાભૂષણ, રત્નો તથા ખાવાપીવાની સામગ્રી ભગવાનને અર્પણ કરવા લાગ્યા. આ પ્રમાણે અનેક નગરમાં વિહાર કરતાં-કરતાં બીજા છ મહિના જેટલો સમય વીતી ગયો.

એક દિવસ ભગવાન હસ્તિનાપુર નગરમાં આવી પહોંચ્યા. ત્યાંના રાજા સોમપ્રભ હતા. તેમના નાના ભાઈ શ્રેયાંસકુમાર હતા. શ્રેયાંસકુમારે પરોઢિયે મંગલ આગાહીસૂચક સાત ઉત્તમ સ્વપ્નો જોયાં. તેથી શ્રેયાંસકુમારનું ચિત્ત ઘણું પ્રસન્ન થયું. હસ્તિનાપુર નગરજનોનાં ટોળેટોળાં પ્રભુના દર્શન કરવા ઊમટ્યા. આખી નગરીમાં હર્ષોલ્લાસ છવાઈ ગયો. દ્વારપાળે રાજા સોમપ્રભ અને શ્રેયાંસકુમારને વધામણી આપી કે ઋષભદેવ આપણા આંગણામાં પધારી રહ્યા છે. આ સાંભળતાં જ તેમણે દૂરથી ભગવાનનાં ચરણોમાં નમસ્કાર કર્યા. ભગવાન પધારતાં જ સન્માનપૂર્વક પાદપ્રક્ષાલન કરીને અર્ઘ વડે પૂજન કર્યું અને પ્રદક્ષિણા કરી, ભગવાનના દર્શનથી તેઓ રોમાંચિત, ઉલ્લાસિત થયા.

**ભગવાન ઋષભદેવને ઈક્ષુરસનું આહારદાન**

ભગવાનનું રૂપ દેખતાં જ શ્રેયાંસકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેમને સ્મરણમાં આવ્યું કે પૂર્વે આઠમા ભવમાં જ્યારે ભગવાન વિદેહક્ષેત્રની પુંડરીકિણી નગરીમાં વજ્રજંઘ રાજા હતા ત્યારે હું તેમની શ્રીમતી નામની રાણી હતી અને ત્યારે ભગવાનની સાથે મેં બે ચારણમુનિઓને ભક્તિથી આહારદાન દીધું હતું. વિશુદ્ધતા સહિત મુનિવરોને દાન દેવાનો પ્રસંગ

મહાન ભાગ્યથી પ્રાપ્ત થાય છે. પૂર્વભવના સંસ્કારોને લીધે શ્રેયાંસકુમારને ભગવાનને આહારદાન દેવાનું જ્ઞાન પ્રગટ્યું. તેમણે ઋષભદેવને ઈક્ષુરસ (શેરડીના રસ) વડે આહારદાન કર્યું. આ રીતે ઋષભ-મુનિરાજને આહારદાન કરીને શ્રેયાંસકુમારે દાનતીર્થની શરૂઆત કરી. તેમણે નવ પ્રકારની ભક્તિ અને શ્રદ્ધા વગેરે સાત ગુણો સહિત દાન દીધું હતું. અતિશય ઇષ્ટ તથા સર્વોત્તમ પાત્ર એવા ભગવાનને શ્રેયાંસકુમારે પ્રાસુક આહારનું દાન આપ્યું. શ્રીઋષભદેવ ઊભા ઊભા પોતાના હાથમાં (કરપાત્ર)માં જ ભોજન કરતા હતા. મોક્ષમાર્ગને સાધનારા ભગવાનના બે હાથની અંજલિમાં શ્રેયાંસકુમારે શેરડીના પ્રાસુક રસનું દાન દીધું એ દિવસ હતો, વૈશાખ સુદ ત્રીજ. (અક્ષયતૃતીયા).

જ્યારે શ્રેયાંસકુમારે આહારદાન આપ્યું ત્યારે આકાશમાંથી દેવો રત્નવૃષ્ટિ, પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા, દેવોનાં વાજાં ગંભીર નાદથી ગાજવા લાગ્યા, દેવો હર્ષિત થઈને 'ધન્ય દાન, ધન્ય પાત્ર, ધન્ય દાતા' એવી આકાશવાણી કરવા લાગ્યા.

ભગવાનને આહારદાન કરીને બંને ભાઈઓ પરમ હર્ષથી પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા. ભગવાન ઋષભદેવને પારણું કરાવવાથી શ્રેયાંસકુમારનો યશ સમસ્ત જગતમાં પ્રસરી ગયો. મુનિને દાન દેવાની વિધિ સૌ પ્રથમ શ્રેયાંસકુમારે જાણી હતી ને ત્યારથી દાનમાર્ગ શરૂ થયો. દાનના મુખ્ય ચાર પ્રકાર છે, આહારદાન, ઔષધદાન, શાસ્ત્રદાન અને અભયદાન. ઉત્તમ મુનિરાજને આપવામાં આવેલું આહારદાન મોક્ષનું કારણ થાય છે.

ભગવાનના આ પ્રસંગમાંથી પ્રેરણા લઈને વરસીતપ કરવામાં આવે છે. ભગવાન ઋષભદેવના દીક્ષા કલ્યાણક દિન (ફાગણ વદ આઠમ)થી શરૂ કરીને વૈશાખ સુદ ત્રીજ, એમ લગભગ એક વર્ષ સુધી આ તપ (વરસીતપ) કરવામાં આવે છે. ✸✸✸

# પરમતારક પરમકૃપાળુ પરમાત્માની ઉપર સતત વિશ્વાસ

દર વર્ષે એક છોકરાને તેના માતાપિતા તેને ઉનાળાના વેકેશન માટે તેના દાદીના ઘરે લઈ જતા હતા, અને બે અઠવાડિયા પછી તે જ ટ્રેનમાં ઘરે પાછા ફરતા હતા.



એક દિવસ છોકરો તેના માતાપિતાને કહે છેઃ ''હું હવે મોટો થયો છું, જો તમે મને આ વર્ષે એકલો દાદીના ઘરે જવા દો તો ? થોડીક ચર્ચા પછી તેના માતાપિતા થોડાક સુચનો અને સલાહ સાથે સંમત થાય છે. ત્યાર બાદ રેલવે સ્ટેશન પર તેને શુભેચ્છા પાઠવે છે,અને બારીમાંથી એક ફરીવાર બધી સૂચના યાદ અપાવે છે.

છોકરો કહે છે ! 'હું જાણું છું, આ બધી સૂચના તમે મને ઘણી વાર કહી છે. ...! '

ટ્રેન નીકળવાની છે અને પિતા છેલ્લે બારી માંથી તેને બોલાવે છે અને કહે છે.

''મારા પુત્ર, જો તને અચાનક બીક લાગે છે અથવા ડર લાગે છે, તો આ પત્ર તારા માટે છે ! ......''

અને તે પત્ર તેના છોકરાના ખિસ્સામાં નાખી દે છે.

હવે છોકરો એકલો છે, ટ્રેનમાં બેઠો છે, તેના માતાપિતા વિના, પહેલીવાર ..

તે ટ્રેન ની બારી માંથી બહાર નાં દૃશ્યો જુએ છે અને તેની આસપાસ અજાણ્યા લોકો દોડધામ કરે છે, અવાજ કરે છે, કમ્પાર્ટમેન્ટમાં પ્રવેશ કરે છે અને બહાર નીકળી જાય છે.

હવે તને અનુભૂતિ થાય છે કે તે એકલો છે. એક વ્યક્તિ તેની સામે ઉદાસ ચહેરે બેઠી છે. આ બધું જોઇ આ છોકરો વધુ અસ્વસ્થતા અને બેચેની અનુભવે છે અને હવે તે ડરી ગયો છે. તે માથું નીચું કરે છે, સીટના ખૂણામાં જઈ ઉંઘવાનો પ્રયત્ન કરે છે ,પરંતુ બીકના કારણે ઊંઘી શક્તો નથી., તે યાદ કરે છે કે જ્યારે ટ્રેન ઉપડી ત્યારે તેના પિતાએ તેના ખિસ્સામાં કંઈક મૂકી રહ્યા હતા.

ગભરાટને કારણે ધ્રૂજતા હાથથી તે કાગળનો આ ટુકડો ખોલવાનો પ્રયત્ન કરે છે, તે ખોલે છેઃ

તે તેમાં લખેલા લખાણને વાંચે છે.

'દીકરા, ચિંતા ન કર, હું તારી સાથે આજ ટ્રેનના તારી પાછળના ડબ્બામાં જ છું' ...

મિત્રો, જીવનમાં પણ આ જ રીતે છે... ?

જ્યારે ભગવાન આપણને આ દુનિયામાં મોકલતા હતા, તે વખતે તેમના સ્વયં દ્વારા, તેમણે આપણને એક પત્ર આપ્યો છે તેમાં લખેલ છે.

ઉદાસ ન થશો, હું તમારી સાથે જ છું. હું તમારી સાથે મુસાફરી કરું છું, ફક્ત મને દિલથી યાદ કરો.

મિત્રો તેથી ગભરાશો નહીં, હતાશ થશો નહીં, બહારની અને અત્યાર ની પરિસ્થિતિ તમારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને અસર કરશે.

તેથી ભગવાન ઉપર વિશ્વાસ રાખો, તે સદાય આપણી સાથે હંમેશાં છે, આપણી આખી જીવનની મુસાફરી દરમિયાન.

✸✸✸



# રણકતી ઘંટડી

□ દક્ષા પટેલ

વહેલી સવારે આંખ હજુ ખૂલી ન ખૂલી ને પ્રભાતફેરી કરતા પંડિતજીનાં ભજન સંભળાયાં. હું સ્વપ્નમાં સાંભળી રહી છું કે વાસ્તવમાં, તે નક્કી થાય તે પહેલાં જ તેમનો અને ઘંટનો દૂર સરતો અવાજ મને દૂર ખેંચી જાય છે.

'અંજુ, ઊઠ બેટા.' કહી મમ્મી મને ઉઠાડે છે. ત્યાં દાદીની આરતીની ઘંટડી સંભળાઈ ને હું ઊઠીને દાદી પાસે પહોંચી, ઘંટડી વગાડવા લાગી. આરતી પૂરી થઈ ગઈ છતાં ઘંટડી વગાડ્યા જ કરું છું. આ જોઈ દાદી બોલ્યાં, 'બેટા તું જ મારી રૂપાળી ઘંટડી છે. તારા મીઠા બોલ સાંભળી મારો વા'લો પણ ખુશ ખુશ થઈ જાય છે.' મને કંઈ સમજણ પડે નહિ છતાં વધુ ખુશ થઈ નાચતાં નાચતાં ઘંટડી વગાડું. દાદા-દાદી ને મમ્મી-પપ્પા મારો ખેલ જોઈ ખુશ થઈ જાય.

પછી તો શાકભાજીવાળાની, ચણા-મમરાવાળાની, બરફના ગોળાવાળાની ને ટેલિફોનની ઘંટડી સાંભળીને તાલીઓ પાડવા લાગી. દૂરથી સંભળાતો હાથીના ગળાનો ઘંટ, ગાયના ગળે લટકતી ઘંટડી ને ગાડું ખેંચતા બળદની કોટના ઘૂઘરા બધાને ઓળખી લેતી. મમ્મીને કહેતી, 'રોટલી આપો, ગાય આવે છે. પૈસા આપો હાથીભાઈ આવે છે.' ગાયને રોટલી ખવડાવી આવું એટલે દાદી સંતોષથી મારા માથે હાથ ફેરવે. બાજુવાળા સંતોકબાને પૂજાનાં ફૂલ વીણી આપું એટલે એક ફૂલ મારા ચોટલે નાખી કહે, 'ફૂલ જેવી મીઠી છે તું.' આંગણમાં વાવેલા છોડ જેમ હું પણ વધવા લાગી. સરસ કપડાં પહેરાવી, તૈયાર કરી, ભગવાનને પગે લગાડી મને બાલમંદિરમાં ભણવા બેસાડી. એકડો ઘૂંટતા ઘૂંટતા અઘરા દાખલાય કરતી થઈ ગઈ. હાઈસ્કૂલ પૂરી કરી કૉલેજમાં ઘંટ સાંભળવાનું ગમવા લાગ્યું. દાદીની મંદિરની આરતી કરી નજીકના મંદિરે પણ જવા લાગી.

એકવાર આરતીના સમય કરતાં વહેલી મંદિરે પહોંચી ગઈ. બાજુ પર બેસી આસપાસ જોવા લાગી. તાલબદ્ધ રીતે વગાડાયેલા ઘંટના રણકાએ મારું ધ્યાન ખેંચ્યું. દરરોજ મનફાવે તેમ વગાડતા ઘંટના અવાજની સાથે જ જુદો રણકો પડઘાયો. જોયું તો એક યુવક ભગવાનને પગે લાગી પાછો વળતો હતો. અજાણતા જ મારા મનમાં હજારો ઘંટડીઓ રણકી ઊઠી. ઘરે આવી પણ મન ક્યાંય લાગ્યું નહી. પંચધાતુનો ઘંટ વગાડી તેવો અવાજ કાઢવા મથામણ કરી. આખી રાત ટાવરના ડંકા ગણ્યા કહી ને નવરાત્રિના ઢોલ ઢમકતા રહ્યા. છેક પરોઢિયે આંખ મિંચાઈ. પૂજાની ઘંટડી વાગતાં જ ઊઠી, ડોરબેલ , ટેલિફોનની, દૂધવાળાની, કૉલેજ શરૂ થવા ને છૂટવાની, બસ ઊભા રહેવાની ને ઉપડવાની એમ કઈ કેટલીય ઘંટડીઓ મહાપરાણે સાંભળ્યા કરી. સાંજ પડતાં જ પહોંચી મંદિરે. પેલો યુવક પગે લાગી પાછો વળતો હતો. ક્ષણ માટે આંખ મળી. બસ ઘણા દિવસ આમ જ ચાલ્યા કર્યું.

એક સવારે છાપું વાંચતાં મારા પપ્પા બોલ્યા, 'અંજુ બેટા, પંચધાતુ, તાંબા ને પિત્તળની કલાત્મક વસ્તુઓનું પ્રદર્શન વેચાણની જાહેરાત છે. તો જતી આવજે.' સાંજે જ પ્રદર્શનમાં ગઈ. પહોંચી સીધી ઘંટ વિભાગ પર. જાત જાતની ધાતુના, નાના ને મોટા ઘંટ હતા. વળી મોર, પોપટ, હાથી, ફૂલ, ૐ વગેરે આકારના હાથવાળા ઘંટ, તેની કોરે સુંદર ઝીણી કોતરણી ને વચમાં સુંદર કલાકારીગીરી. આ જોઈ આભી જ બની ગઈ. એક પછી એક ઘંટ-ઘંટડી વગાડીને જોવા લાગી. એમ કરતાં એક ઘંટ પર અમારા બે જણના હાથ ટકરાયા. અમે બંનેએ એકબીજાંને ઓળખ્યાં, નામ પૂછ્યાં ને પછી ઘંટ, ઘંટની બનાવટ, તેમાં વપરાયેલી ધાતુ, તેની ઉત્પત્તિનાં કારણો ને તે વિષે રસપૂર્વક હોંશથી વાતે વળગ્યાં, છૂટા પડતાં એકમેકને મનગમતો ઘંટ ભેટ આપ્યો. તેને મેં ભણવાના ટેબલ પર મૂક્યો. અકારણ ઘંટ વગાડતી ને તેની પર હાથ ફેરવતી. તે જોઈ દાદીએ પપ્પાને કહ્યું, 'અંજુ હવે મોટી થઈ છે. મારી રૂપાળી ઘંટડી જેવી અંજુ માટે સારું ઠેકાણું શોધી કાઢો.' પછી તે યુવક - સંજય સાથે ધામધૂમથી મારા લગ્ન થયાં. અમારા પ્રસંગ દામ્પત્યની ઘંટડીઓ બારી-બારણાના પડદે, હીંચકાના સળિયે ને કાચની બંગડીઓમાં રણકવા લાગી.

ખુલ્લી બારીનો પડદો પવનથી ઊંચકાયો, ઘંટડીઓ વાગી ઊઠીને હું ઝબકીને બોલી ઊઠી, 'ઓહ ! હું તો ક્યાં પહોંચી ગઈ ?' ઝડપથી રોજિંદા કામમાં લાગી ગઈ. સંજય માટે ટિફિન બનાવી, બા-બાપુજીને જમાડી, ઘર અવેરી, રસોડું સાફ કરી પછી કૉલેજ જવાનું. બધું પરવારી, થાળી પીરસી, જમવા બેઠી જ હતી ને બાજુવાળાં માણેકબા આવ્યાં, એવાં જ બોલ્યાં, 'લો સવિતાબેન તમારે તો બધું કામ પતી ગયું. વહુ કૉલેજ ભણાવવાય ચાલી.' મેં હાજી પૂરાવી એટલે બોલ્યા, 'ભઈ, તમારે છોકરું છયું નહિ એટલે શી વાર લાગે ! મારે ઘેર તો બે મજાનાં રમકડાં છે, તે કામનો પાર ક્યાંથી આવે ?' આ સાંભળી મન ભરાઈ આવ્યું. લગ્નનાં છ વરસ પછીયે મંદિર સાવ શાંત છે. આખો દિવસ ક્યાંય જીવ લાગ્યો નહીં.

સાંજે હીંચકે બેઠી. હીંચકાની એકેય ઘંટડી વાગી ન ઊઠે તેની કાળજી રાખી. પણ સંજય આવ્યા ને જોરથી મારી પાસે બેઠા, ઘંટડીઓ રણકી ઊઠી. હું ગુસ્સામાં ઊભી થઈ. બધી જ ઘંટડીઓ ઉતારી લીધી. સંજયે બધી જ ખૂબ વહાલથી લઈ લીધી. બાજુના ઝાડ પર માળો બાંધવા દોડાદોડ કરતાં ચકોચકી મને બતાવી, ઘરમાંથી કેરીના ટોપલાનું ઘાસ બહાર મૂક્યું.

ચકોચકી ખુશ થઈ ચીંચીં કરવા લાગ્યા. ઝાડ પરથી ખિસકોલી દોડતી આવીને ઘાસનું તણખલું ખેંચી ગઈ.

હવે મને પંખીઓ ગમવા લાગ્યા. સુથાર બોલાવી પંખીનાં ઘર બનાવડાવ્યાં, તેને રંગ્યા ને ઝાડ પર લટકાવ્યા. માટીના થાળીવાટકા રંગીને પાળી પર મૂક્યા. રોજ જ રાંધેલો ખોરાક મૂકું છું. ચકલી, કાગડો, કોયલ, બેબલર, બુલબુલ, દૈયડ, કાબર, હોલો, કબૂતર, ખિસકોલી, એમ બધાંય આવે. ક્યારેક ખાવાનું મૂકતાં મોડું થાય તો રસોડાની બારી પર ચાંચથી ટકોરા મારે, જો બારી ખુલ્લી હોય તો અંદર આવી મીઠો અવાજ કરે. જ્યારે ભાત, રોટલીના ઝીણા ટુકડા ને સાથે બટાકાનું શાક મૂકું ત્યારે રીતસરની ઉજાણી થાય. બધાં પંખી ભેગાં થઈ આપણી જેમ જ કોલાહલ ને કલબલાટ કરી મૂકે. આસપાસ વેરે પણ ખરા. પાણી પીવાની ઝપાઝપીમાં પાણીનો વાટકો જ ઊંધો વાળી દે. કૂતરી પણ ગલૂડિયાંની ફોજ લઈ રસોડાના બારણે ગોઠવાઈ જાય. ઘેટાબકરાં ને ગાયભેંસ માટે પાણીની કૂંડી રોજ ભરાય ને ખાલી થાય. હવે ઝાડ પર લટકાવેલાં પંખીનાં ઘર ભરાઈ ગયાં. મેં બાલ્કનીમાંથી એક માળામાં જોયું તો કાગડીના પડખામાંનું બચ્ચું કોયલના બોલ બોલતું હતું. આસપાસનાં બાળકો પણ પંખીનાં, કૂતરાનાં ને ખિસકોલીનાં બચ્ચાં જોવા ભેગાં થયાં. કામવાળીની છોકરી બક્કલ, બુટ્ટી ને બંગડી મગાવે. હું લાવું, પહેરાવું ને તૈયાર કરી ફોટો પણ પાડી આપું. રોડ પર કામ કરતા મજૂરનાં છોકરાં કૉલેજથી આવું એટલે ચૉકલેટ-બિસ્કિટ માટે વીંટળાઈ વળે. ઝાડુ વાળનારનાં છોકરાં નોટ-પેન્સિલ, કપડાં ને બૂટ હક્કથી માગે. મારું કુટુંબ વિસ્તરવા લાગ્યું. સંધ્યાકાળ પછી સૌ પોતપોતાનાં ઠેકાણે લપાઈને બેસી જાય એટલે ઘરમાં શાંતિ ફરી વળે. સંજય ઑફિસથી પાછા આવે એટલે આસપાસનાં બેચાર બાળકો સાથે આવ્યાં જ હોય.

આજે કૉલેજથી પાછા ફરતાં મોડું થયું. ઘરે આવીને જોયું તો સંજય બાજુવાળાની નાની ગોપીને લઈ હીંચકો ખાતા હતા. મને જોતાં જ તેની મમ્મી બોલી, 'રડવા ચડેલી. સંજયભાઈને જોતાં જ શાંત થઈ હસવા લાગી. જુઓને કેવી સરસ રમે છે.' રોજ સંજય પાસે આસપાસનાં બાળકો રમવા આવે. તે હાજર ન હોય તો બા પાસે વાર્તા સાંભળવા બેસે. બા તેમને બધાને શીંગ-સાકરિયાનો પ્રસાદ આપે. ઘર બાળકોથી ભરાઈ જાય. તેમની અલકમલકની વાતોમાં હું પણ જોડાઈ જાઉં. એક દી' બાજુવાળાં માણેકબા બાને કહે, 'તમારા દીકરો-વહુ સાંજ પડે આટલાં છોકરાં ભેગા કરે છે તે કંટાળો નથી આવતો. આખું ઘર ઊથલપાથલ કરી નાખે.' બા કહે, 'ના રે! અમને છોકરાં બહુ વહાલાં છે.' માણેકબા બોલ્યા, 'તો પછી આખો દિવસ રાખોને તમારે ઘેર જ! અમારે તો ઉપાધિ ઓછી.' આ સાંભળી હું ગંભીર થઈ ગઈ. રાતે સંજય સાથે વાત કરી. ઘરમાં નાનાં બાળકો માટે બાલમંદિર ખોલવાનું વિચાર્યું. સંજયે કહ્યું, 'તું તો કૉલેજ જઈશ એટલે બહેનો રાખી લઈશું.' મેં કહ્યું, 'ના, હું કૉલેજમાંથી રાજીનામું આપી દઈશ.' આ સાંભળી તે એકાદ ક્ષણ ચૂપ રહ્યા, પછી, કોરી નોટ લીધી, પહેલા પાને બાલમંદિરનું નામ લખ્યું 'લિટલ એન્જલ.'

✸✸✸

રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ કેરાલામાં કુન્નુરની મુલાકાતે ગયા હતા. ત્યારે તેમને ખબર પડી કે, ફિલ્ડ માર્શલ માણેકશા ત્યાંની મિલિટરી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. કલામને તેમને મળવાની ઇચ્છા થઈ અને ૧૫ મિનિટ તેમની સાથે ગાળી.

વિદાય લેતા પહેલાં તેમણે એક ઔપચારિકતા તરીકે પૂછ્યું, 'હું તમારા માટે કાંઈ કરી શકું ? તમને કશી ફરિયાદ છે ? તમને વધારે સવલત રહે, તે માટે હું કાંઈ કરી શકું ?'

સેમ બોલ્યા, 'હા ! નામદાર. મારી એક તકલીફ છે.'

કલામને આશ્ચર્ય થયું અને એ તકલીફની વિગત પૂછી.

સેમે કહ્યું, 'મારા પ્યારા દેશના રાષ્ટ્રપતિ મારી સામે ઊભા છે અને એક લશ્કરી માણસ



તરીકે હું તેમને ઊભો થઈને સલામ નથી કરી શકતો !'

કલામની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

મુલાકાત દરમિયાન કલામને એ ખ્યાલ આવી ગયો હતો કે, ફિલ્ડ માર્શલનું બિરૂદ સેમને આપવામાં આવ્યું હતું, પણ એને આનુશંગિક પેન્શન વીસ વરસ સુધી આપવામાં આવ્યું ન હતું. કોઈએ એ બાબત દરકાર કરી ન હતી, અને સ્વમાની માણેકશાએ પણ એ માટે કોઈ કાકલૂદી કરી ન હતી.

કલામ દિલ્હી પાછા ફર્યા અને આ બાબત ઘટતું કરવા લાગતાવળગતા ખાતાઓને જણાવ્યું . રૂપિયા સવા કરોડ બાકી નીકળતા હતા. તેમણે સંરક્ષણ ખાતાના સેક્રેટરીને એ રકમનો ચેક લઈને ઊટી ખાસ લશ્કરી પ્લેનમાં મોકલ્યા. માણેકશા તે વખતે ત્યાં હવાફેર માટે ગયા હતા.

અને માણેકશાએ એ આખી રકમ લશ્કરના જવાનોને રાહત માટેના ફંડમાં પાછી વાળી દીધી.

બોલો, કોને આપણે સલામ કરીશું ?

ગર્વ અને ગૌરવ છે આપણા દેશના આવા રત્નો પર !!

# એક ઘડી, એક જિંદગી

સવાર પડયું. આંખ ખૂલી તો સીધી મિહિરની આંખમાં જ આંખ મળી. વંદના મરકી ઊઠી, પણ મિહિરના મોં પર કોઈ ફેરફાર નહિ, આંખમાં કોઈ મલકાટ નહિ, કોઈ પ્રસન્નતા નહિ. વંદના સહેજ થડકો ખાઈ ગઈ, પણ તરત મન વાળી લીધું.



કંઈ બોલ્યા વગર નીચે આવી. મિહિર આવીને વરંડાના હીંચકા પર બેઠો છે. કંઈ બોલતો નથી. આજે આમ કેમ ?

બે ત્રણ વખત પ્રશ્નસૂચક દૃષ્ટિથી વંદનાએ મિહિર સામે જોયું. મિહિર નજર હટાવી નથી લેતો, પણ એની આંખોમાં કોઈ અજ્ઞાત ભાવ છે. એવો ભાવ છે, જે વંદના નથી જાણી શકતી. આવો ભાવ એણે કદી મિહિરની આંખોમાં જોયો નથી.

રોજની જેમ બ્રશ પર પેસ્ટ લગાડીને બ્રશ આપ્યું. મિહિરે ચૂપચાપ બ્રશ લઈ લીધું.

યંત્રવત્ બ્રશ કર્યું અને પછી રસોડામાં ગયો. વંદના પણ એની સાથે ગઈ.

રોજ સવારના મિહિર જ ચા મૂકે અને બેઉ પીએ. લગ્નજીવનનાં વીસ વીસ વર્ષો વીત્યાં છે. કદી વંદનાએ ચા તૈયાર નથી કરી. વરસો પહેલાંનો એ દિવસ વંદનાને યાદ આવી ગયો. ઓગણીસસો સાઠની એ અગિયારમી ડિસેમ્બર. તે દિવસે તેમનું પ્રથમ મિલન હતું. કોઈ રેસ્ટોરાં નહિ. ઉમંગ રેસ્ટોરાં, જ્યાંની ચા ખૂબ વખણાતી, ત્યાં મિહિરે પ્રસન્ન ચિત્તે બે ચાનો ઑર્ડર આપ્યો. અને વંદના સામે જોયું. એનાં મોં અને આંખો પર કેવીક ચમક હતી ! વિવાહ પછી આજે પ્રથમ વાર જ તેઓ બહાર નીકળ્યાં હતાં. સાવ અજનબી છતાંય જાણે યુગ-યુગની ઓળખ હોય એવો ભાવ.

કેટલી બધી આત્મીયતા વરતાતી હતી !

વંદના તો કદી ચા પીતી ન હતી. અવતાર ધરીને ચાનો પ્યાલો મોંએ ધર્યો નથી.

એ ધીરેથી બોલી, જાણે ગણગણી : 'હું ચા નથી પીતી.'

'નથી પીતી ? અરે, હું પિવડાવું છું ને ! મારી સાથે ચા તો પી જો !'

'અમૃત થઈ જશે ?'

'ચોક્કસ, ચોક્કસ.' તે દિવસે જિંદગીમાં પ્રથમ વાર ચા પીધી.

પછી તો વારંવાર તેઓ ચા પીતાં. પરણ્યા પછી-પરણ્યા પછીની એ પહેલી સવાર.

વંદના પૂછે, 'આજે ચા કોણ પિવડાવશે ?'

'હું-હું' મિહિર બોલી ઊઠ્યો. તે દિવસથી આજે વીસ વીસ વરસ થયાં રોજ સવારે મિહિર જ ચા મૂકે છે. બુલબુલની જેમ ગાતો જાય અને ચા તૈયાર થાય. પછી બેઉ સાથે ચા પીએ. ગાતો મિહિર આજે ચૂપ કેમ ? કોઈ વિચારમાં છે ? ના, વિચારમાં પણ નથી લાગતો. જાણે હૈયામાં કોઈ સોપો પડી ગયો છે. કોઈ હલચલ નહિ, સોપો.

શું થયું હશે ? સવાર છે, પણ રોજના જેવી ગાતી સવાર નથી. પણ કંઈ પૂછવા જાઉં અને મિહિર નારાજ થઈ જાય તો ? મિહિર ક્યારેક ઉદાસ હોય, નિરાશ હોય તો તરત વંદનાને કહે. કહ્યા વગર એ રહી શકે નહિ. તો આજે કેમ નહિ ? આજે એના હૈયાનાં દ્વાર કેમ બંધ છે ? હૈયાની બારી આંખો છે, ત્યાં પણ ઉદાસી જ ઉદાસી છે.

મિહિરની ઉદાસી વંદના સમજી ન શકી.

વંદના મૂંઝાય છે, પણ કોઈ ઉકેલ નથી. જીવનમાં મિહિર ભાગ્યે જ ગંભીર કે ચૂપ રહ્યો હશે. કાયમ ગાતો હોય, વાતો કરતો હોય કે હસતો-હસાવતો હોય. એટલે એની આ ચૂપકીદી, ગંભીરતાનો ભાર બહુ વરતાતો હતો.

ખૂબ વિચાર કરીકરીને વંદના બોલી : 'કેમ બોલતા નથી ?'

'શું બોલું ?'

'ગમે તે.' વંદના લાડથી બોલી. પણ મિહિર તો મૂંગો જ રહ્યો.

વાત આગળ ચાલી નહિ. વંદના આ શાંતિથી ભીંસાવા માંડી. એની આંખમાં આંસુ તરવરી ઊઠયાં. એ અકળાઈ ઊઠી. ઘરમાં મોટાં છોકરા ફરે છે. વારંવાર પૂછુંય શી રીતે ?

કદાચ અત્યારે છોકરાંની હાજરીમાં કહેવાય એવું નહિ હોય. સવારની નિશાળ હતી.

છોકરાં નિશાળે ગયાં. પતિપત્ની એકલાં પડયાં. હવે તો વાત થશે.

પણ મિહિર તો બહાર જઈને બેઠો. વંદનાને કેટલીય વાર મનમાં થઈ આવ્યું કે, લાવ, જઈને મિહિરને બે બાવડાં પકડીને હચમચાવી પૂછું :

'શું થયું છે તને, 'શું થયું છે ! કંઈ તો બોલ.'

પણ હચમચાવી ના શકી. ગઈ તો બારણામાં જ અટકીને ઊભી રહી. બોલતી નથી.

એ વિચારે છે, 'મિહિર પણ મને જુએ તો છે જ'; તો મિહિર કેમ કંઈ બોલતો નથી ? મારી આ બેચેનીનો એને પણ ખ્યાલ તો છે જ; તો કેમ આમ દૂર રહ્યો છે ?'

વંદના પાછી વળી. ગુપચુપ રસોઈ તૈયાર કરી. મિહિરને જમાડયો, રોજની જેમ કાળજીપૂર્વક જમાડયો, પણ મિહિર ક્યાં રોજની જેમ જમ્યો છે ?

એ તો યંત્રવત્ જમ્યો અને ઑફિસે ગયો.

વિદાય આપવા વંદના બારણે ઊભી છે, પણ મિહિરે જોયુંય નહિ.

વિદાયનું સ્મિત સુદ્ધાં નહિ.

વંદના જઈને પલંગમાં પડી રડતાં રડતાં

વિચારે ચડી : શું થયું હશે મિહિરને ? હા, હવે યાદ આવ્યું. કાલે રાતના વાતો કરતાં બેઠાં હતાં ત્યારે એ બોલી હતી : મારી બહેનપણી રમાનો ખ્યાલ છે તમને ? આપણને પાંચેક વરસ પહેલાં આબુમાં મળી હતી.

'હા, હા.' કહેતાં મિહિર બોલ્યો હતો, 'પેલી પતલી ને સાંવલી છોકરી. એકવડિયો બાંધો અને લાંબો ચોટલો, સદાય હસતું મોં. ખરું ને ?'

'હા, બસ તે જ. તે વખતે તો તેઓ સામાન્ય સ્થિતિનાં હતાં. પેલી સાવ ચાલુ ધર્મશાળામાં ઊતર્યાં હતા. હોટલમાં ઊતરવાનીય પહોંચ ન હતી. ભાતું પણ ઘેરથી બાંધી લાવ્યાં હતાં, તેનાથી જ તેઓ ચલાવતાં હતાં. તે તો હવે મોટરવાળી થઈ ગઈ.'

'એમ, તને ક્યાંથી ખબર પડી ?'

'અરે, આજે હું બસ-સ્ટૅન્ડે ઊભી હતી. માણેકચોકથી શાકની થેલી ભરીને હું તો લાઈનમાં છેલ્લી ઊભી હતી ત્યાં તો એકદમ એક ચકચકિત એમ્બેસેડર આવીને ઊભી રહી. જોઉં તો અંદર રમા. મને કહે, 'ચાલ, બેસી જા.'

હું બેસી ગઈ. પછી એણે વાત કરી કે એના વરને ધંધામાં છેલ્લાં બેત્રણ વરસ બહુ સરસ ગયાં. તેમણે દસ લાખનો તો બંગલો ખરીદ્યો છે.

એ કહેતી હતી : 'અત્યારે તો એ બંગલાની કિંમત વીસ લાખ રૂપિયા અંકાય.'

મિહિર કહે : 'બહુ સરસ. નસીબનું દ્વાર ઊઘડે તો કંઈ વાર ન લાગે.'

'હાસ્તો, એ લોકોનું નસીબ કેવું ઊઘડયું ! બંગલો, મોટર, અરે હીરાનાં તો કાપ અને સળી હતાં. સાડી કેવી સરસ પહેરી હતી ! અને આપણે તો અહીં જ...'

આટલું બોલીને વંદના ચૂપ થઈ ગઈ.

રમાનો વૈભવ જોઈને એનું મન ઉદાસ થઈ ગયું હતું. એ સ્વભાવે ઈર્ષાળુ ન હતી. કદી કોઈનીય ઈર્ષ્યા કરતી ન હતી. પોતાને જે મળ્યું તેનાથી તેને ઘણો સંતોષ હતો.

સ્નેહાળ પતિ હતો. દીકરો હતો, દીકરી હતી. બધું હતું; પણ પાસે કોઈ વૈભવ ન હતો.

વંદનાના પિતા પૈસાદાર હતા, મોટરવાળા હતા. એની બધી બહેનો શ્રીમંત ઘેર પરણાવી હતી. એની બહેનપણીઓ પેલી વિદ્યુત, નેકી, ગીતા બધાંને મોટરવાળા વર મળ્યા હતા. આજ સુધી વંદનાનો જીવ કદી બળ્યો ન હતો. પોતાને જે મળ્યું તે એણે હર્ષથી સ્વીકારી લીધું હતું. આ વીસ વરસ થયાં તોય કદી એના મનમાં, હૃદયમાં કોઈ ફરિયાદ ઊઠી ન હતી, તો આજે કેમ મન ઉદાસ થઈ ગયું છે ! તેણે મનને પ્રફુલ્લિત કરવા ઘણા પ્રયત્ન કર્યા હતા, પણ કંઈ વળ્યું ન હતું, મનમાંથી ઉદાસી હટતી ન હતી. રાતના વાત કરતાં કરતાં અજાણતાં જ શબ્દો સરી પડયા હતા.

આ શબ્દો સાંભળીને જ મિહિર ચૂપ થઈ ગયો હતો.

બસ, એ શબ્દોએ જ વેરીનું કામ કર્યું. આ શબ્દોથી જ મિહિરને ખરાબ લાગી ગયું. પણ શા માટે ? મેં એને ઉતારી પાડવા તો આવું કહ્યું ન હતું. હા અમારાં નસીબ માટે મને દુઃખ થઈ આવ્યું હતું, પણ એમાં મેં મિહિરનો તો કોઈ દોષ કાઢયો ન હતો. થાય એટલી મહેનત મિહિર કરે છે એ શું હું નથી જાણતી ?

સાંજે મિહિર આવ્યો તો એ જ ગમગીન મુદ્રા. ચૂપચાપ જમીને બહાર વરંડામાં જઈને બેઠો. વંદના પાસે જઈને બેઠી તો છેડાઈ પડયો. કેટલી વાર એણે મિહિરને મૂડમાં લાવવા પ્રયત્ન કર્યો, પણ મિહિર કંઈ બોલે નહિ. જાણે કોઈ પરાયા સામે જોતો હોય અને માત્ર જુએ જ છે. ઓહ મિહિર, ક્યાં ગઈ તારી એ વહાલસોયી નજર ! બેઉ વચ્ચે કશી વાતચીત થતી નથી. છતાંય જાણે ઘાણું બધું કહેવાઈ ગયું. મિહિરના મનમાં થાય છે કે વંદના મારા સંગે સુખી નથી. ઊંડે ઊંડે એ દુઃખી છે. હું એને સુખી ના કરી શક્યો. વંદના વિચારે છે, રે મિહિર, હું તો સુખી જ છું. એ તો એક ક્ષણ માટે એવો વિચાર આવી જોર કરી ગયો. એને તું આટલી ગંભીરતાથી કેમ લે છે ! મારા પ્રેમની તને કેમ ખાતરી નથી થતી ! બહારથી બેઉ ખામોશ છે, પણ હૈયામાં હાહાકાર છે.

દિવસો પસાર થાય છે. વંદના પણ હવે મૂંગી બની ગઈ છે.

આ મિહિરના મનનું ભૂત કેમ કાઢવું ? કેટલી વાર ઉમળકાથી-ઉત્સાહથી વાત કરવા પ્રયત્ન કરે છે, પણ સામેથી જવાબ ના મળતાં ભોંઠી પડે છે.

બાળકો કશું સમજી શકતાં નથી પણ જાણે શિયાંવિયાં થઈ ગયાં છે.

મિહિર રોજની જેમ નિયમિત ઘેર આવે છે પણ જાણે મહેમાન હોય તેમ ચૂપચાપ ખાઈને એની રૂમમાં ચાલ્યો જાય છે. ક્યારેક વંદના જઈને એની સોડમાં બેસી જાય છે. એ જરાય દૂર ખસતો નથી, તો વંદના તરફ જોતો પણ નથી. અપમાનિત થઈને, મોં ફેરવીને વંદના જતી રહે છે. પાછી થોડી વારે આવીને કંઈ પૂછે છે, તો મિહિર એની સામે જોયા વગર જ લૂખો જવાબ આપે છે.

થોડા દિવસ આ ક્રમ ચાલ્યો. પછી તો વંદનાને પણ ચીડ ચડી : આ શું ? આખી જિંદગી આટલાં વરસો જોડે રહ્યાં, કેટલા પ્રેમથી, મજાથી, મોજથી જીવ્યાં, એ બધું છે અને આ એકાદ ઘડીની વાત સાચી ! વરસોનો અનુભવ મિહિર ભૂલી ગયો ?

જિંદગીની શરૂઆત કેવી હતી ? મોટા બંગલાના આલીશાન કમ્પાઉન્ડનું એ ગેરેજ, ગેરેજને એકે બારી ન હતી. આગળ મોટું બારણું. ખોલો તો ઘર આખું ખુલ્લું. બારણું કરો તો ઘર બંધ થઈ જાય. હવા ઉજાસ પણ બંધ થઈ જાય. જાણે પેટીમાં પુરાયાં. ઘરમાં પંખો ન હતો. તેઓ એવા બફાય, છતાંય હસતાં રહેતાં. ઘરમાં ના એક પાટ-પલંગ હતો. ખુરશી હતી. રોજ સાંજે બંગલાની કમ્પાઉન્ડ વૉલ પર ચડી બેસતાં હતાં. હવા ખાતાં હતા. અરે, તે રાતની શી વાત ! ફરીને રાત્રે મોડાં ઘેર આવ્યાં હતાં. આવીને બારણું ખોલવાના બદલે બારણા બહાર જ બેઠાં ને જે બારણું ખોલે તે હારે એમ શરત મારી. બેમાંથી કોઈએ બારણું ખોલ્યું નહિ. બહાર ઈંટોની છો પર બેસીને જ વાતો શરૂ કરી. રાત વળી છતાંય વાતો ખૂટતી નથી. કોઈ બારણું ખોલતું નથી. છેક પરોઢિયે સાડા ત્રણે મિહિરને બારણું ખોલ્યું, અને આપણે ગૃહપ્રવેશ કર્યો

સજોડે. ઓહ, મિહિર એ રાત.....!

પ્રિયતમ, તું એ બધું ભૂલી ગયો? મારા રંગીલા રાજા! ક્યાં ગઈ એ મસ્તી? એ રાજરાણી કરતાંય વધારે મોજથી હું જીવતી. મને ક્યાંય અભાવ-અછત નહોતાં દેખાતાં. બે ઘડી, હર પળે કેવી સંપૂર્ણ મસ્તીથી આપણે જીવતાં!

પછી તો આવક વધી. નાના ઘરમાંથી આપણે મોટા ઘરમાં ગયાં. એક-પછી-એક બે બાળકો થયાં, પણ આપણી મસ્તીમાં કદી ઓટ નહોતી આવી. સદાય ભરતી જ રહી.

ક્યારેક તું કહેતોઃ 'વંદના, ચાળીસ ચાળીસ વરસ તારા પરથી જતાં રહ્યાં, છતાં વરસે તારા પર એક ઘસરકોય પાડી નથી શક્યાં!'

હું હસતી : મારો રાજા તું છે. પછી વરસની શી મગદૂર છે કે મને અડકી શકે!

દરેકે દરેક રજા કેવી રખડપટ્ટીમાં આપણે વિતાવતાં! માઈલોના માઈલો ચાલતાં અને ભૂખ લાગે ત્યારે બગલ-થેલામાંથી નાસ્તો કાઢીને ખાતાં. છોકરાંઓય કેવાં આપણાં જેવાં જ છે! રે મિહિર, આ બધું તું ભૂલી ગયો? આ બધું શું મિથ્યા હતું?

એકલી પડેલી વંદના કલાકો સુધી રડયા કરે છે. નિર્જીવ પૂતળાની જેમ ઘરનું કામ પતાવે છે. હવે તો બાળકો સાથેય મન ખોલીને, મન ભરીને બોલતી નથી.

વંદના વિચારે છેઃ બસ આમ જ જિંદગી જશે! ઓ મિહિર, હવે નથી સહન થતું.

દિવસ ભ્રમણામાં વીતે છે, રાત ઝંખનામાં વીતે છે.

મિહિર વંદનાને જુએ છે અને નિસાસો નાખે છે. એને થાય છેઃ પોતે વંદનાને વૈભવમાં રાખી શકતો નથી, મોટરમાં ફેરવી શકતો નથી, હીરા-મોતીના દાગીના લઈ આપી શકતો નથી, તેથી દુઃખી છે.

ત્યાં વંદનાના પિયરથી પત્ર આવ્યો.

એના બાપુજીની તબિયત સારી નથી. વંદનાને ખૂબ યાદ કરે છે.

નાની સૂલા પૂછે છે, 'મમ્મી, દાદાને ઘેર ક્યારે જઈશું?'

'નથી જવું, બેટા!'

'કેમ?'

'આપણે જઈએ તો પપ્પાને ગમે નહિ. પપ્પા એકલા પડી જાય.'

હીંચકે બેઠેલા મિહિર આ સાંભળે છે અને ચમકે છે. એને મનમાં હતું કે વંદના અકળાઈ ગઈ છે, તેથી પિયર જવાની તક મળે છે તો તરત જતી રહેશે. વળી એના બાપુજીને મોટો બંગલો છે, ગાડી છે. ત્યાં થોડા દિવસ રહેશે. મોજમજા કરશે. અરે, બહાનું મળ્યું છે તો વધારે દિવસ પણ રોકાશે.

એના મનમાં હતું કે, વંદના પત્ર વિશે વાત કરશે. પિયર જવાનો વિચાર કરશે.

પણ એક દિવસ ગયો, બે દિવસ ગયા, વંદના તો કંઈ કહેતાં કંઈ જ બોલતી નથી.

હવે મિહિર ચમક્યો. વંદનાને એના બાપુજી બહુ વહાલા હતા. અહીં ક્યારેક બાપુજીની વાત નીકળતી તોય એ ઢીલી પડી જતી. એ વંદના બાપુજીની માંદગીની વાત સાંભળીને જરાય સળવળતી કેમ નથી?

આજે રાત્રે મિહિરથી રહેવાયું નહિ. તેણે વંદનાને ધીરેથી કહ્યું :

'તારે વડોદરા જવું હોય તો જઈ આવ ને.'

વંદનાએ નકારમાં માથું ધુણાવ્યું. મોઢેથી કંઈ બોલી નહિ, બોલી શકી નહિ.

'કેમ?' મિહિરે પૂછ્યું.

'તમને મૂકીને મારે ક્યાંય જવું નથી... ક્યાંય નથી જવું.' વંદના રડી ઊઠી.

વંદનાનો આર્તસ્વર સાંભળીને મિહિર ચમકી ગયો. હૈયાની હિમશિલા પીગળી ગઈ.

'ઓહ... મારી વંદના!' બેઉનાં મન એક થઈ રહ્યાં.

એના મૃતપાયઃ શરીરમાં નવું ચેતન આવ્યું.

## અદશ્ય ગ્રંથ



**બુ**દ્ધના ઉપદેશ પ્રવચનો ચીની ભાષામાં હોવાથી જાપાની બૌદ્ધોને ઘણી અગવડ પડતી હતી. તેથી જાપાની મહંત તેત્સુજેને આ 'સુત્તો'નું જાપાની ભાષાંતર કરી નાખ્યું અને તેની સાત હજાર નકલો છાપવાનું ઠરાવ્યું. લાકડાનાં બીબાં બનાવીને છાપવા તે જમાનાની પદ્ધતિને કારણે આવું છાપકામ ઘણું ખર્ચાળ હોવાથી તેત્સુજેને આ ગ્રંથની છપાઈ માટે ઠેરઠેર ફરીને ફાળો એકઠો કરવા માંડ્યો. મોટા ધનપતિઓ અને અમીરો મોટીમોટી રકમનાં વચન આપતાં, પણ તેમની



પાસેથી રકમ મેળવતાં તેત્સુજેનનો દમ નીકળી જતો. સામાન્ય સ્થિતિના શ્રદ્ધાળુઓ ભક્તિભાવે ફાળો આપતા પણ તેમની પાસેથી મોટી રકમ મળતી નહીં. દસ વરસના રઝળપાટ પછી જરૂરી રકમ એકઠી થઈ અને છપાઈકામનો આરંભ કરવાનું ઠરાવવામાં આવ્યું પણ ત્યાર પછીના મહિને આ વિસ્તારમાં આવેલાં ભયંકર નદીપૂરને કારણે ચોમેર તારાજી થઈ. સંકટમાં સપડાયેલાં લોકોને મદદરૂપ થવામાં ગ્રંથછપાઈ માટે એકઠા થયેલા ફાળાની રકમ વપરાઈ ગઈ, પણ આ સંકટથી હિંમત હાર્યા વગર તેત્સુજેને ફરીથી ઉત્સાહભેર કામ ઉપાડ્યું અને આઠદસ વરસે નાણાં એકઠાં કરી લીધાં. કમનસીબે તે વરસે દુષ્કાળના કારણે જનતાને રાહત પહોંચાડવામાં નાણાં વાપરવા પડ્યાં, પણ ત્રીજો પ્રયાસ સફળ થયો અને અઠ્ઠાવીસ ત્રીસ વરસની જહેમત પછી તેત્સુજેને બૌદ્ધ સુત્તોનો જાપાની અનુવાદ ગ્રંથરૂપે પ્રગટ કર્યો. આ ગ્રંથનો સમર્પણવિધિ થયો ત્યારે લોકોએ કહ્યું કે તેત્સુજેને એક નહીં પણ ત્રણ ગ્રંથ પ્રકાશિત કર્યા છે. તેમાં પહેલાં બે અદશ્ય હોવા છતાં વધારે ઉચ્ચકક્ષાના અને પ્રભાવી છે, ત્રીજો પ્રત્યક્ષ ધર્મગ્રંથ છે.

# જીવનનું જળ



મહાભારતનું યુદ્ધ પૂરું થયું. કૃષ્ણ દ્વારકા જવા નીકળ્યા. રાજસ્થાનમાંથી પસાર થતાં વચ્ચે તે મુનિ ઉત્ત'કના આશ્રમમાં ઊતર્યા. મુનિ તો રણમાં રહેનારા. તેમને મહાભારતના સંહારની કશી ખબર નહોતી. કૃષ્ણ વિષ્ટિ કરવા ગયા છે. એવા ઊડતા વાવડ તેમણે સાંભળેલા. તેમણે કૃષ્ણને જોઈને કહ્યું : 'જનાર્દન, કૌરવ-પાંડવ વચ્ચે સમાધાન થઈ ગયું ને! સારું થયું તમે વચ્ચે પડ્યા અને ભાઈઓમાં સુલેહસંપ થઈ ગયો.' કૃષ્ણે કહ્યું : 'મુનિ, મારા પ્રયત્નો છતાં સુલેહ ન થઈ. મહાયુદ્ધ થયું અને કૌરવોનો નાશ થઈ ગયો.'

આ સાંભળી મુનિ ઉત્તંકના ક્રોધનો પાર ના રહ્યો. સમર્થ હોવા છતાં કૃષ્ણે શાંતિ ન સ્થાપી તે સાંભળી તેમણે કહ્યું : 'વાસુદેવ, આ ભારે અનર્થ થયો. તમે હાજર હોવા છતાં મહાવિનાશ થવા દીધો ? હું તમને શાપ આપીશ.'

કૃષ્ણે હસીને કહ્યું : 'મુનિ, પોતાના થોડા તપના પ્રભાવથી કોઈ મારો પરાભવ કરી શકે એમ નથી. તમે ઘણી ગુરુસેવા કરી છે, ને તપસ્વી જીવન ગાળ્યું છે, તેને હું નિષ્ફળ જવા દેવા માગતો નથી. તમારા પર હું પ્રસન્ન છું. વરદાન માગો.'

મુનિ ઉત્તંકે અમિત તેજસ્વી કૃષ્ણમાં વિરાટ સ્વરૂપનું દર્શન કર્યું. હાથ જોડી, ગદ્‌ગદ્ કંઠે સ્તુતિ કરી. પોતે તો નિઃસ્પૃહ હતા. શું માગે ? પણ રણમાં પાણીનો ત્રાસ હતો. જરૂર પડે ત્યારે પાણી મળી રહે એવું વરદાન માગ્યું. કૃષ્ણ તથાસ્તુ કહી દ્વારકાને પંથે પડ્યા.

એક દિવસ મુનિ રણમાં ભૂલા પડ્યા. સખત તરસ લાગી. ક્યાંયે પાણી ન મળે. તેમણે કૃષ્ણનું સ્મરણ કર્યું. અને પછી જોયું તો સામે એક ચાંડાલ ચામડાની પખાલમાં પાણી લઈ ઊભો છે અને મુનિને બોલાવે છે : 'આવો, આવો, મુનિરાજ! લો, આ પાણીથી તરસ છિપાવો.'

ઉત્તંક જેવા મહાપવિત્ર મુનિ એક ચાંડાલના હાથનું પાણી પીએ ? તેમણે ચાંડાલને તિરસ્કાર કરી કાઢી મૂક્યો. કૃષ્ણ પર પણ મુનિને ક્રોધ ચડ્યો. ત્યાં કૃષ્ણ પ્રગટ થયા. કહ્યું : 'મુનિ, તમારા અહંકારને લીધે તમે અમૃત ન મેળવી શક્યા. ચાંડાલના રૂપમાં ઈન્દ્ર તમને અમૃત આપવા આવ્યો હતો, પણ તમે પોતાની પવિત્રતાના ઘમંડમાં બીજાનો તિરસ્કાર કરી જીવનનું અમૃત ગુમાવ્યું.'

મુનિ ઉત્તંકના પશ્ચાત્તાપનો પાર ન રહ્યો. પણ હવે શું થાય ?

કૃષ્ણે તેમને આશ્વાસન આપ્યું કે તેમને જરૂર પડશે. ત્યારે રણમાં મેઘ વરસી જશે. અને મરુસ્થલમાં વર્ષતા આ મેઘનું નામ ''ઉત્તંક મેઘ' પડશે.

પોતાનાં જાતિ, કુલ કે તપની ઉચ્ચતામાં રાચતી મનોવૃત્તિ એક મહા રણવિસ્તાર જેવી છે. બીજાઓ પ્રત્યે સમાનભાવ, સ્નેહ અને આદરનું ઝરણ જ્યાં પ્રગટે છે ત્યાં જીવનનું જળ છે, અમૃત છે.

---

## સમાચાર સંકલન

### શ્રી ગોરેગામ સ્થાનકવાસી જૈન સંઘ (વેસ્ટ)

**જવાહરનગરની કારોબારી કમિટી**
**તા. ૧-૪-૨૧ થી ૩૧-૩-૨૪ સુધી બિનહરીફ ચુંટાયેલ છે.**

| | | |
|---|---|---|
| ટ્રસ્ટી - પ્રમુખ | : | શ્રી જયેન્દ્રભાઈ હિંમતલાલ શેઠ |
| ટ્રસ્ટી - ઉપપ્રમુખ | : | શ્રી સુરેશભાઈ વાલજીભાઈ શેઠ |
| ટ્રસ્ટી - માનદમંત્રી | : | શ્રી નવિનચંદ્ર ચંદુલાલ શાહ |
| માનદ મંત્રી | : | શ્રી નવનીતભાઈ નાથાલાલ ગાંઠાણી |
| માનદમંત્રી | : | શ્રીમતી નિતાબેન હિતેશભાઈ ડેલીવાળા |
| ખજાનચી | : | શ્રી જયેશભાઈ હસમુખભાઈ શાહ |
| સહ-ખજાનચી | : | શ્રી કમલેષભાઈ કિર્તિભાઈ તુરખિયા |

તરસ્યાને પાણી,
ભુખ્યાને અન્ન અને મન
થી હારી ચૂકેલ વ્યક્તિને
હિંમત આપવી
આનાથી વિશેષ
ધર્મ શું અને પુણ્ય શું.

સુખના કોઈ ઈન્જેક્શન
કે
દુખઃની કોઈ દવા નથી.
સબંધોની હુંફ જો
સમયસર
મળે તો માણસ બચી જાય

# પાનખર, પર્ણમંદિર અને ચન્દ્રકવિ

□ યજ્ઞેશ દવે



**આ**હવામાં પહાડી પર ગેસ્ટ હાઉસની અગાશી પર સવારે સૂર્યનું અભિવાદન કરવા, તેનું અભિવાદન ઝીલવા આવ્યો છું. સાગ, સાદડનાં વૃક્ષો પર પાન નથી. શુષ્ક શાખા પ્રશાખા, મંજરીની ડૂંખો અને શુષ્ક ફલ મૌન ઊભાં છે. એક પાછળ એક સ્થિર થઈ ગયેલા ઊંચા તરંગ જેવા નીલા લીલા પર્વતો વાદળોની ધૂસરતામાં ખોવાયા છે. વૃક્ષોમાં પાન નથી તેથી તે ઊભાં છે, શાંત સ્તબ્ધ. પાંદડાઓની એ નાચતી રેખાઓ, ફરફરતી ધ્વજરેખાઓની ખોટ વૃક્ષોએ અનેક બંકિમ અંગભંગીમાં નાચતા થડ, ડાળ, ટગડાળ શાખાપ્રશાખાથી પૂરી પાડી છે. દરેક વૃક્ષોના વાંક વળાંકો લય રેખાઓ અલગ. મને ય ઉમાશંકરની જેમ થાય છે કે 'ચિત્રકાર ન હોવાનો આટલો અફસોસ' ક્યારેય ન હતો. જમીનમાંથી જ એક નર્તન ન ફૂટી નીકળ્યું હોય !

વચ્ચે ખીણમાં કૂકડિયા કુંભારનો ખીણની ગુહાને ગજવતો ગંભીર અવાજ સંભળાયો. ત્યાં તો વળી ચૂપ થઈ ગયેલો બપૈયો ફરી બોલ્યો. પિવ પી... પિવ પી... પિવ... પી... અકથ્ય વેદનાના ઉપાડથી ઊંચે સ્વરે શરૂ કરેલું તેનું વિરહગાન પિ... પિયુ... પિ પિયુ પર ઠરી ફરી જંગલમાં શમી ગયું. બપૈયાના આ અવાજને સાહિત્ય - લોકસાહિત્યમાં વિરહભાવ સાથે કેમ જોડાયો હશે તે સમજાય છે. એ અવાજમાં એક કરુણતા, વિસ્વળતા અને આર્જવ છે. નાચકી ફુત્કી અને બુલબુલના આનંદ ટહુકા ચાલુ જ છે. કાળા કાગડાઓનો અવાજ પણ સવારનો મલાજો પાળવા નરમ બન્યો છે. આ સવારના નરમ વનતડકામાં તેના કા... કા... અવાજમાં લગરિકેય કર્કશતા નથી. નાનકડી કાબરોનો ઉત્સાહ માતો નથી. તે જાતે જાતના અવાજો કાઢી એનામાં ઘુમરાતા અવ્યક્તને વ્યક્ત કરે છે. જે મારા માટે તો પાછું અવ્યક્ત જ રહે છે. આ પક્ષીઓની બોલી જાણી શક્યા હોત તો આપણે અત્યારે એક બે ભાવોનું જ આરોપણ કરીએ છીએ તેને બદલે પંખીઓનો આખો ભાવ- લોક ખૂલ્યો હોત. અહીં સવારમાં જાણે પંખસ્વરનું મલમલી વસ્ત્ર વણાઈ રહ્યું છે. કાબર કાગડાના સ્વરોના તાણાવાણામાં બપૈયા બુલબુલ ફુત્કીના સ્વર બુટ્ટાઓ, સૂરવેલિઓ ભરાયા કરે છે.

રેસ્ટ હાઉસની પાછળ પગીની ઓરડીના આંગણામાં પાંજરામાં પોપટ એક જ સ્વરે પઢ્યા કરે છે. 'પોપટ પઢો' બહારના વનપંખી બોલે છે, ટહુકે છે, ચહેકે છે અને આ પોપટ બોલતો નથી પઢે છે. ગોળ લાલ આંખો મીંચતો તે જોઈ રહે છે સામે વન તરફ. એક વન તેની સામે છે, એક વન તેની અંદર.

ઉપર ઝળૂંબેલા વાદળમાં ક્યાંક છીંડું પડયું છે. દૂર ડુંગર પર તેજના એ ટુકડામાં વનનો એ ભાગ જાણે કેમેરાના ફિલ્મમાં ફોકસ કર્યો હોય અથવા તો રંગમંચ પર કોઈ વિસ્તારમાં પ્રકાશ વર્તુળથી ફોકસ કર્યું હોય તેવું લાગે છે. આ ફિલ્મના વૃક્ષોની રેખાએ સ્પષ્ટ કળાય છે. આજુબાજુ વાદળછાયો ભાગ હજી ધૂંધળી જ છે. હવામાં સુક્કાં પાંદડાંની અને ઘારાની એક Organic ગંધ છે. અચાનક વાદળો થોડાં વિખેરાયાં અને નરમ સુવર્ણ તડકામાં સાગના સાદડના ઝાંખર સોટા ચળકી ઊઠ્યા. થડનો કરકરો સુભગ સ્પર્શ પ્રત્યક્ષ થયો. અત્યાર સુધી ધુમ્મસે આ ટેક્સચર સપાટીને એકરૂપ કરી નાખી હતી તે બધું સ્પષ્ટ થયું.

પાનખરનું આ જંગલ જોઈને બુસોનું હાઈકુ યાદ આવ્યું.

**'પ્રવેશ્યો નહીં**
**પણ આદરમાં ઊભો રહ્યો બહાર**
**પાનખર પર્ણમંદિર**

સામાન્ય રીતે ભક્તિ, આદરથી આપણે મંદિરમાં પ્રવેશ કરીએ પણ આ પાનખરનું જંગલ. ખરેલાં પાંદડાંઓનું પર્ણમંદિર. અંદર જાવ તો શાંતિ અળપાઈ જાય. માટે જ તો કવિ આદરમાં બહાર જ ઊભા રહ્યા.

આજે બુદ્ધપૂર્ણિમા છે. પૂર્ણિમા સાથે શ્રાવણી પૂનમ, શરદપૂનમ, ચૈત્રી પૂનમ જેવાં વિશેષણો જોડાય તે ગમે છે પણ કોઈ વ્યક્તિ કે અવતાર તેની સાથે જોડાય તે જચતું નથી. બુદ્ધનો જન્મ, નિર્વાણ અને સંબોધિપ્રાપ્તિ આ જ દિવસે થઈ તેથી તેની સાથે આપણે બુદ્ધને જોડ્યા. જોકે વૈશાખના આ પૂર્ણચન્દ્રને તેની કશી જ પડી નથી.

રાત્રે ફરી રેસ્ટ હાઉસની અગાશી પર. સવારે સૂર્યના આમંત્રણથી ઉપર આવ્યો હતો. સાંજે અસ્તાચળના આકાશે બોલાવ્યો હતો. અત્યારે રાત્રે ચન્દ્રે નિમંત્રણ આપ્યું છે. એક બાજુ છે આહવા-'નાનેરું ગામ શ્રમથી વિરમ્યું લગાર.' સ્ટ્રિટલાઈટોના ચોકી પહેરામાં સૂતેલું ગામ અને બીજી તરફ સહ્યાદ્રીની ગિરિમાળા. નજીકના સાગના ઝાડના રેખાચિત્રો ખીણમાં ઊમટેલી ધૂંધળાશની પશ્ચાદ્ભૂમાં દેખાય છે. આ સમયે બધું એકસાથે રમણીય અને રહસ્યમય થઈ ગયું છે. 'પરણ પરની કીડીયે શી ધરે રમણીયતા'ના આ વાતાવરણમાં કોણ રોમેન્ટીક ન થઈ જાય !

દૂર સાપુતારાની ટેકરી દેખાય છે. આમ

તો પર્વત છે પણ અહીંથી દૂરથી તે ટેકરી જેવી જ લાગે છે. ત્યાં એક લાઈટ ટમટમે છે. પહાડના ઢોળાવો ઊતરતી બસ મોટરનું એક મૌન પ્રકાશ ટપકું દેખાઈને અલોપ થઈ જાય છે ને પર્વતના કોઈ બીજા વળાંકે ફરી દેખાય છે. કોઈ એમ કહી શકે કે પૂર્ણિમાના આ ચન્દ્રે બધાં જ તારાઓનું તેજ હરી લીધું છે. હું તો એમ કહીશ કે ચન્દ્રે બધા તારા ગ્રહો નિહારિકાઓનું તેજ સંચિત કર્યું છે. ચન્દ્રે પૂરેપૂરો ખીલેલો હોય ત્યારે આકાશના આ મહાપટનું મહત્ત્વય ગૌણ થઈ જાય. ઉપર નીરખી રહેવાય રૂપેરી ચન્દ્રને અને નીચે રસેલી નવેસરથી રચેલી ચન્દ્રધૌત પૃથ્વીને.

ગઈ કાલે જ વઘઈથી આહવાના રસ્તે આવ્યો હતો ત્યારે ચાંદનીમાં રસાયેલું વન જોયું હતું. ચન્દ્રને મેં પહાડે પહાડે વને વને, વૃક્ષે વૃક્ષે, ડાળિયે ડાળિયે, વાંસના ઝુંકે ઝુંકે ટાંગ્યો હતો. તેને સાગના થડની પાછળ, પર્વતની ધાર પર, વાંસના ઝુંડ પાછળ, નદીના સ્થિર જળમાં ઝિલાયેલો જોયો હતો. ક્ષીણ જળરેખા ચાંદનીના પ્રકાશમાં ચળકે છે. આખી બસમાંથી એક હું જ એ પર્વતો પાછળ દોડતા ચન્દ્રને જોઉં છું. કદાચ આ ક્ષણે આ પૃથ્વી પર એક હું જ તેને જોઈ રહ્યો હોઉં તેવું બને. ડૉ. ઝિવાગો ફિલ્મમાં યુદ્ધકેદીઓને હીંચકતી ટ્રેનમાં ખસેડતા હોય છે. શ્વાસ લેવાનીય જગ્યા નહીં. બધે થપ્પીની જેમ ખડકેલા કેદીઓ. સાઈબિરિયાના બરફ છવાયેલાં જંગલો મેદાનોમાંથી ટ્રેન પસાર થાય છે. ટ્રેનની અંદર છે દોજખ, બહાર છે બરફ પર રસળતી ચાંદની. આવી સ્થિતિમાંય ડૉ. યુરી ઝિવાગોએ ટ્રેનની એક નાનકડી બારીમાંથી ચન્દ્ર સાથે ગોઠડી માંડી છે. નરી શુદ્ધ કવિતાની કોટિનું એ દૃશ્ય યાદ આવી ગયું અને યાદ આવ્યાં જાપાની હાઈકુ.

**ચન્દ્રકવિ**

**''મારી સાથે પર્વતની ભેખડ પર**
**એક બીજો કવિ**
**સાથી મહેમાન**
**આ ગ્રીષ્મનો ચન્દ્ર''**

**-ક્યોરાઈ**

**વાદળો**

**''સમય સમયસર આવે છે**
**વાદળો ચન્દ્રદર્શનની કલાંત આંખોનો**
**થાક હરવા.**

**-બાશો**

✸✸✸

# સારું અને સફળ ગૃહસ્થજીવન જીવવા માટે....



જંગલમાં એક ગુરુ અને શિષ્ય ઝૂંપડી બનાવીને આનંદથી પ્રભુભજન કરતા હતા. ઈશ્વરનું કરવું તે એક વખત મધરાતે ભયાનક તોફાન આવ્યું તથા જોરદાર પવન ફૂંકાવા લાગ્યો. એ તોફાનમા ઝૂંપડી તહસનહસ થઈ ગઈ. છતમાં માત્ર બે પતરાં જ રહ્યાં. શિષ્ય હતાશ થઈને બોલ્યો. 'ભગવાનના ભજન કરનારની આવી દશા ? હવે ભજન કરવું જ નથી.' એણે આશ્ચર્યથી જોયું તો ગુરુજી તો જોરશોરથી નાચતા હતા. શિષ્યે ગુરુને દુઃખથી કહ્યું, 'ગુરુજી, બધું જ તો નાશ પામી ગયું તેમ છતાં આપ આટલા આનંદમાં કેમ છો ? ગુરુએ કહ્યું 'બેટા, ભગવાન દયાળુ છે, કરુણાવાન છે. જો આ જબરદસ્ત તોફાનમાંથી તેણે બે પતરાં આપણા માટે બચાવી દીધા છે તેની નીચે બેસીને આપણે પ્રેમથી એનું નામ લેશું.'

ગૃહસ્થાશ્રમમાં પાયાની આ વાત છે પુરુષાર્થ પૂરી તાકાતથી કરવો. પરંતુ અંતે જે આવી મળે તેને પ્રભુનો પ્રસાદ માની સંતોષથી સ્વીકારી લેવું. સંતોષ અને સેવા સફળ ગૃહસ્થ જીવનની પાયાની વાત છે. સંસારમાં ઈશ્વરે આપણને જુદાં જુદાં પાત્ર ભજવવા મોકલ્યા છે તે પ્રેમથી બરાબર ભજવવાં અને આસપાસના બધાની યથાયોગ્ય સેવા કરવી. બધા પ્રેમથી જ જીતાશે.

બીજું પરિસ્થિતિને અનુકૂળ થઈને જીવન જીવવું. જેવા હોઈએ તેવા જ દેખાવું. ખોટો દેખાવ અને દંભ ન કરવો. એનાથી દુઃખી થવાય. જગતમાં સારી અને ખરાબ બંને જાતની સંગતિ મળશે. ખરાબ તરફ મન વધુ આકર્ષાશે. આપણે તો બસ ! નિર્મળ થવું. અહંકાર છોડવો. વળી ભૂલથીયે બીજા સાથે આપણી જાતની સરખામણી તો ક્યારેય ન કરવી. લોકો દુઃખી શું કામ છે જાણો છો ? એ લોકો સીડીના ઉપરના પગથિયે ઊભેલા સફળ લોકોને જોઈને દુઃખી થાય છે. આશ્ચર્યની વાત એ છે કે મદદની જરૂરત નીચેના પગથિયાવાળા લોકોને જ હોય છે. તેને કોઈ મદદ નહીં કરે. મદદ પણ ઉપરવાળાને કરવાની વૃત્તિ રાખશે. તમે નાના, જરૂરિયાતવાળા માણસોને મદદ કરવા માટે હાથ લંબાવો, તમારું જે પણ સામર્થ્ય હોય તે મુજબ સેવા કરો. બીજાની નકલ ન કરો. જેમ પાણી પોતાનો માર્ગ શોધી પોતે જ ચાલે છે તેમ. બીજાના રોડ પર ન ચાલો.

સંગત સારા માણસોની રાખજો. જરૂર પૂરતું જ બોલજો. બડાશ ન મારશો. એક પાયાની વાત સમજી લેશો તો હંમેશ આનંદમાં રહેશો કે મનુષ્ય શરીર કરેલા કર્મના ફળ સ્વરૂપે અને કર્મના ભોગવટા માટે મળેલું છે અને કર્મ ફળના પ્રદાતા પરમેશ્વર જ એકમાત્ર છે. આથી જે કાંઈ સુખદુઃખ આવે એ કર્મના ફળરૂપે પરમાત્માએ આપણું કલ્યાણ કરવા માટે આપ્યાં છે. એમ માનીને ચાલશો તો મન દરેક પરિસ્થિતિમાં શાંત રહેશે ને ગૃહસ્થજીવન સારું જશે. વળી મૃત્યુ બાદ સ્વર્ગ કે નર્ક જેવું કાંઈ જ નથી. જો ઘરમાં ગુણો કેળવી સેવા કરશો તો માનના અધિકારી થશો તો એ સ્વર્ગ અને જીવનને વેડફી અવળે માર્ગે ચાલશો તો અપમાનિત થશો તે નર્ક. માટે નિત્ય સ્વર્ગમાં રહેવું એ તમારા હાથની વાત છે.

# અકબંધ

**આ** ગુલમહોરના ઝાડ નીચે જ પહેલી વાર એણે નીલાને સુબંધુની વાત કરેલી. વાત કહેતી વખતે આખું ગુલમહોર એના પર વરસી પડ્યું હોય એવું લાગેલું. એ ઝાડની ઘટા હજી એવી જ હતી. પાંચ વર્ષનો કોઈ ભાર એના પર દેખાતો નહોતો. રિક્ષા જમણી બાજુ વળી કે તરત પાનની લારી દેખાઈ. આમલીનું ઝાડ પણ ત્યાં જ હતું. હવે સવિતાબેનનું ઘર આવશે, પછી રસિકકાકા, પછી બકુલભાઈ અને સામે - બધું કેટલું પરિચિત, અકબંધ હતું ? આ રસ્તાઓ પર એ કેટલીયે વાર ચાલી હશે, ભલે ને ધૂળમાં એનાં પગલાં ન દેખાય. અહીંથી જ પહેલીવાર શણગારેલી મોટરમાં એ નીકળી હતી, બાજુમાં સુબંધુ. રડીરડીને રાતી બની ગયેલી આંખો.મોટરની બારીમાં આંસુમાં પીગળી ગયેલો બાનો ચહેરો, કોઈને ભેટીને રડતી અને હાથ હલાવતી અવની, ખૂણે ઊભેલા પપ્પાજી પછી ઘર દેખાતું બંધ થઈ ગયેલું. બેંગલોર ગયા પછી બે વર્ષે એક જ વાર અહીં આવેલી પણ તરત પાછા જવું પડેલું. સુબંધુને તાવ આવ્યો તેથી. પછીનાં ત્રણ વર્ષ ઘરનાં ગણ્યાં ગણાય નહિ અને ક્યારેય પૂરાં થાય નહિ એવા કામોમાં ચાલ્યાં ગયાં. આ વખતે તો નક્કી જ કરેલું કે મહિનો રહેવું છે નિરાંતે. બાને ગમશે. અવનીને રાહત થશે. ભાભીને પણ કામકાજમાં મદદ થશે. જો કે એ લોકો તો એમ જ કહે કે સુબંધુને તકલીફ પડશે પણ બાની તબિયત ઠીક નથી રહેતી એટલે થોડા દિવસ અહીં રહેવાથી બધું બરાબર ગોઠવાઈ જશે. પછી બેંગલોર ને સુબંધુ, ઘર ને ઘરનું કામ, એ તો છે જ ને કાયમનું.

બેગ હાથમાં લીધી ત્યાં અવની દોડતી આવી. મેં કહેલું ને કે બાની માંદગીની વાત સાંભળ્યા પછી બહેન આવ્યા વગર રહે જ નહિ... ભાભી નેપકીનથી હાથ લૂછતાં આવી ઊભાં. આખું ઘર એને વળગી પડ્યું.

બા ખૂબ દુર્બળ થઈ ગઈ હતી. આવી તો એને ખબર જ નહોતી પડી. બાના ચહેરા પરથી એ વાંચી શકતી કે એને કોઈ તકલીફ છે અને



એ જ બા આટલી માંદી છતાં એને કોઈ જાણ જ નહોતી. ને આ બધાં તો કહે છે કે બધા ગુરુવારે એ અને સુબંધુ પાર્ટીમાં ગયેલાં, એણે તૈયાર થવા પાછળ બે કલાક બગાડેલા, ત્રણ વાર સાડી બદલેલી અને અહીં બા... મન ભારે થઈ ગયું. ચાલ, હવે ચિંતાનું કારણ નથી. આ તો બાને જરા ગમે એટલે તને લખ્યું બાકી અમે તો છીએ જ ને ? કામ તો ચાલ્યા કરે... અવનીએ એનો હાથ પકડી કહ્યું.

રસોડામાં ભાભી પૂરી તળતાં હતાં, અવની વણતી હતી. આ અવની એને મદદ કરતી વખતે કાયમ ઝઘડો કરતી અને બે બહેનોની તડાતડીથી કંટાળેલી બા કોઈને કામ સોંપવાને બદલે જાતે જ કરી લેતી. રસોડું ઠીક ઠીક બદલાઈ ગયું હતું. હવે અહી કશું જડે નહિ. મસાલાનો ડબ્બો એની અસલ જગ્યાએ નહોતો. પોતે હોંશથી પસંદ કરેલી તે ખુરશીઓની જગ્યાએ ડાઈનિંગ-ટેબલની આસપાસ સાવ નવી ખુરશીઓ ગોઠવાઈ હતી. ફ્લાવરવાઝમાં ગુલછડીને બદલે સૂર્યમુખીનું એક મોટું ફૂલ મૂક્યું હતું. લાવો, ભાભી, હું પૂરી તળું, તમે થાકી ગયાં હશો. આરામ કરો થોડી વાર.

બધું થવા જ આવ્યું છે, તમે અહીં આરામ કરો થોડા દિવસ. ભાભીએ તેલમાં પૂરી મૂકતાં કહ્યું. બાને જમવાનો સમય થયો છે, થાળી પીરસી દઈએ... અવની આટલું બોલી કે તરત એણે થાળી લઈ કહ્યું કે હું પીરસું છું બાને. હજી તો શાક મૂક્યું ન મૂક્યું ત્યાં જ ભાભી તીણા અવાજે બોલ્યાં, ના, ના, એ નહિ, બાનું શાક તો જુદું છે-મોળું. તમને જડશે નહિ બધું. હું હમણાં ઝટપટ તૈયાર કરું છું, જુઓને...

અવની અને ભાભીની ઝડપભરી આવન-જાવનમાં નડતરરૂપ ન થવાય એ રીતે એ માત્ર ઊભી રહી, મહેમાનની જેમ. બન્નેના ટેવાયેલા હાથ નિશ્ચિત સ્થળેથી ચીજ-વસ્તુઓ લેતા હતા, મૂકતા હતા. બધું વ્યવસ્થિત ચાલતું હતું. એની ત્યાં ખાસ જરૂર નહોતી.

બપોરે અવનીના રૂમમાં ગઈ. હવે અવનીનો, બાકી પોતાનો હતો. આ રૂમમાં પેલાં લીલાં જંગલોનું મોટું ચિત્ર અવનીએ ખસેડી લીધું હતું. ત્યાં હવે દરિયો હતો. એને નાળિયેરી જોવી ગમતી એટલે ટેબલ બારી પાસે રહેતું. અવનીએ ટેબલ બીજી દિશામાં ગોઠવ્યું હતું. ડૉક્ટર થવાની હતી અવની એટલે એનાં પુસ્તકો પણ જુદાં. વાત તો કર બેંગલોરની, તારા ઘરની, વરની... અવની બોલતી રહી.

તડકો જરા નરમ પડ્યો એટલે એ બાગમાં ગઈ. આંબો તો એવો જ હતો. અહીં એણે સુબંધુને પહેલો પત્ર લખેલો. બે વાર ફાડી નાખેલા કાગળની ચબરખી કદાચ આમતેમથી નીકળી આવવાની હોય એમ ઝીણવટથી એ બધું જોઈ રહી. જો કે એ ઉત્સુક હતી એની મોગરવેલ જોવા માટે. ખૂબ ઝડપતી ફાલતી એ વેલને મદનબાણ કહેવાય એવું કોઈકે કહેલું. એ વેલની ભરાવદાર, અધખીલી કળીઓથી લચી પડેલી એ મોગરવેલ પાસેથી પસાર થતાં સુગંધના દરિયાની છોળોમાં ભીના થવાનું એને ખૂબ ગમતું. અત્યારે તો કળીઓ બેઠી હશે. એ ઝડપથી પાછળ ગઈ. અટકી જવાયું, ગળામાંથી

લગભગ ચીસ જ નીકળી ગઈ-ના, એને એવું લાગ્યું, ખરેખર તો બહાર કશો અવાજ આવ્યો જ નહિ. અવનીને એ માંડ માંડ પૂછી શકી કે મોગરવેલ ક્યાં ગઈ, એણે કેટલી હોંશથી ઊછરેલી. કામ કરતાં કરતાં અવનીએ કહ્યું કે બહુ વધી ગયેલી ને એક વાર નાનો સાપ ત્યાંથી નીકળ્યો. છોકરાં બહાર રમે તેથી ભાભીને બહુ ડર લાગ્યો ને કપાવી નાખી. મૂળ તો હતાં પણ પછી પાન ફૂટ્યાં જ નહિ.

એ ઉદાસ થઈ ગઈ, આટલી નાની વાતમાં ઉદાસ ન થવું જોઈએ એવું સમજવા છતાં-આંબા પાસે બેઠી પણ ગમ્યું નહિ. બધું બહુ જુદું, અજાણ્યું લાગ્યા કરતું હતું. એને રાત્રે ઊંઘ આવી નહિ.

બેન, બાનું કામ બધું માથે લે છે તે તું તો આજે છે ને કાલે નથી. અમને ભારે પડશે. તું કલાક સુધી બાને માથે તેલનું માલિશ કરે છે તે મને કે ભાભીને એટલો વખત મળવાનો છે ? અવની બબડ્યા કરતી. રસોડામાં તો કોઈ ફરકવા દેતું જ નહિ. એક દિવસ તક મળી ને પપ્પાજી માટે કૉફી બનાવી કાઢી. એમને કૉફીમાં ખાંડ વધારે જોઈતી તે યાદ રાખીને ચમચી વધારે નાખી ત્યારે એમણે તો એક ઘૂંટડો પીધો ને તરત મૂકી દીધી. અરેરે. આટલી બધી ગળી ! એ તો બેને બનાવી, એને ખબર નથી કે તમે ડાયાબિટીસની બીકમાં ખાંડ ઓછી કરી દીધી છે. એ જરા છોભીલી પડી ગઈ.

રાત્રે બાને પીરસતી વખતે ભાભીએ કહ્યું કે તમે અહીં છો તો સુબંધુભાઈને તકલીફ પડતી હશે ખાવા કરવાની...ઘર, સુબંધુ, બેંગલોર - વાત આટલાથી આગળ વધતી નહિ. એ અકળાઈ જતી. હું અહીં તમારી જોડે નિરાંતે રહેવા આવી છું. અહીં બેસીને સુબંધુની ચિંતા કરવા નથી આવી. ગુસ્સે થઈને બોલતી નહિ કોઈ જોડે તો અવની ને ભાભી મજાક કરતાં કે સુબંધુભાઈ વગર ગમતું નહિ હોય...

મધુમાલતીની સુગંધ લઈ રાત આવતી ને બા દવા લઈને સૂઈ જતી. આગલા રૂમમાં બેઠક જામતી. અવની બહેનપણીને ત્યાં વાંચવા જતી, ભાઈ-ભાભી ટી. વી. જોતાં જોતાં અનુની સ્કૂલના પ્રોગ્રામની, પ્રાર્થના ટ્યૂશનની, એ બંનેની પરીક્ષાની વાતો કરતાં જેમાં એનાથી સામેલ થવાતું નહિ. પપ્પાજી બહાર આરામખુરશીમાં લંબાવી માધવકાકા જોડે રાજકારણની ચર્ચા કરતા. પોતાને ભાગે કશું કહેવા કે કરવા જેવું આવતું નહિ એટલે એકાદ ચોપડી લઈ વાંચવાનો પ્રયત્ન કરતી પણ બે પાનાંથી આગળ વંચાતુ નહિ. આ દૃશ્ય એના વગર પણ સંપૂર્ણ હતું. એ ન હોય અહીં તો કોઈ ખૂણો ખાલી રહી જવાનો નહોતો. બધું બરાબર હતું, જેમ હોવું જોઈએ તેમ જ બેંગલોર ગઈ ત્યારે એને એવું લાગેલું કે એના વગરના આ ઘરમાં કશુંક ખાલી રહેશે જે એના આવવાથી, એની હાજરીથી જ પૂરી શકાય. ગેરસમજ થઈ ગઈ હતી જરા. એને એકાએક બેંગલોર યાદ આવ્યું અને રાત્રે જ સુબંધુને કાગળ લખવા બેસી ગઈ.

સવારે અવની બાને કહેતી હતી કે બેન ઠરીને રહે તો બેન નહિ. મહિનો રહેવાનું કહેતી હતી ને હવે જવાની વાત કરે છે ખાલી દસ દહાડામાં. એને હવે અહીં શેનું ગમે, એનું યે ઘર છે ને હવે તો-બા હસતાં હસતાં કહેતી હતી. જવાની વાતનું કોઈને આશ્ચર્ય નહોતું.

ઘર-ઘર-ઘર-હું તો ઘર પાછળ મૂકીને આવી હતી. સુબંધુ મારા વગર નિરાંતે જીવી શકે એટલો સ્વતંત્ર છે. રોજ રાત્રે મલ્હોત્રાને ત્યાં પાનાં રમવા જવું, દર પાંચમે-છઠ્ઠે દિવસે પાર્ટી માટે ઠઠારો કરવો, જ્યાં જઈ આવ્યા હોઈએ તેમને વળતું નોંતરું દેવું, સુબંધુના મિત્રોને ખરાબ ન લાગે તેની કાળજી રાખવી, રોજ ઑફિસ ને પ્રમોશનની એકની એક વાતો સાંભળવી, ખૂબ નજીક લેવાતા શ્વાસની ગરમી સતત અનુભવ્યા કરવી-એ તો બધું છે જે મારે માટે. મારે તો તમારી જોડે થોડો ભૂતકાળ જીવી લેવો હતો. પેલી તાજગીથી છલોછલ કુંવારી ક્ષણોને હળવેથી સ્પર્શી લેવી હતી. એ આંબો, નાળિયેરી, મોગરવેલ, બા, પપ્પાજી, ભાઈ, અવની - સહુની જોડે તોફાન મસ્તીમાં વીતી ગયેલાં એ મઝાનાં વર્ષોમાંથી થોડુંક સાથે લઈ જવું હતું. અહીં તો એવું લાગે છે કે જાણે હું હતી નહિ. આ ઘરમાં કોઈ દિવસ મારા હોવાનું ટપકું તો સાવ જ ભૂંસાઈ ગયું છે. આ ઘર તો અકબંધ છે, મારા જવાથી કંઈ ખરી નથી પડ્યું, નથી પડી કોઈ તડ. અમથો જ વલોપાત કર્યો લગ્નને દિવસે. રડીરડીને રાતીચોળ એ આંખો, ઘેરથી કાગળ ન આવ્યાની ચિંતા, ઘેર દોડી જવાની ઈચ્છા. એ ખેંચાણ-તરફડાટ... અર્થ હતો કંઈ એ બધાનો ? ભારે ગેરસમજ થઈ હતી એની.

પણ આમાંનું કશું બાને કે અવનીને કહેવાયું નહિ. સુબંધુને તાર કરી દીધો. ટિકિટ આવી ગઈ. પાંચ વર્ષ પહેલાં અહીંથી ગઈ ત્યારે મોગરવેલના ફૂલોની સુગંધ એ સાથે લઈ ગયેલી. અત્યાર સુધી ભારે જતનથી એ સંઘરી રાખી હતી. અહીં આવી ત્યારે ય મનમાં હતું કે ફરી એ સુગંધ બાંધી જવાશે સાથે, પણ આજે એ બને એમ નહોતું. પેલી મોગરવેલ પછી પાંગરી જ નહિ એટલે શું થાય ?

✱✱✱



દીપક ખુદ બળે છે અને બીજાઓને પ્રકાશ આપે છે એ જ રીતે મનુષ્યે પણ પોતાના તન, મન, ધન હોમીને પણ બીજાઓનું હિત કરવાનું છે.

માગો એટલે મળશે, શોધો એટલે જડશે, ખખડાવો એટલે બારણાં ખૂલી જશે, કારણ જે કોઈ માગે તેને મળે છે, જે કોઈ શોધે તેને જડે છે, અને જે કોઈ ખખડાવે તેને માટે બારણાં ખૂલે છે.

# એક હી ભાવ

☐ બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવાના શિષ્ય આપાજીએ હઝરત ઈનાયતખાન અને ઈદ્રિશ શાહના સૂફીદર્શન ઉપરનાં પુસ્તકો પૂરેપૂરાં વાંચી નાખ્યાં, ત્યારે સૂફી ચિંતનધારાથી તેઓ એટલા બધા પ્રભાવિત થયા કે સૂફીદર્શન ઉપર જ એકાદ સંશોધનાત્મક ગ્રંથ તૈયાર કરવાનો તેમણે સંકલ્પ કરી નાખ્યો. સૂફી સંતોના પ્રત્યક્ષ દર્શન કરવા માટે અને સૂફી ચિંતન વિશેની પ્રત્યક્ષ પ્રમાણીને માહિતી એકત્ર કરવા માટે તેમણે સૌપ્રથમ અજમેર જવાનું નક્કી કર્યું. વળી ગુરુ બજુવાના એક જૂના મિત્ર બાબુભાઈ શાહ ધંધાર્થે અજમેરમાં જ સ્થાયી થયા હતા અને તેમણે આપાજીને ખાસ નિમંત્રણ પણ પાઠવ્યું હતું.



સૂફીઓની જેમ જ 'રાત્રિ જાગરણ' કરતાં કરતાં એક દિવસ વહેલી સવારના ટ્રેનમાંથી ઊતરીને આપાજીએ અજમેરના સ્ટેશનમાં પગ મૂક્યો. થોડી વાર ચારેબાજુ નિરીક્ષણ કર્યા પછી તેઓ પ્લેટફૉર્મની બહાર આવ્યા. તરત જ કેટલાય ટેક્સીવાળા 'સાહબ કહાં જાના હૈ ?' પૂછતાંકને તેમની પાસે દોડી આવ્યા. તેમણે કોઈને કશો જવાબ આપ્યો નહીં, બધાથી કંટાળી જતા હોય તેમ તેઓ જરા દૂર જઈને એક બાજુ ઊભા રહી ગયા.

પછી એક ટેક્સીવાળાને હાથના સંકેતથી પોતાની પાસે બોલાવીને બાબુભાઈના બંગલાનું સરનામું જણાવી પૂછ્યું : ''વહાં જાના હૈ; ક્યા ભાવ હૈ તુમ્હારા ?''

''તીસ રૂપિયે'' ધીમા અવાજે ટેક્સીવાળાએ કહ્યું.

''તીસ તો જ્યાદા હૈ. બીસ દૂં...''

''મેરા તો એક હી ભાવ હૈ. ન જ્યાદા લેતા હૂં, ન કમ.''

''પચ્ચીસ દૂંગા... ચલેગા ?''

''જૈસી આપ કી મરજી... જો ઠીક લગે વો દે દેના...''

આપાજી ટેક્સીમાં બેસી ગયા. ટેક્સી ડ્રાઈવરે સ્ટિયરિંગને પ્રણામ કરી ટેક્સી દોડાવી મૂકી.

''સ્ટિયરિંગ કો ક્યોં પ્રણામ કિયા ?'' આપાજીએ પૂછ્યું.

''સ્ટિયરિંગ તો ઉપરવાલે કે હાથ મેં હૈં, ઈસલિએ, હમ તો ખામખા...''

તેની વાત આપાજીને સ્પર્શી ગઈ. તેની બાજુમાં બીજો એક માણસ આંખો બંધ કરીને બેઠો હતો. તેની આંખો લાલ હતી, નશો કરીને બેઠો હોય તેમ આપાજીને લાગ્યું. પણ એના વિશે આપાજીએ ડ્રાઈવરને કશી જ પૂછપરછ કરી નહીં.

પણ થોડી વાર પછી આપાજીની દ્વિધાને કળી જઈને ડ્રાઈવર બોલ્યો : ''વો હમારા સાથીદાર હૈ. હમ દોનોં ભાગીદારી મેં ટેક્સી ચલાતે હૈં. થોડી દેર કે બાદ મેરા ફર્ઝ પૂરા હોગા, ઔર ઉસકા શુરૂ.''

''લેકિન વો તો નશે મેં લગતા હૈ... વો ગાડી કૈસે ચલાએગા ?'' આપાજીએ પોતાની દ્વિધા વ્યક્ત કરી.

''નશે મેં તો મૈં ભી હૂં. ફિર ભી ચલાતા હૂંના ?''

આપાજીને થયું, આ લોકોની ટેક્સીમાં હું વળી ક્યાં બેઠો ? તેમને નીચે ઊતરી જવાની ઈચ્છા થઈ આવી. પછી મન મનાવીને ચૂપચાપ બેઠા રહ્યા. પણ તેમની નજર તો ડ્રાઈવર પર જ હતી - એ ઝોલાં ખાતો ખાતો ગાડી ચલાવતો હોઈ, તેમને થોડી દહેશત હતી - આ માણસ ક્યાંક અકસ્માત કરી બેસશે તો...

''યહાં સૂફી ફકીર બહુત રહતે હૈ... કભી ઉનસે મિલતે હો ?''

''અરે.... સાહબ, ઐસા વક્ત હમ લોગોં કે પાસ કહાં કી હમ બડે લોગોં કે દર્શન કર સકે... હમ તો સારા દિન ધંધે મેં હી....''

''તુમ લોગોં કો ઐસે ફકીરોં કે દર્શન કરને ચાહિએ, તાકિ શરાબ કી લતસે તુમ્હારા છુટકારા હો સકે.''

તે હસતાં હસતાં બોલ્યોઃ ''હમ ભી વૈસા હી ચાહતે હૈં, લેકિન ક્યા કરે આદત સે મજબૂર....''

''તુમ્હારા નામ ?'' આપાજીએ પૂછ્યું.

''અનવર મિરઝા.... ઔર યહ કા અનવર ચિસ્તી....''

''વાહ, દોનોં કા એક સા નામ!!''

''હાં, હમ દોનોં એક દૂસરે કો એક હી નામ સે પુકારતે હૈં - અનવર નામ સે!''

''આપ કહાં સે આતે હૈં ?'' અનવર ચિસ્તીએ પૂછ્યું.

''ગુજરાત સે... મૈં યહાં સે સૂફી - ફકીરોં કે બારે મેં કુછ મૌલિક ઈન્ફર્મેશન ઈકઠ્ઠી કરના ચાહતા હૂં.''

બંને ડ્રાઈવરોમાંથી કોઈએ કશો પ્રતિભાવ આપ્યો નહીં.

બાબુભાઈ શાહના બંગલા પાસે જ ગાડી ઊભી રાખી. જુએ છે તો તેમની પ્રતિક્ષા કરતાં બાબુભાઈ દરવાજા પાસે જ ઊભા હતા. બાબુભાઈએ તેમનાં ચરણોમાં મસ્તક નમાવી ગુરુ બજુવા વગેરેના ખબરઅંતર પૂછ્યા. પછી આપાજીને ભાવપૂર્વક પોતાના બંગલામાં દોરી ગયા.

નાહી-ધોઈને આપાજીએ ઝભ્ભાના ખિસ્સામાં જોયું તો તેમને ફાળ પાડી. પાકીટ ક્યાંક પડી ગયું હતું, તેમણે બાબુભાઈને વાત કરી. પાકીટમાં પૂરા બે હજાર રૂપિયા હતા. એટલે આપાજી સાથે બાબુભાઈને પણ ચિંતા થઈ આવી. આપાજીએ પાકીટ ટેક્સીમાં જ પડી ગયાની આશંકા વ્યક્ત કરી.

બાબુભાઈ બોલ્યા : ''તો તો હવે પાકીટ ગયું જ રામજી લોને... અહીંના માણસોને હું બરાબર ઓળખું છું.''

આપાજી બોલ્યા : ''બંને પૂરેપૂરા શરાબી જ હતા. કદાચ ટેક્સીમાંથી પાકીટ એમને મળી આવે તો પણ હવે એ અહીં આવીને પરત કરવાની તકલીફ પણ શા માટે લે ?''

સાંજના આપાજીએ બાબુભાઈ સાથે અહીં થઈ ગયેલા સૂફી સંતો વિશે થોડી વાત કરી ને સૂફીઓ વિશેની વધુમાં વધુ માહિતી અહીંથી કઈ રીતે મળી શકે તે અંગે વિસ્તારથી ચર્ચા કરી.

આપાજી બોલ્યા : ''માહિતી મળી શકે તો ઠીક છે. ખાસ તો આવા સંતોનાં પ્રત્યક્ષ દર્શન કરવા માટે જ હું અહીં આવ્યો છું.'' ને પોતાની દ્વિધા વ્યક્ત કરતાં તેમણે ઉમેર્યું : ''એક વખત એ સંતોનાં દર્શન થઈ જાય તો પછી મારું બધું જ કામ આપોઆપ પૂરું થઈ જશે.''

રાત્રિના નવેક થયા હશે ત્યાં બાબુભાઈના બંગલાની ડોરબેલ રણકી ઊઠી. બાબુભાઈએ માણસને આવકાર આપતાં બોલ્યા : ''કોનુ કામ છે ?''

એ માણસ હજુ કંઈ જવાબ આપે એ પહેલાં જ આપાજી તેને ઓળખી ગયા, તે બોલ્યા : ''તુમ તો અનવર મિરઝા કે સાથીદાર ડ્રાઈવર... ક્યોં આના પડા ?''

''હાં, આપ અચ્છી તરહ સે પહચાન ગએ. સુબહ ગાડી સાફ કરતે વક્ત ગાડી મેં સે આપ કા પાકીટ અનવર મિરઝા કો મિલા થા. ઉસને મુઝે પાકીટ આપ કો વાપિસ કરને કે લિએ ભેજા હૈ...'' બોલતાંકને અનવર ચિસ્તીએ પાકીટ આપાજીના હાથમાં મૂક્યું.

આપાજીએ કૃતજ્ઞતાની લાગણી સાથે અનવર ચિસ્તીને ધન્યવાદ આપ્યા. પછી પાકીટમાંથી રૂપિયા કાઢીને ગણી જોયા. પૂરેપૂરા બે હજાર રૂપિયા હતા.

આપાજીએ તેની પ્રામાણિકતાથી ખુશ થઈને તેના હાથમાં પાંચસો રૂપિયા મૂકતાં કહ્યું : ''તુમ દોનોં કી પ્રામાણિકતા સે મૈં બહુત પ્રભાવિત હુઆ હૂં. તુમ દોનોં કી કદર કરને કે લિએ મૈં યહ રકમ તુમ દોનોં કો બક્ષિસ...''

રૂપિયા લેવાની ના પાડતાં અનવર ચિસ્તી બોલ્યો : ''પૈસા લેકર હમ ક્યા કરેંગે ? યદી આપ હમ પર ખુશ હુએ હૈં તો હમેં સિર્ફ પાંચ રૂપિયે દીજીએ...''

આપાજીએ આશ્ચર્ય થયું. આણે માત્ર પાંચ રૂપિયાની કેમ માગણી કરી હશે ? તેમણે પોતાની દ્વિધા રજૂ કરી : ''તુમ્હારી બાત મૈં સમજ નહીં સકા... ?''

સ્પષ્ટતા કરતા અનવર ચિસ્તી બોલ્યો ''સુબહ જબ આપ હમારી ગાડીમે બૈઠે તબ હમને આપ કો જો કિરાયા કહા થા, ઉનમેં સે પાંચ રૂપિયે આપને હમેં કમ દિયે થે, ઈસલિએ સિર્ફ પાંચ રૂપિયે હી દિજીએ. હમારા તો એક હી ભાવ હૈ.''

આપાજીએ બક્ષિસ પેટે પાંચસો રૂપિયા સ્વીકારી લેવાનો ફરી આગ્રહ કર્યો, પણ તેણે બહુ જ નમ્રતાપૂર્વક ના પાડી દીધી. ''બક્ષિસ કે નામ પર ભી હમ હમારી નેકી કા કભી ભી સૌદા નહીં કરતે !'' ને માત્ર પાંચ રૂપિયા જ સ્વીકારીને તે વિદાય થયો.

બીજા દિવસે આપાજી બાબુભાઈ સાથે હઝરત નિઝામુદ્દીનની દરગાહે આવ્યા. દર્શન કર્યા બાદ એ જગ્યાના કેટલાક ટ્રસ્ટીઓ અને આયોજકોને મળ્યા. એ લોકો પાસેથી તેમને સૂફી સંતો વિશેની ઘણી માહિતી મળી. આપાજીના સૂફી દર્શનના અભ્યાસથી પણ એ બધા બહુ પ્રભાવિત થયા. એટલે વ્યવસ્થાપકોએ આપાજીને રવિવારના સૂફી દર્શન વિશે જાહેરમાં વ્યાખ્યાન આપવા અનુરોધ કર્યો. બધાના બહુ આગ્રહથી આપાજીએ વ્યાખ્યાન માટે સંમતિ આપી દીધી.

રવિવારના સાંજના આપાજી વ્યાખ્યાન આપવા માટે દરગાહમાં આવ્યા. પ્રચારના કારણે વ્યાખ્યાન સાંભળવા માટે બહોળી સંખ્યામાં માણસો આવ્યા હતા. આપાજીએ ઉપનિષદો અને સૂફી દર્શનનું સમન્વય કરતું તુલનાત્મક વ્યાખ્યાન આપ્યું. વ્યાખ્યાનથ શ્રોતાઓ અત્યંત પ્રભાવિત થઈ ગયા. પછી આયોજકોએ શહેરના અગ્રણી માણસો સાથે આપાજીની મુલાકાત ગોઠવવાની કાર્યવાહી હાથ ધરી.

વ્યાખ્યાન પૂરું થયા પછી છેલ્લે ચૂપચાપ બેઠેલા બે માણસોને પાસે બોલાવીને આપાજી સાથે પરિચય કરાવતાં એક ભાઈ બોલ્યા : ''યે દોનોં યહાં કે હમારે બડે સૂફી સંત હૈં.''

બંનેને જોઈને આપાજી સ્તબ્ધ થઈ ગયા. એ બંને હતા - અનવર મિરઝા અને અનવર ચિસ્તી !

આપાજીએ બંનેને અહોભાવની લાગણી સાથે પૂછ્યું : ''પરસોં જબ મૈં આપ કી ગાડી મેં બૈઠા થા તબ આપને આપ કા પરિચય ક્યોં નહીં દિયા ?''

અનવર મિરઝાએ જવાબ આપ્યો, ''પરિચય તો ઉન લોગોં કા હોતા હૈ, જિન્હોંને અપને 'મૈં' કો સંભાલ કે રખા હૈ. જબ હમારા કોઈ 'મૈં' હી નહીં તો હમારા કૈસા પરિચય ?''

આપાજી બંનેના પગમાં પડી ગયા. ને અનવર મિરઝા બોલી ઊઠ્યો : ''સિર ઝુકાકે આજ આપને હમસે હમારી ખુદાઈ હી છિન લી !''

✱✱✱

## ભગવાન પર ભરોસો રાખો

સુખ ના ટકી શક્યું તો દુ:ખની પણ શું ઔકાત છે,
વીતી જશે આ સમય પણ, બસ થોડી ધીરજ રાખો !
મુશ્કેલ સમયમાં પરસ્પર પ્રેમ અને હૂંફ જરૂરી હોય છે
વીતી જશે આ સમય પણ, બસ થોડી હિંમત રાખો !
કોઈને કલ્પના પણ નહોતી કે આવા દિવસો આવશે,
સારા દિવસો પણ જલદી આવશે એવી આશા રાખો !
કુદરતના આયોજનમાં આપણને સમજ નહીં પડે માટે,
જે થાય છે તે જોયા કરો, બાળક જેવી જિજ્ઞાસા રાખો !
ઘોર અંધકાર પછી સૂર્યનો ઉજાશ જરૂર થાય જ છે,
કુદરતના આ સનાતન સત્ય પર દૃઢ વિશ્વાસ રાખો !
વિશ્વાસનું વાતાવરણ હમણાં જરૂર ડહોળાયું છે પણ,
પોતાની જાત પર અને ભગવાન પર ભરોસો રાખો !

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશાં સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- સુરેન્દ્રનગર નિવાસી, હાલ- જુહુ સ્કીમ, શ્રી પ્રબોધભાઈ વાડીલાલ શાહ પરિવાર.
- ચોટીલા નિવાસી (હાલ-ઘાટકોપર) રસીલાબેન અરવિંદભાઈ સંઘવી.
- સ્વ. અરવિંદભાઈ રતિલાલ સંઘવીની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે.
- સ્વ. અ.સૌ. સુશીલાબેન વિનોદચંદ્ર ધોળકિયાની ૧૮મી પુણ્યતિથિ નિમિત્તે. હઃ વિનોદભાઈ ધોળકિયા
- સ્વ. અ.સૌ. દક્ષાબેન ભરતભાઈ ધોળકિયાની બીજી પુણ્યતિથિ નિમિત્તે. હ. વિનોદભાઈ ધોળકિયા
- સ્વ. શેઠશ્રી ચેતનકુમાર હસમુખલાલ શાહની ૧લી પુણ્યતિથિ નિમિત્તે. હ. વિનોદભાઈ ધોળકિયા
- લીંબડી નિવાસી, હાલ-ઘાટકોપર સ્વ. ભારતીબેન રમેશભાઈ શાહની બીજી પુણ્યતિથિ નિમિત્તે હ. રાજનભાઈ શાહ પરિવાર - અ. સૌ. અમીબેન - વિરાજ - ધ્રુતિ



વગડા વચ્ચે ઊભેલા વૃક્ષને,
કોઈ તો પૂછો ? !
–આ કાળઝાળ તડકો ઓઢીને,
છાંયડો શું કરવા પાથરે છે ! ?

વૈશાખનો આકરો તાપ ધોમ વરસી રહ્યો છે. બળબળતી લૂ કાળઝાળ થતી નિર્જન વગડાને દઝાડી રહી છે. ધરતી તપીને તાંબાવરણી થઈ ગઈ છે. માથે જુવારના દાણા પડ્યા હોય તો તુરંત જ ધાણી થઈ જાય !

તરસ્યે લૂલવતો હું વગડા વચ્ચે ઊભો છું. નજર દોડાવું છું તો – વગડામાં તરતાં એકલ-દોકલ વૃક્ષોને સાવ હાડપિંજર થઈ ગયેલી વાડીઓ સિવાય કંઈ જ અડફેટે આવતું નથી. હા, ખળખળતાં મૃગજળ વહે જાય છે, પણ તેનાથી મારી તરસ છિપાશે નહિ તેવી સમજના લીધે એ વિચારને માંડી વાળું છું.

પણ મારી તરસનું શું ? ?

– ગળું સુકાવા લાગ્યુ છે. જીભ પર ચિકાશ બાઝવા લાગી છે અને જીવ તો અકળાઈને સાવ કોકડું વળી ગયો છે !

રસ્તાના કાંઠે લીમડાનું એક વૃક્ષ ઊભું છે. થોડું દૂર છે. પણ ભલે.... હું લથડાતાં પગે ચાલવા લાગું છું. પગમાં તાકાત રહી નથી. હૈયું હામ ગુમાવવા લાગ્યું છે. જો થોડા વખતમા પાણી નહિ મળે તો, આમ અંતરિયાળ જીવ ચાલ્યો જશે તેની ફડક, ઉધઈની માફક જીવને કોરવા લાગી છે.

''મને કોઈ એક ગ્લાસ પાણી આપે. માત્ર એક ગ્લાસ...''

– તો શું ?

'તો શું મારી મિલકતનો અડધો ભાગ આપી દઉં.'

અને બે ગ્લાસ પાણી આપે તો... !

હું લીમડા પાસે પહોંચતા તો ઢળી પડું છું.

અને જ્યારે આંખો ઊઘડે છે ત્યારે..

બરાબર લીમડાના થડ પાસે એક ડોશીમા પાણીનું માટલું ભરીને બેઠાં છે. હાથમાં પાણી ભરેલ ગ્લાસ છે અને રહ્યાં રહ્યાં મારી સામુ હસે છે. તેના બોખા મોં પર લીલીછમ લાગણીના હરિયાળાં ખેતરો લહેરાઈ રહ્યાં છે અને સહેજ ઊંડી ઊતરી આંખોમાંથી અમીના ફુવારા ઊઠે છે !

'માજી !'

ડોશીમા કંઈ જ બોલ્યા વગર પાણીનો ગ્લાસ લંબાવે છે. હું ગાંડા માણસની જેમ ગટગટાવી જાઉં છું ને બીજા ગ્લાસ માટે યાચના કરું છું.

'બેટા !' ડોશી બોલે છે : પછી તારી પાસે શું રહેશે ! ?'

'એટલે ?'

જવાબમાં ડોશીમાં મર્માળુ હસે છે.

– એક ગ્લાસ માટે મિલકતનો અડધો ભાગ તો, – બે ગ્લાસ માટે...

હું એકદમ બેઠો થઈ જાઉં છું.

'મે ભેગી કરેલી મિલકતની કિંમત ફક્ત પાણીના બે ગ્લાસ ! ?'

હું થોડી વાર શૂન્યમનસ્ક થઈ જાઉં છું.

આંખું ખોલું છું.... તડકો વેઠીને, છાંયો આપતા વૃક્ષ સામે જોઉં છું... બે ડગલાં ચાલું છું. લીમડાના થડની લગોલગ ઊભો રહું છું...

– હું હવે વૃક્ષ પાસે ઊભો રહ્યો છું !

# શ્રદ્ધાનું અકલ્પ્ય સ્તર



ભારતમાં સુપ્રસિદ્ધ મરાઠી લોકનેતા થયા, નામે સંત વિનોબા ભાવે.

તેઓ કહેતા કે મને જેટલી શ્રદ્ધા ભગવદ્ ગીતા પર છે...તેટલી જ શ્રદ્ધા ભગવાન મહાવીર પર છે.

આ શ્રદ્ધા તેઓ જૈન ન હોવા છતાં પણ હાડોહાડ વસેલી...અહીં તેનો પુરાવો વાંચો.

વિનોબાજી બીમાર પડ્યા. માંદગી વધી. ડૉક્ટરે કહ્યું - હવે ૨૪ કલાક છેલ્લા ગણાય. વિનોબાજીએ કહ્યું 'ડૉક્ટર, તમે ખોટા પડશો. હું મરીશ નહીં, મેં વર્ષોથી ભગવાન્ મહાવીરને પ્રાર્થના કરી છે કે તમારા નિર્વાણ સમયે મને મૃત્યુ દેજો, અને ભગવાન મહાવીરનાં નિર્વાણદિન (આસો વદ અમાસ) ને હજુ એક મહિનાની વાર છે. મારી પ્રાર્થના નિષ્ફળ નહીં જાય ડૉક્ટર.'

ડૉક્ટર પણ થોડા સંકોચાયા. આટલા મોટાં માણસને ઝાઝું કહેવાય પણ શું ? છતાં કહ્યું 'શરીર વિજ્ઞાનની દૃષ્ટિએ હવે આપના શરીરમાં કંઈ બચ્યું નથી.' ડૉક્ટર ગયા.

વિનોબાની શ્રદ્ધાએ વિજ્ઞાન ઓળંગ્યું. બીજો એક મહિનો તેઓ રહ્યા, અને આસો વદ અમાસની રાત્રે ૪ વાગે તેઓ વિદાય પામ્યા.

એક મરાઠી ભક્તની કેવી શ્રદ્ધા !

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલું થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે.** **પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશન ના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશન માં મોકલવા જેથી કર રાહત નો લાભ મળી શકે.**

**જે પણ રકમ જાહેરાતની કે દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt પ્રદીપભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| પંચગીની તથા લોનાવલા : મિલનભાઈ **9860125136** | સંસ્થાના કોઈપણ પ્રકારના કામ માટે સભાના મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયાનો સંપર્ક કરવો **9867748120** | દેવલાલી : આશાબેન **9819956529** | સુરેન્દ્રનગર અતિથિ ભવન સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ **9099350644 / 9426756100** મુંબઈ - મિલનભાઈ તુરખિયા **9860125136 / 7208472884** |

**તા. ૪-૧-૨૦૨૧ થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપરજ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**

શ્રી ઝાલાવાડી સભાના આજીવન સભ્યપદ ના રૂા. ૫૧૦૦/- છે. ઝાલાવાડી સભાની માસિક પત્રિકાના ત્રણ વર્ષના લવાજમના રૂા. ૪૦૦/- છે. આ ફોર્મ zalawadi.com ની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા મુંબઈના Bank A/c માં રકમ જમા કરાવી અને I.D. Receipt તથા આપની પુરી વિગત મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયાને તુરંત મોકલાવી.

**મુંબઈ ઑફિસ**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

**7208472884 • 7208481791 • 7208472744**



# નકામી બધી ચીજો

☐ પ્રીતિ સેનગુપ્તા

**આ**જે અચાનક જ મારાથી આ પાનાંમાં લખવાનું શરૂ થઈ ગયું છે. આ ડાયરી તો ક્યારનીય પડી'તી. આમ તો અભિનવના ટેબલના ખાનામાં હતી. એ વળી ક્યાંથી લાવ્યા હશે ? કોઈએ આપી હશે ? પણ એમણે રાખી મૂકી એ વાતની જ નવાઈ લાગે છે. પોતાને કામની ના હોય તેવી ચીજ એ રાખે જ નહીં. એક વાર ખાનામાંથી પોસ્ટેજ સ્ટૅમ્પ લેવા ગઈ ત્યારે મેં એ જોયેલી, પણ એના પર કાંઈ ધ્યાન નહોતું આપ્યું. ભુલાઈ જ ગયેલી. પણ મગજનું તંત્ર પણ અદ્‌ભુત જ છે. નહીં તો, આજે દિલ ખોલવાનું મન થયું, ને આ ડાયરી ક્યાંથી યાદ આવી ગઈ હશે ?

દિલ ખોલવાનું મન – એ શબ્દો જાણે અજાણ્યા લાગે છે. મેં વળી ક્યારે દિલ ખોલ્યું કોઈનીયે પાસે ? એવી તક જ ક્યાં મળી ? અભિનવ આગળ તો એ ચાલે જ નહીં. વેવલાવેડા જ લાગે એમને તો. કદાચ વઢી પણ બેસે.

એવું બીજું કોઈ પણ નહોતું, જેની સામે દિલ ખોલી શકાય. મા હોત તો કદાચ – પણ એને તો એક વાર છોડી તે છોડી. એ જીવી ત્યાં સુધીમાં ક્યાં મારાથી – એટલે કે અમારાંથી – પાછાં દેશ જવાયું ? (જવાનું તો સાથે જ હોય, અભિનવ કહેતા.) બરાબર દેશવટો જ મળી ગયો હતો મને તો. મન ઝૂરી ઝૂરીને કરમાઈ ગયું. આંખો વરસી વરસીને સુકાઈ ગઈ. જોકે આ બધુંયે છાનાંમાનાં. અભિનવની સામે તે રોદણાં હોય ? એ તો મોટા સાહેબ. ને કહેશે, અરે મેઘા, તને શું સુખ નથી આપ્યું તે આમ રડતી રહે છે ? ને બધાંને ઈર્ષ્યા થાય એવા ઘરમાં રહેવા મળ્યું છે તોયે તારાં મા-બાપનું પેલું સાવ ખોલી જેવું મકાન આટલું શું યાદ કરતી હોઈશ ?''

કેટલા બધા દિવસ પછી અચાનક આ ડાયરી મેઘાના હાથમાં આવી ગઈ. આશરે ખોલેલા પાના પરના આ શબ્દોથી એને પોતાને જ નવાઈ લાગી. આવું બધું વિચાર્યું હતું ક્યારેય એણે ? છીઃ છીઃ – અભિનવને માટે એના મનમાં આવી ફરિયાદ થઈ આવેલી ?

પણ આ લખ્યાને ઘણાં વર્ષો વીતી ગયાં. ને એ પછી મેઘાનું જીવન ક્યાં ઓછા આનંદમાં વીત્યું હતું ? તોયે ડાયરી બંધ કરી દઈને મેઘાએ આમતેમ જોયું. જો અભિનવ નજીકમાં હોય તો કદાચ માફી માગી લઉં, એને થયું હશે.

અભિનવના ફોટા પર રેશમી ફૂલોનો સરસ હાર પહેરાવેલો હતો. નિરાલિએ જોતાંવેંત ફગાવી દીધો હતો અને. પપ્પા આવા દેખાવ કરવામાં માનતા ન હતા, ને ખોટાં ફૂલોને તો એ અડકે પણ નહીં, તે તું નથી જાણતી ? એ એની માને વઢી હતી. બરાબર અભિનવની જેમ જ. મેઘાએ નિરાલિના મોઢા પરના ભાવ અને ચઢી ગયેલાં ભવાં જોયાં હતાં.

નિરાલિ તો થોડા દિવસ પછી પાછી ન્યૂયોર્ક જતી રહી હતી. ત્યાં જ એનું કામ હતું. કેરિયર હતી, રસપ્રદ પ્રવૃત્તિઓ હતી, મિત્રો હતાં. સબર્બના આ ઘરમાંથી તો એ વર્ષો પહેલાં નીકળી ગઈ હતી.

પછી મેઘાએ એ જ હાર પાછો અભિનવના ફોટાને પહેરાવી દીધેલો.

અભિનવે બહુ શોખથી બંધાવેલું આ ખૂબ મોટું ઘર હવે ખાલી કરવાનું હતું. એ ગયા પછી પણ મેઘા એમાં જ રહી હતી. એને તો પહેલેથી નાનું અમથું, હૂંફાળું, પોતાનું ને એકદમ અંગત લાગે તેવું ઘર જ વધારે ગમ્યું હોત. શરૂઆતમાં એણે એવી વાત કરી હશે,ને ત્યારે અભિનવે તરત જ, મેઘાનાં મા-બાપના ખોલી જેવા ઘરનો ઉલ્લેખ કરેલો. જોકે એ પોતે પણ એવી નાની ખોલી જેવા ઘરમાંથી જ આવેલા. એ વાત અભિનવ ક્યારેય જાણે યાદ પણ ના કરતા. એ ભૂલવા જ, અને અન્ય સર્વેને તેમ જ પોતાને બતાવી દેવા જ જાણે-અજાણે આવા અનહદ મોટા ઘરમાં વસવાટ કરવાનો આગ્રહ રાખેલો.

અભિનવના ગયા પછી પણ મેઘા ત્યાં જ રહી. ઘરના છમાંથી ચાર રૂમો તો બંધ જ રહેતા હતા તોયે. નિરાલિએ તો તરત જ ઘર વેચી દેવાની સલાહ આપી હતી. મેઘાએ એ વાત પર ધ્યાન જ નહોતું આપ્યું. નિરાલિને ક્યારેક લાગતું કે મમ્મી કશાકની જીદ કરે છે, પણ નિરાલિને ખબર ન હતી કે ક્યા કારણથી ને ક્યા ઉદ્દેશથી પપ્પાએ આ ઘર બનાવેલું. એ સમજી નહોતી, કે એકલાં થઈ ગયા પછી પણ, એની મમ્મી એના પપ્પાના માનસની બધાંને બતાવી આપવાની જરૂરને માન આપતી રહી હતી.

પણ હવે લગભગ છેલ્લો સમય થઈ આવતો જતો હતો. એકલાં આ ઘરમાં રહેતાં દસ વર્ષ થયાં, હવે મેઘાથી આટલી સંપત્તિ સચવાતી નહોતી. ડૉક્ટરે એને કહી જ દીધેલું કે ''આર્થરાઈટિઝ, અને અલ્ઝાઈમરની અસર ગમે ત્યારે થવા માંડે, ને ધીરે ધીરે પછી હાથ-પગ નહીં ચાલે, ને દિમાગ પણ નહીં ચાલે, એ ખ્યાલ છે ને ?'

મેઘાને એમ તો હજી કોઈ ખાસ તકલીફ નહોતી. પણ લગભગ સાથે જ અમેરિકા આવ્યાં હોય અને સ્થાયી થયાં હોય તેવાં બીજાં મિત્રોની હાલત બગડતી જતી મેઘાએ જોઈ હતી. સરખેસરખી ઉંમરનાં ઘણાં હવે 'સ્કેલ-ડાઉન' ને 'ડાઉન- સાઈઝ' કરવાની વાતો કરી રહ્યાં હતાં.

જે હતું તે બધું નિરાલિને જ આપવાનું હતું. મેઘાએ તો માન્યું હતું, કે નિરાલિ ખુશ થઈને આ ઘરમાં રહેશે, અહીં જ એનો પોતાનો સંસાર માંડશે. પણ ના, ના, એ આ ઘરમાં રહેવા માગતી જ નહોતી. સબર્બમાં રહીને શું કરવાનું ? અહીંનું તે કાંઈ જીવન કહેવાય ? ન્યૂયોર્ક શહેરમાં રહીને જુએ ને, મમ્મી, તો તને ખબર પડે, એ બોલી હતી.

એ સિવાય પણ, મમ્મી, સાવ નાનકડા એપાર્ટમેન્ટમાં રહેતાં રહેતાંય લોકો કેટલી

નિરાંતમાં, ને કેટલા આનંદમાં જીવતા હોય છે, તે પણ જોવા ને સમજવા જેવું છે. ફક્ત વાહ વાહ સાંભળવા માટે જીવવાનું તે કાંઈ સાચું જીવન નથી, નિરાલિએ કહ્યું હતું.

એને આ ઘરનો પીછો હંમેશ માટે છોડવો હતો. ઘરને ખાલી કરવાની પણ બહુ મોટી હેરાનગતિ હતી. કેટકેટલી ચીજો - ફર્નિચર, જાજમો, ચિત્રો, ફ્લાવરવાઝ, કપ-રકાબીના સેટ. ઓહોહો, બધી નક્કામી ચીજો, સાવ નક્કામી ચીજો, નિરાલિ ચીડમાં બોલ્યા કરતી હતી. મા-બાપે જાણે એને સજા ફટકારી હતી. આ બધું લીધું એમણે, ને હવે બધું ખાલી કરવાનો આવો ત્રાસ મારે માટે રાખ્યો, એમ જ લાગતું હતું નિરાલિને.

પણ ત્યાં સુધીમાં મેઘાએ નક્કી કરી લીધેલું, કે ઘર છોડવું જ છે, ને એને ખાલી પણ પોતે જ કરશે, નિરાલિની સાવ અનિચ્છા હોય તો ભલે. એ પણ મેઘાએ સ્વીકારી લીધું.

ડાયરીને હાથમાં પકડીને, જરાક પીળાં પડવા માંડેલાં, અને જૂનાં, જર્જરિત થઈ ગયેલાં પાનાં પરના કળાત્મક લાગતા પોતાના જ અક્ષરોને જોતી મેઘા ક્યાંય સુધી બેસી રહી. સમય ન હતો, ને ઊઠવું પડે તેમ હતું, તે છતાં દીવાનખાનાનું ફર્નિચર લેવા 'વૅટૅરન ગ્રુપ'ના માણસો આવવાના હતા. કોઈ ને કોઈ રીતે બધું જ કાઢી નાખવાનું હતું. આમેય નિરાલિને તો બધું સાવ નક્કામું જ લાગતું હતું ને. મેઘાએ ઊંડો શ્વાસ લેતાં વિચાર્યું, હવે એ પોતે પણ જરૂરી અને ખાસ ગમતી થોડીક જ ચીજો રાખવા માગતી હતી.

મેઘાએ બીજાં બે-ત્રણ પાનાં જલદી વાંચી લેવા પ્રયત્ન કર્યો.

''મારી નિરાલિ જન્મી પછી ઘણું બદલાયું. મારું મન આ ઘરમાં ઠરવા લાગ્યું. અભિનવ પણ થોડા હળવા ચોક્કસ થયા. નિરાલિને કેટલું વહાલ કરતા. એની પાછળ કેટલી દોડાદોડી કરતા, એનો ઘોડો થતા. હું જોઈ જ રહેતી બંનેને. નિરાલિને ઉછેરવાનાં વર્ષો મારી જિંદગીનાં સૌથી મોંઘાંમૂલાં હતાં.''

''કૉલેજ માટે તો નિરાલિને ઘરથી દૂર જ જવું હતું. એણે ના અભિનવનું સાંભળ્યું, ના મારી સમજાવટ માની. અમે બંને ઝંખવાઈ ગયેલાં. અઢાર વર્ષ જે છોકરી અમારી હતી - અમારી સંપત્તિ જ વળી, તે હવે અમને તરછોડી રહી હતી. એ પોતાનું જ ધાર્યું કરવા માગતી હતી. આ ફટકો અભિનવને ઘણો વધારે લાગ્યો.

મનમાં ને મનમાં એ જાણે જરા ઉદાસ થઈ ગયા. હું બહુ સાચવી-સંભાળીને રહું, બધું એમને ગમતું જ કરું, પણ એમને જાણે ખુશ કરી જ નહોતા શકાતા. એમણે જૉબમાં પણ વધારે બહાર જવું પડે તેવા પ્રૉજેક્ટ લેવા માંડ્યા. ક્યારેક તો નિરાલિ રજાઓમાં ઘેર આવી હોય ત્યારે પણ અભિનવ બહાર હોય એમ બને. સારું ને ? તને ને તારી છોકરીને એક્સક્લુઝિવ ટાઈમ મળશે, એ બોલ્યા હતા.

**ઝા. સભાના કમિટિ મેમ્બર**
**શ્રી નિલેશભાઈ હિંમતલાલ દોશીની**
**અણધારી વિદાય**



**ઝાલાવાડી સભાના યુવા કમિટિ મેમ્બર લહાણા સમિતિના કન્વીનર, ખૂપ ઉત્સાહી તથા મિલનસાર એવા નિલેશભાઈને કોવિદની મહામારીમાં આપણે ગુમાવ્યા છે.**

**એમની અણધારી વિદાયથી દુઃખી પરિવારજનોને ઈશ્વર આ આઘાત સહન કરવાની શક્તિ આપે. ઝાલાવાડી સભા આ આત્મીય સ્વજનની વિદાયનો ઊંડો શોક અનુભવે છે. સદ્‌ગતના આત્માને પરમ શાંતિ મળે તેવી અંતરતમ પ્રાર્થના.**

આવી કડવાશ ભરાઈ ગઈ હતી અભિનવના મનમાં ? હવે મેઘાને એવું યાદ નહોતું આવતું. કેમ, અમે પછી નિરાલિની ગેરહાજરીથી ટેવાઈ ગયાં નહોતાં ? અમે બંનેએ મુસાફરીઓ પણ કેટલી બધી કરી. મિત્રો સાથે ભેગાં થઈને કેટલું હસ્યાં છીએ. ઘણીયે મઝા કરી છે અમે નિરાલિ વગર પણ.

દરેક જગ્યાએથી ત્યાં ત્યાંની સ્પેશિયલ ચીજો બહુ જ શોખથી ખરીદી હતી. ઈન્ડિયાથી ચાંદીના, ઝીણી કોતરણી કરેલા વાડકા તો વાપર્યાયે બહુ. પૂર્વ યુરોપમાંથી ક્રિસ્ટલના મોંઘા પ્યાલા અને કપ-રકાબીનાં તો દર વખતે વખાણ થતાં. દક્ષિણ આફ્રિકાથી રંગ-રંગીન કિડિયાંની ઝૂલવાળી ટેબલમૅટ્સથી તો ટેબલ એવું શોભતું. ને જાપાનથી કિમોનો પહેરેલી બે સુંદર ડૉલ લીધેલી, નિરાલિને હવે યાદ નથી, પણ ત્યારે એને બહુ જ ગમી હતી એ જાપાની ઢીંગલીઓ, આ તો હું જ રાખીશ, એણે કહી દીધેલું.

પણ નિરાલિની નજરમાં હવે આ બધું એટલે મમ્મી અને પપ્પાએ ભેગી કરેલી સાવ નક્કામી ચીજો. કોઈ ટેસ્ટ જ નહીં હોય એમનામાં ? નિરાલિને નહોતી ગમતી ઈસ્ટ યુરોપિયન ક્રિસ્ટલની મોંઘી ચીજો - તૂટતાં વાર જ નહીં, ને કરચો વાગી જાય તે વધારામાં, એણે ચીડમાં વિચાર્યું, અને ઓહોહો, છેક ઈન્ડિયાથી આવેલી સાચ્ચી ચાંદીની, 'હવે તો જોવાય ના મળે' એવી વસ્તુઓ - નિરાલિએ મા-બાપના શબ્દોના ચાળા પાડતા જાતને ઉદ્દેશી.

એણે કોઈ એજન્ટ નીમવાનું મેઘાને સૂચવેલું. ભલે કરતો એ જ બધી માથાકૂટ - ચીજો વેચવાની કે ચેરિટીમાં આપી દેવાની. આ નક્કામા ડબા પાછળ ટાઈમ બગાડવા કરતાં, એનો જે ચાર્જ હોય તે આપી દેવો સારો. કશા પ્રયત્ન વગર મેઘાનું મન નિરાલિના સૂચન તરફ સભાન થતું ગયું હતું.

સહેજ નિરાંત મળતાં ફરીથી મેઘાના હાથમાં એ ડાયરી આવી ગઈ. ચાલ, જોઉં બીજાં બે-ચાર પાનાં, કરીને એણે ખોલી. ઘણાં પાનાં સાવ છૂટાં થવા આવેલાં. જલદી ફેરવતાં એક પાનું એના હાથમાં જાણે ચોંટી ગયું.

''મેં કલ્પના પણ નહોતી કરી કે આટલાં મોટાં થઈ ગયાં પછી પણ કોઈને માટે કશું

આકર્ષણ અનુભવી શકાય. કૉલેજમાં પણ પ્રેમ નહોતો થયો. ત્યારે તો ઘરમાં જ એવી જપ્તી હતી, કે હૃદય છે એવો ખ્યાલ પણ નહોતો આવ્યો ક્યારેય. ને લગ્ન તો બાપુએ કહ્યું તે પ્રમાણે, ત્યારે ને ત્યાં જ, થયું. અભિનવ સારા હતા, ને મારા મનની કશી માગણી પણ ન હતી.

પછી એમણે મને યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં સાધારણ એક નોકરી અપાવી દીધેલી. ખોટો સમય બગાડવા કરતાં જે થોડા પૈસા આવે તે, એમણે કહેલું. મને ત્યાં વાતાવરણ બહુ ગમી ગયેલું. ત્યાં જ રાફાયેલ સાથે સહેજ ઓળખાણ થયેલી. મને તો એ સ્કૉલર જેવો લાગતો. જાડી જાડી ચોપડીઓ આપવા-લેવા રોજ આવે.

એમ કરતાં કરતાં પરિચય જરા વધેલો. પહેલાં ચોપડીઓની વાતો, પછી દૂર દૂરના એના બ્રાઝિલ દેશની વાતો, પછી કૅફેટેરિયામાં સાથે કૉફી પીવા જવું, પછી એક વાર લાઈબ્રેરીમાં જ એક વ્યાખ્યાનમાં સાથે બેસવું. એક વાર એક ચોપડીમાંથી કશું બતાવવા ગયો ને અમારા હાથ અડી ગયેલા. પછી ક્યારે એણે હાથ પકડ્યો, અને મારી આંખોમાં જોયું...''

મેઘાના હાથમાંથી ડાયરી સરકીને નીચે પડી. ટેબલને અથડાઈ, ને એનાં આમેય ઢીલાં થઈ આવેલાં પાનાં છૂટાં થઈને વિખેરાઈ ગયાં. આ તો એટલા સમય પહેલાંની યાદ હતી કે એની યાદ પણ નહોતી રહી. આવું બનેલું ખરું ? જાણે પોતાને જ પૂછવું પડે તેમ હતું.

મનની અંદર ઊંડો કૂવો હોવો જોઈએ. ક્યારે પડી ગઈ હશે એમાં આ યાદ ?

થીજી ગઈ હોય એમ મેઘા બેસી રહી ને બહુ વારે કશુંક સપાટી પર આવવા માંડ્યું.

એક મૈત્રી થઈ હોત, તો બહુ કીમતી બની હોત, પણ બંને વચ્ચે આકર્ષણ થઈ આવેલું. જોકે એક વાર હાથ પકડ્યો તે જ. એ સિવાય આગળ વધાય તેમ તો હતું જ નહીં, શક્યતા જ ન હતી. મેઘા પરિણીત હતી, અને રાફાયેલને અચાનક કૌટુંબિક કારણોસર બ્રાઝિલ પાછા જવું પડે તેમ હતું. ફરી ક્યારેય બંનેને મળવાનું થયું જ ન હતું, ને એ પ્રસંગે ભુલાઈ જ ગયેલો.

ઈન્ડિયન સમાજના શિસ્તબદ્ધ ઉછેર અને જીવન પછી, મનની અંદરના કૂવામાં નાખી દેવો પડે તેવો, જોકે વિદેશના સંદર્ભમાં સાવ સાધારણ જેવો, અનુભવ મેઘાને થયો હતો.

ધીરે ધીરે એને એ પણ યાદ આવ્યું, કે કેટલાક વખત પછી અભિનવ અને મેઘા એક મોટા ફંક્શનમાં ગયાં હતાં ત્યારે રાફાયેલ મળી ગયો હતો. પહેલાંથી પણ વધારે સ્કૉલર જેવો દેખાતો હતો. મેઘાને જોઈને એ જરાક સંકોચ પામી ગયો.

એવું શા માટે ? ત્યારે જ મેઘાને પ્રશ્ન થયેલો.

એણે તરત અભિનવ સાથે ઓળખાણ કરાવી. રાફાયેલે એ જ સંકોચ સાથે એની પત્નીની ઓળખાણ કરાવી. ઓહ, તો વચમાં એ આ બ્રાઝિલિયન સુંદરીને પરણી આવેલો. શું એ માટે જ એ બ્રાઝિલ પાછો ગયો હશે ? એ જ હતું એનું ''કૌટુંબિક કારણ'', ને શું એથી જ આટલા વખત પછી એ લજ્જિત થઈ રહ્યો હતો ?

ચારે જણે ખપ પૂરતો વિવેક દાખવેલો, ને બંને દંપતી જુદી તરફ ચાલી ગયાં હતાં.

ડાયરીનાં પાનાંમાંથી આ વાત નીકળી આવી. રાફાયેલ વિશે આટલું પણ પોતે લખ્યું હશે, એવું મેઘાને યાદ નહોતું. અભિનવના હાથમાં ગયું હોત તો ? સાવ કારણ વગર મનદુઃખ થાત, ને કદાચ થોડા આર્ગ્યુમેન્ટ પણ થયા હોત.

કારણ વગર. કશાયે કારણ વગર ને.

કેટલું અર્થ વગરનું લાગે છે અત્યારે. રાફાયેલની સાથે થયેલો જરાક જેવો પરિચય. સાવ સાધારણ જ હતો. હા, ખરેખર બધું અર્થ વગરનું છે. અરે, તદ્દન નક્કામું છે, મેઘા વિચારવા લાગી. બધું – મોટેથી નાનું, ખાસથી સાધારણ; કશી પણ જૂની યાદો, ઘરની બધી વસ્તુઓ – બધુંયે.

અચાનક જાણે મેઘાને સમજાયું, કે ડહાપણ તો ખરેખર નિરાલિમાં જ છે. એણે ક્યારે પણ કોઈ બંધન સ્વીકાર્યાં નહીં. એ પોતાની મરજી પ્રમાણે જ રહી. મા-બાપે વસાવેલું કાંઈ એને જોઈતું નહોતું. જે જોઈશે તે પોતે વસાવી લેશે. સમર્થ હતી નિરાલિ એ માટે.

તમને પણ હવે આવું જ નથી લાગતું, અભિનવ ? ઘણી વાર આપણને એ ઉદ્ધત ને મનસ્વી લાગી હતી, નહીં ? પણ જીવનનો અર્થ તો જાણે એ જ સમજી છે - એમ કે, ઓછામાં પણ ઘણું મળી શકે છે, ને જગ્યા નાની હોય પણ મન મોટું હોઈ શકે છે. શું કહો છો, અભિનવ ?

અભિનવે વિચારપૂર્વક કહ્યું હોત, આ દેશમાં વાંચન વધારે છે એટલે કે, સ્કૂલમાંથી જ છોકરાંઓને સ્વતંત્રપણે વિચારવા પ્રોત્સાહન અપાતું હોય છે એટલે, પણ હા, અહીં ઘણાં છોકરાં સરસ મેચ્યોર થઈ જતાં હોય છે, જીવનની વાસ્તવિકતાને નાની ઉંમરથી સમજવા લાગતાં હોય છે. હા, સાચી વાત છે, આપણી નિરાલિ આમાંની એક જ છે.

મેઘાને દીકરી પર વહાલ જ નહીં, માન પણ થઈ આવ્યું. પહેલેથી જ એ ખોટી સેન્ટિમેન્ટાલિટીથી દૂર રહી હતી. નાનપણથી જ આટલું ડહાપણ કઈ રીતે આવ્યું હશે એનામાં ?

ચોથે દિવસે સવારે મેઘા ઘર છોડી રહી હતી.

એક એસ્ટેટ એજન્ટ નીમી દીધો હતો. એ ગોઠવશે જાહેર હરાજી, અને જે નહીં વેચાય તે ચેરિટી ખાતે જશે. એ જ ઘરને સાફ કરાવી લેશે. એક રિયલ એસ્ટેટ કંપનીને ઘર વેચવાને માટે નીમી દીધી હતી. એ પૈસો મેઘાનાં બાકીનાં વર્ષો માટે, નિરાલિના ભવિષ્ય માટે, ઈન્ડિયા ને અમેરિકામાં દાન માટે વાપરવાના હતા. એની વ્યવસ્થા વકીલને મળીને થશે. અત્યારે તો જરૂર પ્રમાણેનાં બધાં કાગળિયાં પર સહી-સિક્કા થઈ ગયાં હતાં.

ડાયરીનાં જે થોડાં પાનાંમાં લખાણ હતું તે પાનાં ફાડીને મેઘાએ કચરાની બૅગમાં નાખ્યાં હતાં, ને બાકીનાં પાનાં પસ્તી ભેગાં થયાં હતાં.

સાવ હળવી થઈ ગઈ હતી મેઘા. નક્કામી બધી ચીજો અને યાદો જ્યાં હતી ત્યાં જ રહેવા દીધી હતી. એ એક નાના ને સાદા ફ્લૅટમાં રહેવા જતી હતી. જે કપડાં અને જરૂરી ચીજો વગેરે સાથે લેવાનું હતું તે બધું મોટરમાં સમાઈ ગયું હતું. એ ફ્લૅટ સાવ ખાલી જેવો રહેશે, પણ મને નિરાંતના ભાવથી ઊભરાતું રહેશે, અને લાગતું હતું.

અભિનવનો ફોટો મેઘાના હાથમાં હૃદયસરસો હતો. ફોટાને પહેરાવેલો હાર તો એણે ચાર દિવસ પહેલાં જ કાઢી નાખ્યો હતો.

✸✸✸




# પરિચયની પાંખે

□ સંધ્યા શાહ

**ઘરે-બાહિરે : રવીન્દ્રનાથ ટાગોર**
**અનુવાદ : નગીનદાસ પારેખ**
**મિહિર પ્રકાશન : રાજકોટ**

ભારતીય સંસ્કૃતિના યુગમૂર્તિ સર્જક રવીન્દ્રનાથ ટાગોરની ૧૬૦મી જન્મજયંતી આ વર્ષે ઉજવાઈ રહી છે. આર્ષદૃષ્ટા સર્જકની જીવનદૃષ્ટિ સદાય પથદર્શક બની રહેતી હોય છે અને તેમની કૃતિઓ કાળજયી... સમયનો સ્પર્શ એને મલિન કરી શકતો નથી. માનવીય સંવેદનાના ઉદ્‌ગાતા રવીન્દ્રનાથ એક કવિ, નાટ્યકાર, ચિત્રકાર, નવલકથાકાર ટૂંકી વાર્તાના સર્જક તથા નિબંધકાર છે. સાહિત્યના તમામ ક્ષેત્રોને એમનો સંજીવની સ્પર્શ થયો છે. નોબેલ પારિતોષિક મેળવનારા આ કવિએ વિશ્વસાહિત્યના સર્જકોમાં પણ અગ્રીમ સ્થાન મેળવ્યું છે.

'ઘરે-બાહિરે' રવીન્દ્રનાથ ટાગોરની કીર્તિદા કૃતિ છે. આ બહુ મોટી નવલકથા નથી તેમ છતાં વિશ્વસાહિત્યની મહાન કૃતિઓ સાથે તેને સરખાવી શકાય છે. અંગ્રેજોના આગમન પછી પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિના સંપર્કને કારણે ભારતમાં સાંસ્કૃતિક સંક્ષોભ સર્જાયો. રવીન્દ્રનાથની આ કૃતિ સંસ્કૃતિ સંક્ષોભનું પરિણામ છે.

વિશ્વમાનવધર્મ દર્શાવતી આ કૃતિ બંગભંગના આંદોલનને ઝીલે છે. વિમલા, નિખિલ ને સંદીપના હૃદયભાવોની અભિવ્યક્તિ પ્રગટ કરતી આ કૃતિ પાત્રોની આત્મકથાના સ્વરૂપે ઉઘડે છે - કૃતિનો આરંભ વિમલાની આત્મકથાથી થાય છે વિમલા જમીનદાર નિખિલેશને પરણી છે - તે સીધો સાદો યુવાન છે. વિમલા એની ભક્તિ કરે છે. નિખિલ તેને માત્ર રસોડામાં રહેવાને બદલે બહારના જગતમાં આવવાનું ઈજન આપે છે. તે સમયે બંગભંગનું આંદોલન ચાલ્યું. ક્રાંતિના આ વાવાઝાડોમાં ત્રીજા પાત્રનો પ્રવેશ થયો તે છે સંદીપ.

પહેલાં તો પિતાના પૈસા ઉડાવનારા સંદીપ પ્રત્યે ચીડાતી વિમલા એના પ્રભાવશાળી વાક્‌પ્રવાહથી મંત્રમુગ્ધ થઈ જાય છે. એ પતિની પૂજારણ બનવાને બદલે સતત સંદીપ તરફ ખેંચાય છે.

સંદીપ તેને રાષ્ટ્રીય ભાવનાના સંદર્ભમાં નિકટ આણવાનો પ્રયત્ન કરે છે. નિખિલ પોતાના મિત્રનો આ સ્વાંગ નિહાળી દુઃખી થઈ જાય છે પણ તેને પ્રેમમાં શ્રદ્ધા છે. નિખિલ અને સંદીપ વચ્ચે રાજનીતિને મામલે પણ ઉગ્ર ચર્ચાઓ થાય છે.

રવીન્દ્રનાથના જીવનદર્શનના વાહક સમો નિખિલ, ઝૂંટવીને ભોગવવાની વૃત્તિવાળો સંદીપ તથા માનવહૃદયની સહજ નિર્બળતા સમી, સંદીપના આભાસી વ્યક્તિત્વ પ્રત્યે ખેંચાતી વિમલા.. ભિન્ન ભિન્ન પ્રકૃતિ ધરાવતાં પાત્રોના અંતરનો વલોપાત અહીં ખૂબ સૂક્ષ્મતાથી આલેખાયો છે.

રવીન્દ્રનાથે સ્વતંત્રતા ની ભાવનાને બાઝેલા જાળા દૂર કરીને વિશાળ સ્તરે મુક્તિ ની ઝંખના કરી છે.

'દેશપ્રેમની ચંચળ ભાવનાશીલતા પ્રજાને યોગ્ય દિશામાં લઈ જઈ શકે નહીં...' એ સર્જકપ્રતીતિનું પ્રમાણ અહીં જોવા મળે છે. 'ઘરે-બાહિરે'ની વચ્ચે અટવાતા પાત્રોનો સંઘર્ષ અહીં નિરૂપાયો છે. ઘરથી બહાર નીકળતી વિમલાનું લોહીલૂહાણ થઈ જવું ને પરિતાપના અગ્નિમાં પ્રજળ્યા પછી મોંઘી અર્થવત્તાને પામવી તે જ છે આ કૃતિનું તાત્પર્ય. શ્રેયને છોડીને પ્રેયને પસંદ કરવા જતા આવનારા પરિણામ નો, શીલને મૂકી શક્તિની પાછળ દોટ મૂકતા આવતી આફતનો બોધપાઠ અહીં મળે છે. અખંડ વહેતો રસપ્રવાહ અને કળાને છાજે તેવો સંયમ આ કૃતિ ને વિરલ બનાવે છે. ગાંધીજીના સાધનશુદ્ધિના આગ્રહને યથાર્થ રીતે સમજવા માટે આ ઉત્તમ કૃતિ છે.

૧૦૦ વર્ષ પહેલાં લખાયેલી આ કૃતિ રાષ્ટ્રીય ચારિત્ર્યને સમજવા માટે આજે પણ એટલી જ પ્રસ્તુત છે. કાકા કાલેલકરે આ કૃતિના સંદર્ભમાં કહ્યું છે : 'અમૃતસમી આ નવલકથાને માધ્યમે રવીન્દ્રનાથે આપણા સમાજની, આપણી રાષ્ટ્રીયતાની અસાધારણ કોટિની સેવા કરી છે. દેશ એટલે દેશનું ચારિત્ર્ય - દેશને નામે સત્યનો કે ચારિત્ર્યનો દ્રોહ કરે તે દેશદ્રોહી જ છે...' રાષ્ટ્રવાદની પડછે પોષાતા તકવાદ કે ઝનૂનને પોષવાને બદલે રવીન્દ્રનાથે સૃષ્ટિ માત્ર પરત્વેના પ્રેમને પ્રાધાન્ય આપ્યું છે. બહુ જ મોટું મૂલ્ય ચૂકવીને ધરી પર પાછા ફરેલા ત્રણેય પાત્રોના સંઘર્ષને અને તેમની ભાવશુદ્ધિને આલેખીને ટાગોરે ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને ઉજાગર કર્યા છે.

સ્ત્રીની આંતરશ્રી અને તેની પરિશુદ્ધિને વર્ણવતા સર્જકે નારીના આ પાસાનો મહિમા કર્યો છે.

શબ્દની ભાવછટાઓ, આરોહ અવરોહ ને વાક્યના લયને બીજી ભાષામાં લઈ જવાનું વિકટ કાર્ય અનુવાદકે પાર પાડ્યું છે.

ગુજરાતી પ્રજા અનુવાદક શ્રી નગીનદાસ પારેખ ની ઋણી રહેશે. અન્યથા આર્ષદ્રષ્ટા સર્જકની આટલી અનુપમ કૃતિનો આસ્વાદ આપણે કઈ રીતે માણી શકત ?

# કૂબો

□ હરીશ નાગ્રેચા

બહારથી કંટાળીને આવેલાં વિરમ, કુંજ અને છોકરાંઓ, હાશ કરતાં, કપડા બદલી, હજી ઘરમાં ગોઠવાયાંય નહોતાં ત્યાં જ ફોનની ઘંટડી વાગી. આવા સમયે કુશંકા પ્રેરતી ઘંટડી વિરમને ગમતી નહીં.

કોણ છે નવરું, રાતે બાર વાગે? વિરમે ન છૂટકે તોછડાઈમાં ફોન ઉપાડ્યો : હેઅ...લોઅ! ફોન પર નિયતિ હતી. વિરમે ટૂંકાવ્યું : એક મિનિટ...!

નિયતિ અને કુંજનું હવે લાંબું ચાલશે એવી આગોતરી અકળામણમાં વિરમે નિયતિને ન કેમ-છો પૂછ્યું, ન રાતે-કેમ-ફોન-કરવો-પડ્યો એવી કોઈ ચિંતા વ્યક્ત કરી. એણે તરત સાદ પાડ્યોઃ કુંજ, તારો ફોન છે, નિય્ય...ત્તી!



અણગમામાં વિરમનો નામોચ્ચાર બટકી ગયો. ઉતાવળે કુંજે આવી. ધરી રાખેલું રિસિવર લીધું, કે વિરમ બબડ્યોઃ ટૂંકમાં પતાવજે હવે. કુંજે ગળી જઈ, અવાજમાં સાયસ ઉમળકો પૂર્યો : હાય, નિ! કેમ, અત્યારે! ખેરિયત તો છેને ?શું ? કુંજનો સ્વર તરડાયો. એણે આંખો મીંચી, હોઠ ભીડી, સમસમતાં ક્યાંય સુધી 'હં' -કાર્યા કર્યું.

વચ્ચે વચ્ચે છૂટાછવાયા છટકતા કુંજના ઉદ્‌ગારો-અત્યારે! અંબરે! માય ગૉડ. પણ તું છે ક્યાં- સાંભળી, કુંજના ચહેરા પર સળવળતાં મૂંઝવણનાં અળસિયાં જોઈ, વિરમ અનુમાનમાં ખોવાઈ ગયો.

કુંજ અને નિયતિ સ્કૂલથી સાથે હતાં, ને સંકટ સમયની સાંકળ જેમ એકબીજાને હાથવગાં રહેતાં. વિરમને નિયતિ ગમતી, પણ બંનેનું ઓથભર્યું સખ્ય જોઈ એને ક્યારેક ઈર્ષાય આવતી. વિરમને નિયતિનું ચાતુર્ય આકર્ષતું. પણ એનું આખાબોલાપણું સહન ન થતું. વિરમે કાન સરવા કર્યા.

નિ, તે પપ્પાને ફોન કર્યો? કુંજે પ્રશ્ન તો કર્યો, પણ ખોટો, ને કટાણે થઈ ગયો હોય એમ એ સહેજ થોથવાઈ, ને પછી નિયતિના જવાબથી મૂંઝાઈ.

કુંજની મૂંઝવણ તાગી ગઈ હોય તેમ સામેથી નિયતિએ એવો સવાલ પૂછ્યો કે કુંજે હા-કે-નામાં ટૂંકો, પણ સ્પષ્ટ જવાબ આપવો પડે, જેથી આગળ શું કરવું એની નિયતિને સૂઝ પડે.

વિરમ તરફ કુંજની કીકીઓ સહેજ સળકી. ને તરત પાછી ફરી. એ બોલતાં ખચકાઈ. નિયતિના સંદર્ભમાં જાગેલા ખચકાટને એ ઓળખી ન શકી. અનપેક્ષિત ખચકાટને ખાળતાં કુંજે સામે પ્રશ્ન કર્યો : એમાં પૂછવાનું હોય? અફકોર્સ, આવતી રહે. આ શું તારું ઘર નથી?

શું છે, એ જાણવા વિરમે કુંજ સામે નેણ ઊંચાં કર્યાં. કુંજે વિરમ સામે જોવાનું એમ ટાળ્યું, જાણે કોઈ અંદેશાને મુખોમુખ થતાં વર્ષોથી ટાળતી આવી ન હોય? પોતાના વર્તનથી કુંજે ભાગેડુ જેવી નાનમ અનુભવી. અવગણાયો હોય તેમ વિરમનું મોં વીલું પડી ગયું.

ફોન મૂકી કુંજે અફસોસમાં માથું ધુણાવ્યા કર્યું : અંબર, આવું કરી શકે! સાવ આવું!

-પણ થયું શું ? વિરમના અવાજમાં કાળજી કરતાં અકળામણ વધુ હતી. મા-બાપની વાતો સાંભળ્યાં કરતાં સૌમ્યા અને કૈરવને પોતાના રૂમમાં જવાનો આદેશ દેતો વિરમ કુંજ તરફ સર્યો. છોકરાંઓ તરત બારણાં પાછળથી ડોકાયાં.

-શું થયું કુંજ, ઝઘડ્યાં કે શું, અંબર ને નિ પાછાં? વિરમનો અધીર અવાજ તરડાયો.

-નિને ઘરની બહાર કાઢી મૂકી છે, અંબરે. કુંજ દુભાઈ.

આમ થવાનું જ હતું વહેલું-મોડું એવી ખાતરી હોય તેમ વિરમે ઉદાસીનતાથી ઉમેર્યું : હવે?

-અત્યારે નિ રસ્તા પર ઊભી છે, બેગ સાથે, એકલી.

-તો?

-આવે છે, અહીંયાં.

-અહીંયાં? શું કામ જેવી નામરજીની તોછડાઈ વિરમના અવાજમાં ઝબકી. કુંજને આશ્ચર્ય થયું.

-નિએ પૂછ્યું, મેં કહ્યું : આવતી રહે. ઘર તારું જ છે. શું ખોટું કહ્યું? ને કુંજે રહીને ઉમેર્યુંઃ શું કરું? કુંજ બોલી તો ગઈ, પણ, શું કરુંમાં માફી જેવી લાચારી ડોકાઈ જતાં એણે ક્ષુદ્રતા અનુભવી. વિરમ અપલક તાકી રહ્યો.

-ખરી છે તું, નિને ઘરે બોલાવે છે, હું સામે ઊભો છું, તોય તું તો પૂછતીય નથી મને, કેમ?

અનેક ગોફણો સાથે વછૂટી હોય તેમ વિરમના શબ્દો કુંજના હૈયે સામટા ઝાંકાયા. પહેલાં તો સમજાયા નહીં, પછી ઘાયલ પંખીની પાંખ જેમ રહીને સહેજ તરફડે તેમ શબ્દોની સભાનતાથી કુંજ ફફડી.

મારે પૂછવું પડે તને? શાહુડીનાં પીંછાંની જેમ કુંજનાં રોમેરોમ રોષમાં ઊભાં થઈ ગયાં, પણ એ બોલી ન શકી. નિરાધારતાથી નાલેશીમાં સ્તબ્ધ થઈ ગઈ.

-આ તે કંઈ રીત છે? વિરમે બબડી મોં ફેરવી લીધું. કુંજ સમજી નહીં. કોની રીત? નિયતિની કે એની? ધૂંધવાયેલા વિરમનો ઊંચો અવાજ કુંજને ગમ્યો નહીં. વિરમનો પ્રશ્ન એના મનમાં જાગેલા કોઈ અંદેશાના હાઉ સામે પડકાર હતો. કુંજ જોઈ રહી. હાથમાંનું નેપ્કિન વિરમે તાણમાં સોફા પર ફંગોળ્યું. સામાન્ય રીતે વિરમનું વેણ કુંજ મન પર લેતી નહીં. પણ આજના પ્રશ્નએ સાહચર્યની તાસકમાંથી કાંકરાની

જેમ એને ચૂંટી બહાર ફગાવી દીધી ન હોય એવું એને ઓછું આવ્યું. વિરમ જે બોલ્યો એ ખરેખર એને અભિપ્રેત હશે, કે અસભાનપણે જ... ? પણ હૈયે ન હોય તો હોઠે આવે જ કેમ, અમસ્તું જ ?

વિરમના વિચારથી ક્ષુબ્ધ કુંજ ઘડીક નિયતિને ભૂલી ગઈ. એને સમજાયું નહીં, વિરમને અકળામણ શેની હતી ? નિ અહીં આવે છે એની, કે નિને આવવાનું કહેતાં પહેલાં એની સંમતિ ન લીધાની ? મારા જ ઘરમાં મારે વિરમની રજા લેવાની ? કુંજને થયું નિયતિની જેમ એ પણ રસ્તા પર જ. પોતીકાપણાની ઓસરી જતી પતીજનું લખલખું કુંજની અંગમાંથી પસાર થઈ ગયું.

કુંજની ચુપકીદી દરમિયાન વિરમે પાયજામા પર કફની ચડાવી ચંપલ પહેર્યાં ને, હું-પાન-ખાવા-જાઉં-છું કહી. લેચ-કી લઈ એ બારણાં તરફ ફર્યો. બહાર જતાં વિરમે એવી નજરે પાછું વળીને જોયું. જાણે એમાં નિયતિ આવે તો કુંજે શું કરવું એનો આદેશ ન હોય ? કુંજને ફાળ પડી.

વિરમ, જો, સાંભળ....! કુંજનું ગળગળું મન વિરમ પાછળ દાદર સુધી ઢસડાઈ, પાછું ફર્યું. વિરમના આવા વર્તનથી કુંજ અજાણી નહોતી. એથી વિરમને શું અભિપ્રેત હતું એ સમજતી હતી. એનું મનોબળ તોડવા વિરમ પાસે આ અકસીર ઈલાજ હતો, ને અચૂક એ વાપરતો. ઘરમાં પોતાના વજૂદ માટે ઊભા થયેલા પ્રશ્ન સામે ઠીંગરાઈ ગયેલી કુંજ ફિક્કું હસી સોફામાં ઢગલો થઈ બેસી ગઈ. સૌમ્યા ને કૈરવ તરત બહાર દોડી આવી કુંજને વળગી પડ્યાં.

- શું થયું મોમ્ ? સૌમ્યાએ આંખમાં આંખ પરોવી. કુંજ જીરવી ન શકી.

- પપ્પા ક્યાં ગયા, કહેને મમ્મી ? કૈરવે કુંજને હચમચાવી નાખી.

- કોનો ફોન હતો મોમ્ ? સૌમ્યાએ કુંજનો ચહેરો પોતાના તરફ ફેરવ્યો. એનો સખી જેવો સમભાવ કુંજને સ્પર્શી ગયો.

-મોમ કહેને.

- નિમાસીનો

-નિમાસીનો ! ચોકલેટની અપેક્ષામાં કૈરવ ઉત્સાહમાં આવી ગયો. સૌમ્યાએ કૈરવને વાર્યો.

માસી અત્યારે આવે છે ? સંતાનોની આંખમાં નિ માટેનો આવકાર જોઈ કુંજ આશ્વસ્ત થઈ.

મોમ્, માસી કેમ આવે છે ?

-રહેવા.

આગળ જવાબ દેવો ટાળવા કુંજ બાળકોને



**શ્રી અનોપચંદભાઈ ખીમચંદભાઈ શાહનો દેહવિલય**

**કુશળ રાજનીતિજ્ઞ, માયાળુ સમાજસેવક તથા એક સજાગ પત્રકાર એવા શ્રી અનોપચંદભાઈએ અનંતની વાટ પકડી છે.**

**ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપ્રજક જૈન સંઘ, જૈન સોશ્યલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશન, બૉમ્બે રીજીયન, વઢવાણ મિત્ર મંડળ જેવી સંસ્થાઓના પ્રાણ સમા શ્રી અનોપચંદભાઈનું સામાજીક યોગદાન અમૂલ્ય રહ્યુ છે. ભૂતપૂર્વ વિધાનસભ્ય અને લોકસભાના સભ્ય એવા અનોપચંદભાઈ માનવતાના કાર્યોમાં અગ્રેસર રહ્યા. સમાજ સાથેનો જીવંત સંપર્ક જાળવનાર આ બાહોશ શુભચિંતકની વિદાયથી સમગ્ર ઝાલાવાડને ન પૂરાય તેવી ખોટ પડી છે.**

**ઈશ્વર તેમના આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ અભ્યર્થના.**

કાખમાં દાબી એમના બેડરૂમમાં લઈ ગઈ. એને સૂઝ નહોતી પડતી. શું કરવું ? નિ આવતી હતી, અવમાનિત થઈને. વિરમ જતો રહ્યો હતો, અવમાનિત કરીને. પ્રસંગની આમન્યા જાળવવા કેવો અભિગમ અપનાવવો જોઈએ એ વિચારવા કુંજને થોડો સમય જોઈતો હતો, જેથી એવો તોડ શોધે કે વિરમ અકળાઈ નારાજ ન થાય; ને જો નિ આવે તો ક્યાં આવી ભરાણી જેવો એને ક્ષોભ ન થાય. કુંજે યંત્રવત્ બાળકોની પથારીઓ કરવા માંડી.

-મમ્મા, આજે તું અમારી સાથે સૂઈ જાને ! કૈરવ અને સૌમ્યા કુંજને ભેટી પડ્યાં. કુંજને ગમ્યું. એ પથારીમાં બેસી ગઈ. કુંજને કહેવું હતું આજે નિમાસી તમારી સાથે સૂશે. કોણ જાણે કેમ પણ એની જીભ ઊપડી નહીં. કુંજ લાડમાં બાળકોને પસવારતી રહી.

●●●

ઘર મોટું નહોતું, પણ હતું પોતાનું, માલિકીનું, વિરમ-કુંજનું. કુંજનું મન આડું ફાટ્યુંઃ કુંજનું હતું ?

બાળકો મોટાં થતાં, અવરજવર વધતા કુંજે ઘર વધુ સગવડિયું કરાવ્યું હતું. રિનોવેશનના ખર્ચાને પહોંચી વળવા એણે સવાર-સાંજ ટ્યુશન કર્યાં હતાં. વિરમ આનંદમાં હોય ત્યારે ઘરને પોતીકો, હૂંફાળો કૂબો કહેતો. મુંબઈમાં આ કૂબો ઊભો કરતાં વિરમ-કુંજને માથે થોડાક સફેદ વાળ આવી ગયા હતા, લાખોમાં ગણતરી ને બંને નોકરિયાત.વિરમને ઓફિસમાંથી મળતી લોન ઓછી પડતાં કુંજે વર્ષો જૂની નોકરી છોડી પી.એફ, ગ્રેચ્યુઈટી મેળવી બાકીની મૂડી ઊભી કરી હતી. ગૃહપ્રવેશ વખતે એમની પાસે હતાં એક ચટાઈ, જૂની ખુરસી, નવો સ્ટવ ને ચાર ઉધાર વાસણ. એ વચ્ચે પણ પોતીકાપણાનો સહિયારો અહેસાસ અનન્ય હતો, અખિલાઈ છલકતો.

તું તો પૂછતીય નથી મને, કેમ ? કુંજનું મન કચવાયું. જગ્યા લીધી ત્યારે બાપુની સલાહ હતી, ઘર બંનેનાં નામ પર લેવું જોઈએ. પણ વિરમને મૂંગો, વિમુખ જોઈ, કુંજે બાપુને વાર્યા હતા, ને ઘર વિરમના નામ પર લીધું હતું.

ઉત્સાહમાં વિરમે દરવાજે તકતી પર કુંજનું નામ પણ ચીતરાવ્યું હતું. કુંજનો જીવ ફફડ્યો : ફક્ત ચીતરાવ્યું જ હતું. શું કામનું જો...

વાહન ઊભું રહેવાનો અવાજ આવતાં કુંજ ઊભી થઈ બારીએ ગઈ. કંઈ દેખાયું નહીં. બહાર અંધારું હતું, જેમાં તીવ્ર ગંધ હતી, નિરાશ્રિતતાની.

ગુડ નાઈટ્! બાળકો બચ્ચી કરી, લાઈટ ઓલવી કુંજ સમતુલા શોધતી બેડરૂમની બહાર નીકળી.

નોકરીના ઈન્ટરવ્યુ માટે અણધાર્યો ચડી આવેલો વિરમનો મિત્ર, રાજુ, અઠવાડિયા પછી ગઈ કાલે જ ગયો હતો. એ આવ્યો ત્યારે વિરમે ખોટે સમયે પૂછ્યું નહોતું : કુંજ તને...! તો પછી વિરમને કેમ પૂછવું પડ્યું ? હું એની મરજીને ઉવેખવા જાણી જોઈને શું ઉપરવટ જઈ રહી હતી ?

નિ માટે અનુભવાતી નિસહાયતા કુંજને ખટકી, ઘર ઊભું કરવાનો એનો અને વિરમનો સહિયારો આયાસ, નિયતિના જીવનની જેમ જ એળે જતો લાગ્યો. એ મૂંઝાઈ, મારા ને નિયતિના ઘર માંડવાના ઉદ્દેશની માવજતમાં શું ખૂટ્યું ? કે પછી વિરમ, અંબરના જિન્સ જ...

પરિવારની મરજી વિરુદ્ધ ભાગી જઈ નિયતિએ અંબર જોડે લગ્ન કર્યાં હતાં. ત્યાર પછી કોઈ પણ સ્વજને એની સાથે સૂતકનોય સંબંધ રાખ્યો નહોતો. અત્યારે હવે ક્યા મોઢે નિ...! પહેલે દિવસથી જ કુંજને હતું અંબરથી નિયતિ નહીં જીરવાય. નિયતિને મેં પૂછ્યા વિના બોલાવી એ શું વિરમથીયે નહીં જીરવાયું હોય ? પોતાના અહમ્ જેટલા નાના, સાંકડા કૂબા બનાવવા એમને કેમ ગમતા હશે ? સત્તા માટે ? સલામતી ખાતર ? કોનાથી ? એવા કૂબા જેમાં એમના સિવાયના બધા જ બહાર રહી જાય ?

હમણાંની નિયતિએ કુંજને પેટછૂટી વાત કરવા માંડી હતીઃ કુંજ, શરૂઆતના દિવસોની બેફિકરાઈ અને બેજવાબદારીને હું અને અંબર એકબીજાના સાંનિધ્યમાં મરજીની મોકળાશ સમજી બેઠાં હતાં, ને એને ખોઈ ન બેસીએ-ની બીકમાં તરત પરણી ગયાં, પણ પછી મોકળાશ તો રહી નહીં, રહી તો અંબરની જ મરજી, ગૂંગળાવતી, સંબંધમાં એક સાંધો તો તેર તોડતી. કુંજ, મને હજી સમજી નથી શકી હું, કે અંબરનું જ ગાયું હું કેમ ગાયા કરું છું ? બીકમાં ? એને જો હું નહીં સાચવું, ને એ મને પડતી મૂકશે તો કોઈનેય હું મોઢું કેમ દેખાડી શકીશ ? અંબર વિશે મારો નિર્ણય ખોટો છે, જાણું છું, પણ હું ખોટી હોઉં, એ સ્વીકારાતું નથી, ને મને સાચી પાડવા જીદમાં અંબરને વળગી રહી છું, હડધૂત થતી. વહેલુંમોડું મારે આ સ્વીકારવું જ પડશે, નહીંતર એક દિવસ...! કુંજનું મન ભરાઈ આવ્યું.

વિરમનું અને એનું, લગ્ન પહેલાં, નિએ કેટલું બધું કર્યું હતું ? વિરમે લખેલા આવેશમય પ્રેમપત્રો બાના હાથે ચડતાં, નિ જ એની વહારે ધાઈ હતી કે એ પત્રો વિરમને નામે એણે કુંજને લખ્યા હતા. પત્રો વાંચી બા ડઘાઈ ગઈ હતીઃ શરમાતી નથી, આવા ભૂંડા કાગળ તારાથી કુંજને લખાય ? ને ટાંટિયો ભાંગી નાખીશ કહી બાએ નિયતિનું ઘરે આવવાનું બંધ કરી દીધું હતું. નાલેશીમાંય નિ હસતી હતીઃ ચલતા હૈ યાર, તૂ ચિંતા મત કર. નિનો સાથ જો ન હોત તો આજે જે બેઠી છે ઘર, સંસાર માંડીને તે...! કુંજ પાછી દાઝી :કોનાં ? તારાં કે વિરમનાં ? તમારાં હોત તો શું વિરમે તને... ?

વિચારોથી ગુનાહિત અનુભવતી કુંજને એના તર્કે ટપારીઃ બહુ સેન્સિટિવ છે તું, સ્ત્રીને એ પોસાય ? સમજ, નિયતિ માટે તારા જીવનમાં ખલેલ પાડવી શું યોગ્ય છે ? કુંજનું મન તડક્યું: બે બાળકો થયાં પછીયે વિરમનું બોલવું તું તો પૂછતીય નથી મને કેમ ? - એ શું યોગ્ય છે ? પ્રશ્નમાં આટલાં વર્ષેય હજી મારો સ્વીકાર નથી, દુઃખ એનું છે. એ દુઃખ સામે આંખ આડા કાન કેમ કરું ? સ્વમાન વિના જીવવામાં શો સ્વાદ ? કુંજનો તર્ક જંપ્યો નહીંઃ તું જેને સ્વમાન કહી ઓળખાવે છે, એ તારા અહમે પહેરેલું મહોરુ તો નથીને ? કુંજ બળી ઊઠીઃ તો શું શરણાગતિ સહચર્ય છે ? જ્યાં મરજીની મોકળાશ ન હોય ત્યાં ખુલ્લું આકાશેય કારાવાસ લાગે. શું કારાવાસ માટે સંસાર માંડ્યો હતો ? કુંજનો તર્ક પાછો પડ્યો : તું તો નિયતિને પડતી મૂકી તારો જ બળાપો લઈ બેસી ગઈ છો.

કુંજને થયું, કજિયાનું મોં કાળું. નિને સમજાવી, ફોન કરાવી મોકલી આપીશ એના પપ્પાને ત્યાં. પણ તેથી શું થશે ? કુંજનો માંહ્યલો ભડક્યો : તોડ નીકળશે, વિરમ સાથે સમાધાન થશે, તેથી જાગેલી સભાનતાને શું ફરક પડશે ? એને વિસારે પાડી શકશે ? તને એ કનડ્યા નહીં કરે ? કે પછી બેશરમ થઈ કનડગતનેય કોઠે પાડી લેશે ?

કુંજનું મન ખાટું થઈ ગયું. પોતાના વામણાપણાની ઘૃણાથી છટકવા એણે ઘડિયાળ સામે જોયું. ચાલીસ મિનિટ પસાર થઈ ગઈ હતી. ન વિરમ પાછો ફર્યો હતો, ન હજી સુધી નિ પહોંચી હતી. જે ક્ષણે કુંજને નિની પડખે ઊભું રહેવું હતું, વિરમ એ જ ક્ષણે...

રેઢું અનુભવતી કુંજને પિયર યાદ આવી ગયું, બહેનો-બાપુ, બા, પણ કોઈ ઉમળકો જાગ્યો નહીં. બાને કોઈ પણ વાત કરો બસ એટલું જ બોલે : વારુ, પૂછી જોઈશ તારા બાપુને. ત્યારે સમજાયુ નહીં. બધી બહેનો અકળાતીઃ વાતે વાતે બાપુને શું પૂછવાનું ? તારું મન શું કહે છે ? બા મૂંગી રહી આડું જોઈ જતી. કુંજને થયું બાને શું મારા જેવા પ્રશ્નો નહીં થતા હોય, કે એવી કોઈ એને જરૂર જ નહીં જણાઈ હોય ? ઘર ઊભું કરવામાં જો એનો ફાળો ન હોત તો આ બધા વિચાર કરવાની શું એની હિંમત ચાલત ખરી ? એ શું કરત ? કુંજ મૂંઝાઈઃ લગ્ન કરીને જે વરના ઘરે જતી હશે, શું એ લોકોને પાતીકું-હક્કનું લાગે એવું ઘર અનુભવવાનાં મરજી-મન નહીં થતાં હોય ? દાયકાઓના દામ્પત્ય પછીય નહીં ? થતું હશે ત્યારે ? એ શું કરતી હશે ? મારી જેમ જીવ બાળતી હશે કે મન મારી નાખતી હશે, ઓશિયાળી થઈ.

કિનારા પર પછડતા લોઢની જેમ વિરમના વેણ-તું તો પૂછતીય નથી મને, કેમ ?– કુંજના ચિત્ત પર વારંવાર અફળાઈ રહ્યા. મારે જે કરવું હોય એ એને રાજી રાખીને કરવાનું ? મારા રાજીપાનું શું ? એને અપરાધ ભાવે જ

ટકાવવાનો, પરસ્પર હક્કના સ્વીકારમાં નહીં? ને એને કહેવાનો, સહચાર?

કુંજ અકળાઈ. નિનો ફોન જ ન આવ્યો હોત તો આમાંનું કશુંય ન થાત. આંધળાપાટાની રમત ચાલ્યા કરત. પછી થયું જો ફોન ન આવ્યો હોત તો ખબર કેમ પડત કે મારા ઘરમાં મારે હજી પૂછવાનું હોય, પોતીકું સમજી જીવવાનું નહીં.

ડૉરબેલ સંભળાતાં જ કુંજને ધ્રાસકો પડ્યોઃ નિ? કે વિરમ? પછી ધ્યાનમાં આવ્યું. બેલ તો ઉપરવાળા ભાટિયાને ત્યાં વાગી હતી. કુંજ વિચારમાં પડી ગઈ. પાનનું બહાનું કાઢી વિરમ કેમ ચાલ્યો ગયો હતો? મારા અને નિ વચ્ચે ક્ષોભની ક્ષણના સાક્ષી ન બનવું પડે એટલે? ને આમ ચાલ્યા જઈ, પડતી મુકાયાનો મને અહેસાસ કરાવી, એ વાયડાને જોઈએ છે શું? કુંજ વીફરીઃ પડ ખાડમાં, જા.

કુંજને પગલાંના ભણકારા વાગ્યાઃ જો તોબરો ચડાવીને વિરમ પાછો ફરશે તો? તો સૉરી કહી દેજે. સૉરીના વિચારથી કુંજ ભડકી. ઘડીક એને વિરમ જોડે ખુલાસો કરી લેવાનું ખુન્નસ ચડ્યું. એ અટકી. એના પહેલં જો નિ આવી ચડશે તો?

પાનવાળાની દુકાન હજી ચાલુ છે કે બંધ થઈ ગઈ છે, એ જોવા કુંજ ઊભી થઈ, બારીએ જઈ, ઝૂકી. એની આંખોમાં અંધારું અંજાઈ ગયુંઃ તને જો અંબરે જાકારી છે તો નિ વિરમે જાકાર્યો છે મારો હક્ક. તારું ઘર ભાંગ્યું છે આજે તો મારી ભાંગી છે ઘરની ભ્રમણા. ઘરની દરેક ઈંટનો રંગ આપણાં લોહીથી લાલ કેમ ન બન્યો હોય, ભીંત અંતે ઓળખાય છે એમના અહંના વાઈટ-વૉશથી જ. કેમ, નિ કેમ?

એકાએક કુંજ રસોડામાં ગઈ. નિ માટે જમવાની વ્યવસ્થા કરી. બેઠકરૂમમાં પાછી ફરી. સોફા પર સફેદ ચાદર પાથરી, તકિયો ગોઠવ્યો, એના પર નિ માટે પોતાનો નવો ગાઉન મૂક્યોઃ છો જોતો વિરમ આવીને. કુંજ ખુરસી પર બેસી ગઈ હાંફતી, ધૂંધવાતી, પ્રતિકારતી.

નહીં વાપરું, કુંજના વિચારમાં ભડકો થયો, એક પૈસો સૌમ્યાના લગ્નપ્રસંગે નહીં વાપરું, ન સાડી-સેલાં માટે, ન ઘરેણાં માટે, ન વાડી-મંડપ કે ભોજનસમારંભ માટે. સાચવીશ રૂપિયે-રૂપિયો ઘર માટે, સૌમ્યાના પોતાના નામના ઘર માટે જ્યાં કચવાતા જીવે એણે કોઈની રજા માગવી ન પડે.

વિચારોનો વિદ્રોહ જ્યારે કુંજને ઘેરી વળ્યો હતો, ત્યારે ઘાયલ સૈનિક, ધર્મક્ષેત્રે નવો વ્યૂહ કેમ ને ક્યારે માંડવો એનો વિચાર કરતો જેમ છાવણીમાં પાછો ફરે તેમ નિયતિ બે દાદર ચડી, હાંફતી દરવાજા સામે આવી ઊભી રહી. પ્રવેશ પર જડેલી નામની તકતી પર એની નજર પડી. નિયતિએ ટેરવાં ફેરવી વહાલથી નામ વાંચ્યાંઃ વિરમ-કુંજનો-કૂબો. ટચ-વુડ. નિયતિને ડૂમો ભરાઈ આવ્યો. ધીરે રહીને એણે ડૉરબેલની સ્વિચ દાબી, ને દરવાજો ખૂલવાની રાહ જોઈ રહી.

✷✷✷

## ઝાલાવાડી સભાના 'કાયદે આઝમ' શ્રી રસિકભાઈ તુરખિયાનું અંતિમ પ્રયાણ...



**ઝાલાવાડી સભામાં વર્ષો સુધી સક્રિય કારોબારી સભ્ય, કાયદાકીય બાબતોના ઊંડા અભ્યાસુ, સભાના લાડીલા 'કાયદે આઝમ' શ્રી રસિકભાઈ સુખલાલ તુરખિયા તેમની સુદીર્ઘ આયુષ્યયાત્રાના ઉમદા પથિક બની રહ્યા.**

**સત્ય અને અપરિગ્રહને જીવનમાં વણી લેનારા, ઉત્કૃષ્ટ ધર્મ આરાધના કરનારા આ શ્રેષ્ઠ શ્રાવકે સાંઘાણી જૈન સંઘ, પંતનગર ઘાટકોપર સંઘ, શ્રી ઘાટકોપર ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મંડળ, સ્થા. જૈન મહાસંઘ તથા સ્વયંસેવક મંડળના વિધવિધ હોદ્દા પર પોતાની કાર્યશૈલીનો પરિચય આપ્યો છે. વતન સુદામડામાં હાઈસ્કૂલની સ્થાપના તથા તેના વિકાસ માટે તેઓ સતત કાર્યરત રહ્યા. શતાબ્દીને આરે આવેલા આ વડીલ ધર્મ પ્રત્યેની અવિચળ શ્રદ્ધાએ સંથારા સહિત અરિહંતશરણ પામ્યા. ઝાલાવાડી સભાના આ ઉમદા માર્ગદર્શક હંમેશાં યાદ રહેશે.**

## SHREE ZALAWADI JAIN SABHA - MUMBAI

**GST Applicability on Services**

1. Sanitorium Rent where per day rent is Rs 1,000 or more + 12% GST
2. Matrimonial Services + 18% GST
3. Annual/Life Membership Fees + 18% GST
4. Advertisement in Zalawadi Patrika + 5% GST
5. Sale of Notebooks at Concessional Rate + 12% GST

**SECRETARY**

**Shri Pankajbhai Sanghvi**
9820040719

**Shri Atulbhai Shah**
9820148673

**Shri Anilbhai Sanghvi**
9821096238

**Shri Mukeshbhai Shah (Chashmawala)**
9819183325

**Shri Narendrabhai Sanghvi**
9323285529

## સાહિત્ય વૃત્ત

# પદ્મશ્રી એવોર્ડ વિજેતા
# કવિ દાદનું નિધન



**કવિ દાદ**

'કાળજા કેરો કટકો મારો
ગાંઠથી છૂટી ગ્યો...'

**પિતૃહૃદયની આ શાશ્વત ભાવનાને ઉજાગર કરતી પંક્તિઓના રચયિતા કવિ દાદ ૮૨ મા વર્ષે શબ્દસ્થ થયા છે.**

**'ગરવા ગિરનાર'ના આ કવિ, ઉમદા લેખક, ગાયક અને વક્તાનો 'ટેરવા' નામનો ગ્રંથ આઠ ભાગમાં પ્રગટ થયો છે. ૧૫ જેટલી પ્રસિદ્ધ ગુજરાતી ફિલ્મોનાં ગીત લખનારા કવિ દાદને 'ગુજરાત ગૌરવ એવોર્ડ' 'ઝવેરચંદ મેઘાણી એવોર્ડ' જેવા અનેક સન્માન મળી ચૂક્યા છે. ગુજરાતી સાહિત્યને પોતાના શબ્દોથી અજવાળનાર કવિ દાદના અવસાનથી ગુજરાતી લોકસાહિત્યને મોટી ખોટ પડી છે.**

**સદ્ગતને શ્રદ્ધાસુમન... એમની જ રચનાઓ થકી...**

**– સંધ્યા શાહ**

કાળજા કેરો કટકો મારો,
ગાંઠથી છૂટી ગ્યો
મમતા રૂવે જેમ વેળુમાં વીરડો ફૂટી ગ્યો

છબતો નહીં જેનો ધરતી ઉપર,
પગ ત્યાં થીજી ગ્યો,
ડુંગરા જેવો ઉંબરો એણે માંડ રે ઓળંગ્યો

બાંધતી નહીં અંબોડલો બેની, ઇ મર ને છૂટી ગ્યો,
રાહુ બની ઘુંઘટડો મારા ચાંદને ગળી ગ્યો

આંબલીપીપળી ડાળ બોલાવે હે બેના
એકવાર હામું જો
અરે ધૂબકા દેતી જે ધરામાં ઈ આરો અણહર્યો

ડગલે ડગલે મારગ એને સો સો ગાઉનો થ્યો
ધારથી હેઠી ઉતરી બેની મારો સૂરજ ડૂબી ગ્યો

લૂંટાઈ ગ્યો મારો લાડખજાનો 'દાદ' હું જોતો રહ્યો
જાન ગઈ જાણે જાન લઈ હું તો સૂનો માંડવડો.

---

ટોચોમાં ટાંકણું લઇ ભાઇ ઘડવૈયા !
મારે ઠાકોરજી નથી થાવું.
ઘડધીંગાણે જેના માથા સમાણે
એનો પાળિયો થઇને પૂજાવું...
ઘડવૈયા મારે...

હોમ હવન કે જગન જાપથી
મારે નથી પધરાવું
બેટડે બાપના મોઢા ન ભાળ્યા
એના કુમળા હાથે ખોડાવું...
ઘડવૈયા મારે...

ગોમતીજી કે ઓલ્યા જમુનાજીના
નીર ગંગામાં નથી નાવું
નમતી સાંજે કોઇ નમણી વિજોગણના
ટીપા આંસુડે ભીંજાવું...
ઘડવૈયા મારે...

મોહ ઉપજાવે એવી મૂરતિયુંમાં
ચિતારા નથી ચીતરાવું.
રંગ કસૂંબલ ઘૂંટયો રદામાં
દાદલ જાજુ શું રંગાવું ?...
ઘડવૈયા મારે...

---

ભીંતડિયું કેવી તમે ભાઇગશાળી . . .

ભીંતડિયું કેવી તમે ભાઇગશાળી,
ગાર્યું કરે ગોરા હાથવાળી;
ગોપીયું ચીતરી, કાનુડો ચીતર્યો,
ચીતર્યા ગોપ ને ગોવાળી......ભીંતડિયું...

ખરબચડા જેવી તું ઊભી'તી ખોરડે,
અટૂલી ને ઓશિયાળી;
ચૂડિયુંવાળા હાથે છંદાણી તું,
સુખણી થઇ ગઇ સુંવાળી......ભીંતડિયું...

ઘૂંઘટામાંથી બા'રે મોઢાં ન કાઢતી,
ન પેનીયું કોઇએ નિહાળી;
પદમણી તારી દેયું પંપાળે,
હેમ સરીખા હાથવાળી.......ભીંતડિયું...

ધોળી તે ધૂળના છાંટા ઊડ્યા જાણે,
તારલે રાત્ય અજવાળી;
ચાંદની જેમ તને ચારે દશ્યુંએ,
ઓળીપો કરીને ઉજળી......ભીંચડિયું...

પસીનો લૂછતાં ઓઢણી પડી ગઇ,
લજવાણી લાજાળી;
ભાવ ભરેલી એ દેહમાં ભાળી તેં,
રેખાઉં હરિયાળી......ભીંતડિયું...

'દાદ' કરમની દીવાલ ઊઘડી,
કોણે નમાવી ડાળી;
જડે ચેતનના પ્રતિબિંબ ઝીલ્યાં ઇ,
વાત્યું છે વીગતાળી...
ભીંતડિયું કેવી તમે ભાઇગશાળી
ગાર્યું કરે ગોરા હાથવાળી.

---

આ ભૂમિમાં જ દૈવત જેવું છે કશુંક
વાવો મહાભારત અને ગીતા નીકળે
છે આ કાલિદાસ ને ભોજના ખંડેરો
જરાક ખોતરો ત્યાં કવિતા નીકળે
હજુ ક્યાંક ધબકે છે લક્ષ્મણ રેખા
રાવણો જ્યાંથી બીતા બીતા નીકળે
કૃષ્ણના ટેરવાં જો આવીને ફંફોસે
તો વાંસળીના ટુકડાં સંજીતા નીકળે
ગુરુ દત્ત જેવાની જો ફૂંક જાય લાગી
તો ધુણા ગીરના હજુ ધખીતા નીકળે
શું તાસીર છે આ ભુમી ની હજી રાજા
જનક જેવા હળ હાંકે તો સીતા નીકળે.

# સૅનેટોરિયમ

□ ગિરીશ ભટ્ટ

તે તેના નિયત સ્થાને, પરસાળમાં સૂતી હતી. આજે છેલ્લી રાત હતી આ સૅનેટોરિયમ-નિવાસની. ઠંડી હતી. પાસેથી ભીંત બરફ જેવી લાગતી હતી. ક્યાં અજાણી હતી ? રોજ રાતે... શાંતિથી ભીંતો જોતી નીંદરમાં સરી જતી હતી.

તેને બરાબર યાદ હતું કે આ માગશર માસના કૃષ્ણ પક્ષની સાતમની રાત હતી.

સૅનેટોરિયમમાં તો કૅલેન્ડર પણ ક્યાં હતું ? પંચાંગ તો ક્યાંથી હોય ? પણ સુમીએ તેને થોડીક તિથિઓ યાદ કરાવી હતી : બેન, પરમ દિવસે મારાં લગ્ન નિરધાર્યાં છે. તમારે આવવું જ પડશે. નહીં તો, રિસાઈ જઈશ તમારાથી. બેન... વચન આપો કે... તેણે તેને માંડ સમજાવી હતી કે તેનું જવું અનિવાર્ય હતું. સુખી થવાના આશીર્વાદ આપ્યા હતા, પ્રેમથી તેને ગળે વળગાડી હતી.

આ સ્થાન તો હવે છોડવાનું હતું. થોડા કલાકોનો સાથ હતો. વલ્લભકાકાની વિદાય તો સાંજે જ લીધી હતી; તે ભાવુક બની ગઈ હતી ને વલ્લભકાકા પણ છ માસ પહેલા, બેન બનેવી સાથે અહીં આવી હતી ત્યારે મનમાં અજંપો હતો. સ્થાન સાવ અજાણ્યું હતું. રેલવેસ્ટેશને એ ત્રણેય ઊતર્યા હતા ત્યારે સાંજ ઢળી રહી હતી.

કોઈએ પગદંડી ચીંધી હતી : બસ... આ રહ્યું સૅનેટોરિયમ. સો ડગલાં ચાલો ને ઝાંપો આવશે. પ્રથમ છાપ નિર્જનતાની પડી હતી : આ તો... સાવ...!

મોટીબેન... નિસ્તેજ હતી. શરીર ક્ષીણ થતું જતું હતું. રોગ કરતાં રોગનો ભય વધારે હતો.

ડૉક્ટરે એ જ કહ્યું હતું : સૅનેટોરિયમ ઠીક રહેશે. ત્યાંની હવા સૂકી છે. હવા, દવા ને પ્રેમભરી માવજત તેમને સાજા કરી દેશે. હજી રોગ.. બહુ પ્રસર્યો નથી.

તેમણે વલ્લભકાકા પર ચિઠ્ઠી લખી આપી હતી. સહુ પ્રથમ વલ્લભકાકા જ મળ્યા હતા : મને તો કોઈ દરદી લાગતું જ નથી. હા... થાકેલાં છો. મોટી બેન પહેલી વાર મલકી હતી.



દશ-બાર કૉટેજ, મુખ્ય ઈમારત અને વિશાળ જગ્યા. 'કરો વિશ્રામ. સવારે ડૉક્ટર દયાળ આવશે. બધું સવારે,' તે સરળતાથી બોલ્યા હતા, ખુદ ચાવી લઈને પાંચમા નંબરના કૉટેજમાં આવ્યા હતા.

એક ખંડ જ્યાં રોગીનો પલંગ હતો. પડખે... કિચન અને આગળની બંધ પરસાળ.

આ પરસાળ જ નીનાનું સ્થાન બની ગયું હતું જે હવે છોડવાનું હતું.

બધું યાદ હતું, યાદ આવતું જતું હતું : જીજાજીએ કહ્યું હતું - લો, નીનાને... તો નીની આવી ગઈ ! અહીં જ જંપી ગઈ ઓશીકું લઈને.

થાકે તેને વિવશ બનાવી હતી.

સવારથી દોડધામમાં જ હતી ને ? જીજાજી... પીજીમાં આવ્યા હતા ત્યારે તે જોબ પર જવા તૈયાર થતી હતી. ને આ ખબરથી તો કેટલો આઘાત લાગે ? મોટીબેનને તો ટીબી ? કેમ થયો આ રોગ ? અને સૅનેટોરિયમમાં સારવાર માટે જવાનું હતું. તેણે સાથે જવાનું હતું. મોટીબેન હતી. બીજું કોણ હતું આ દુનિયામાં ? મા-બાપ તો... ? માંડ બહાર અવાયું હતું આઘાતમાંથી. ને ત્યાં આ રોગ... ? નીનાએ તરત ફોન કર્યો - જોબ કરતી હતી ત્યાં, પીજીવાળી માલકિનને સ્થિતિ જણાવી.

બીજો ફોન કેદારને કર્યો હતો.

અને નીકળી પડી હતી, બૅગ લેતીક.

પ્રથમ... અજાણ્યું... ગામ, સૅનેટોરિયમ અને આ પરસાળ.

જીજા અવિનાશનું વાક્ય – લો, નીનીને તો નીની આવી ગઈ, કાને પડ્યું હતું... તે મલકી હતી પણ એ બધું બેચાર પળ પૂરતું, તે સાચેસાચ ગાઢ નીંદરામાં સરી ગઈ હતી.

સવારે... પંખીઓ કલરવોએ જગાડી હતી. કોઈ સ્ત્રી પ્રભાતિયું ગાઈ રહી હતી. ટ્રેનની વ્હિસલ સંભળાતી હતી. શરીરને કઠોર ફરશની અનુભૂતિ થતી હતી.

તે પૂરી જાગ્રત થઈ ગઈ હતી : અરે, આ તો સૅનેટોરિયમના કૉટેજની પરસાળ હતી ! એક નવી સવાર હતી !

ત્રીજી અનુભૂતિ એ થઈ હતી કે તેના ચરણો પાસે, નીચે જીજાજી... ટૂંટિયું વાળીને સાંકડી જગામાં સૂતા હતા.

નીના બેઠી થઈ ગઈ હતી. કેટલી શરમ આવતી હતી ? અરે, તેણે કેટલા પાદ-પ્રહારો કર્યા હશે તે ઉદાર જીવને ? પી.જી. માં તેની રૂમ પાર્ટનર વિમળા ક્યારેક હસતાં હસતાં ફરિયાદ કરતી જ હતી - નીનાબેન... તમે મને રાતભર કયા પાપની સજા કરો છો ?

તેણે ક્ષમા પણ માગી હતી. અવિનાશ હસ્યા હતા. ડૉક્ટર દયાળે અંજનાના એક્સ-રે તપાસ્યા હતા, ફાઈલ તૈયાર થઈ હતી.

દયાળે કહ્યું હતું : રોગ મટી જશે. કઠોર બનીને ઉપાયો કરજે, નમ્ર બનીને પ્રાર્થના કરજે.

ડૉક્ટર દયાળ તેને પાદરી કે સંત જેવા લાગ્યા હતા. ચહેરા પર કરુણા, વાત્સલ્ય અને સૌમ્યતા. પછી જાણવા મળ્યું કે તે એકાકી હતા, પત્નીની સ્મૃતિઓ સાચવતાં જીવી રહ્યા હતા.

'તું જ સાથે રહીને સેવાચાકરી કરવાની છું ને ? સરસ.' એમ કહીને તેમણે કેટલીક સૂચનાઓ આપી હતી. આમ કરવાનું, આમ નહીં કરવાનું.

એક સૂચના હતી કે આ ચેપી રોગ હતો. સેવા કરવાની પણ કેટલીક સાવધાની રાખવાની. તું એ રૂમમાં તો નથી સૂતી ને ? ગુડ. તારે પણ

દવા લેવાની. મટી જશે અંજનાને.

વલ્લભકાકાએ તેને પ્રેમાળ શબ્દોમાં પૂછયું હતું : 'તને પ્રાર્થના-ગીત ગાવાનું ફાવે છે ? રોજ સાંજે અહીં ગીતો ગવાય છે. તું પણ ગાજે, છે ને રેડિયો પાસે ?'

પ્રારંભિક અણગમો ઓગળી રહ્યો હતો.

૨

નીનાએ નક્કી કરી નાખ્યું કે તે પરસાળમાં જ શયન કરશે, ત્યાં બેસીને જ ચિંતન-વાંચન-લેખન કરશે, કેદારને યાદ કરશે.

અરે, કેદારને તો ગમે ત્યારે યાદ કરી શકાય. તે તેના પ્રેમમાં પડી હતી. તેના સત્તાવીસમે વરસે તે અચાનક તેના જીવનમાં આવ્યો હતો.

એકલી વસતી હતી પીજીમાં. માલકિન ભલી હતી. શરીર પર એક પછી એક, વરસોની થપ્પી થતી હતી પણ ક્યાં ભાન હતું ? મા-બાપ અને એક ભાઈ એક અકસ્માતમાં મૃત્યુ પામ્યાં હતાં, પાંચ વર્ષ પહેલાં બન્યું હતું. તે પણ પ્રવાસમાં જવાની હતી, પણ કોઈ કારણસર ના જઈ શકી અને બચી ગઈ હતી. અનાથ બની ગઈ, એકલી બની ગઈ. અંજના તો પરણેલી હતી. જે મકાનમાં પરિવાર વસતો હતો એ ગીરવે મુકાયું હતું. દુઃખો સામટાં આવ્યાં હતાં.

નીના અચાનક પુખ્ત બની ગઈ હતી. જોબ શોધી, પીજીનો ઉતારો શોધ્યો અને જિંદગીની રફતારમાં ભળી ગઈ. રમતિયાળ હતી ને ગંભીર બની ગઈ. અંજનાના ફોન આવે : કેમ છે તું ? ના ફાવે તો આવતી રહે અહીં.

અવિનાશ પણ ફોન કરે : કંટાળો આવતો નથી ? કોઈના પ્રેમમાં પણ નથી પડી ? શું કરે છે નીની ? તે કહેતી : જીજાજી... શ્વાસો લઉં છું. વચ્ચે વચ્ચે થોડાં કામો કરું છું.

અને અચાનક પ્રેમમાં પડી જવાયું. બસસ્ટૉપ પર... કેદાર મળી ગયો હતો. તેની બસ દશ મિનિટ મોડી હતી. સૂકી વીરડીમાં અચાનક સરવાણી ફૂટી હતી. તે કેદાર પર ઓળઘોળ થઈ ગઈ હતી.

લક્ષણો તો ઓળખાય. પીજીની માલકિને પૃચ્છા કરી હતી : બસસ્ટૉપ પર કોણ મળે છે તને ? પ્રેમમાં તો પડી નથી ને ?

નીનીને કલવાવું તો હતું ને કલવાઈ હતી. પેલી સ્ત્રીએ - પરિવાર, આવક, ઘર, જ્ઞાતિ, ગોત્ર વિશે તપાસ કરી લેવાનું સૂચવ્યું હતું. તાકીદ કરી હતી કે તપાસ કરે કે તે પરણેલો તો નથી ને ? અને આડકતરી રીતે પૂછયું હતું કે તે એટલી તો આગળ વધી નથી ને કે શરીર... !

તે સલામત હતી. કેદાર તો ભદ્રપુરુષ હતો. તેનો પ્રિયપુરુષ હતો.

રોજ સાંજે દસબાર મિનિટોની મુલાકાત. એમાં આખા રાતદિવસની ભેગી થયેલી વાતો કરવાની. એની પણ મોજ હતી.

એમાં નીનાએ કહેલી તેના પરિવારની વાતઃ હા, છે ને બેન-બનેવી. ને આ, નથી તેઓનો ફોટો. લગ્ન માટે તેને મોટીબેનને કહેવું પડશે. તેઓ જ કન્યાદાન કરશે. સમજ પડી ને, મારી તને સોંપણી ?

ને કેદારે કહ્યું હતું : એક વાર તને ઘરે મા પાસે લઈ જવી છે. વાત તો જાણે છે કે એક નીનાએ તેમના દીકરાનું મન જીતી લીધું હતું.

શું ગમે, શું ના ગમે - એ અવસ્થા તો પસાર થઈ ચૂકી હતી.

ઓરડો ખાસ મોટો નહોતો. અંજનાનો પલંગ, પાસેના ટેબલ પર દવાઓ, રિપોર્ટ, એક્સ-રે, બામ, પાણીની બોટલ, થર્મોમીટર, નેપ્કિન, પાર્થનો ફોટો. ગોખમાં છબી પાસે દીવો થાય. ખુદ અંજના કરે, કેટલીક વાર. જાતે સ્નાન કરે. રાતે એકબે વાર નીના જાગે, મોટી પાસે આવે, ખસેલા વરગો, ચાદર-બારીનાં બારણાં સરખાં કરે. ક્યારેક તે જાગતા હોય તો સામે ખુરશીમાં બેસે ને બે વાત કરે.

ક્યારેક તો ગુરુવારની રાતે પૂછી બેસે : નીની, કાલે શનિવાર છે ને ?

જીજાજી... દર શનિવારે સાંજે આવતા અને સોમવારે... સવારે ચાલ્યા જતા.

અંજના અવિનાશને રટતી હોય ને તેને કેદારની યાદ આવી જતી.

નિશ્વાસ નાખતો હશે ને બસસ્ટૉપ પર ? અને તેણે તેના અહીંના રોકાણની સાચી વાત પણ કહી ક્યાં હતી ? એક કે બે માસની ગણતરી હતી.

કેદાર આવી જઈશ બે માસમાં. ત્યાં સુધીમાં કોઈ જરૂર આવી જશે. અને કેદાર, તેમને આપણા સંબંધની વાત પણ કહેવાની છે ને ? એ પણ કહી દઈશ. કેદાર, એ લોકો ચકિત થઈ જશે.

અરે, આપણી નીનીએ વર પણ શોધી કાઢ્યો ! છે ફોટો ? હોય જ ને ! તેઓ કહેશે.

બધું અચાનક બની ગયું હતું.

તેણે નિરાંતે પત્રો લખ્યા; કેદારને પીજીની સખીને, જોબ કરતી હતી એ સંસ્થાને.

સુમી મળી ગઈ હતી, સત્તર-અઢારની. હસમુખી, વાને સાંવરી, નમણી, ચબરાક ને પતંગિયા જેવી રમતિયાળ.

સૅનેટોરિયમના કાર્યાલયમાં કામ કરતી હતી, દરદીઓને પણ મદદ કરતી હતી.

તેણે જ નીનાને માહિતી આપી હતી કે મહાદેવ-મંદિર પાસે એક દુકાન હતી જ્યાં બધી ચીજો મળતી હતી - આટો, તેલ, ઘી, દાળ, મસાલા, ચોખા, શાકભાજી ! અરે, નીનાબેન... પોસ્ટકાર્ડ, કવર, કાગળ, પેન્સિલ કે બૉલપેન પણ મળે.

દૂધ સવારે આવે. દવાઓ... મેડિકલ સ્ટોરવાળો છોકરો આપી જાય. બોલો, છે કાંઈ પ્રૉબ્લેમ ?

અને તેણે પૂછ્યું હતું : સુમી, ક્યાંય અરીસા મળે ? હું તો અહીં આવીને મારો ચહેરો જ ભૂલી ગઈ છું.

તે બે પળ અટકી હતી ને પછી રમતિયાળ સ્વરમાં બોલી હતી : બેન, શું કરવો છે ચહેરો જોઈને ? અહીં તો છાતીના ફોટાઓ પડે છે, સ્ત્રીઓ અને પુરુષોના. ખુલ્લા થઈને મશીન સામે ઊભા રહી જવાનું. અંદરનું ચિતરાઈ જાય ફિલમ થઈને. બુન... શું બળ્યું છે આ શરીરમાં ?

નીનાને લાગ્યું હતું કે આ છોકરી તો મોટી જ્ઞાની હતી.

તેને... છેક સુધી અરીસો મળ્યો નહોતો. બારી પાસે ઊભી રહેતી ને વાળ ગૂંથી લેતી હતી, ચહેરા પર ટેવવશ પાઉડર લગાડી લેતી અને ત્યાં અંજનાનો સાદ પડતો : નીની... !

જીજાજી આવે એ તેને પણ ગમતું હતું. પાંચ દિવસનો ખાલીપો શનિવારની સાંજે ઓગળી જતો હતો, માહોલ બદલાઈ જતો, અંજનાના નિસ્તેજ ચહેરા પર હરખ ઊભરાવા લાગતો.

કેટલી વાતો થતી, સાત વર્ષના પાર્થની-માતાની-રોગની-સૅનેટોરિયમની?

અવિનાશ ખનગીમાં નીના પાસેથી અંજના વિશે માહિતી મેળવી લે : કેમ રહે છે? દવાઓ, ચચરી... લે છે નિયમિત? તને પરેશાન કરે છે રાતે, ઉજાગરાઓ...? સાંભળ... બે રાત હું જાગીશ. અહીં બારણાં વચ્ચે જ શયન કરીશ. તું નિરાંતે આરામ કરજે. વગેરે વગેરે... વાતો થાય. અને ક્યારેક અંજનાનો બબડાટ સંભળાય : શી વાતો કરતાં હશે સાળીબનેવી?

ને ત્યારે અવિનાશ કહેતા હોય : નીની, હું તારો ઓશિંગણ છું અને રહીશ.

અને નીના ભાવુક બનીને કહેતી હોય : મારી બેન છે ને? અને તમે પણ મારાં જ છો ને?

૩

સુમી પત્રો લાવતી હતી : લો નીનાબેન, તમારો લવલેટર.

તે હસી પડી હતી : આ છોકરી તો લવલેટર વિશે પણ જાણતી હતી. કેદારનો પત્ર હતો : થોડી રીસ, અકળામણ ને થોડો ગુસ્સો.

આ તેનો બીજો પત્ર હતો. થયું કે કેદારને કેવી રીતે સંભાળી શકશે. એક વાર જઈ આવે તો? કહેશે જીજાજીને : લઈ લો બેચાર રજા. તે તેનો ઘરકુલો જોતી આવે, પીજીવાળી બાઈને મળતી આવે, જોબવાળા સરને સમજાવતી આવે.

હકીકતમાં - એ બેય સ્થળે સંબંધ પૂરા થયા હતા. જોબ ચાલ ગઈ હતી ને પીજીવાળીએ તેનો સામાન પરસાળમાં, નધણિયાતો મૂકી દીધો હતો. તેને તો બસ, કેદારને મળવું હતું.

લખી પણ નાખ્યું : પ્રિય કેદાર... હું જ આવી જાઉં છું, વ્યવસ્થા કરીને.

એ પહેલાં, નીનાએ તેની આખી દિનચર્યા જણાવી હતી : રેલવેસ્ટેશનની વ્હિસલ જગાડે, રાતે થાક સાંકડી પરસાળમાં પોઢાડે, સ્વપ્નામાં તું પણ આવે ને ક્યારેક વલ્લભઅંકલ, સુમી, ડૉક્ટર દયાળ કે ગમે તે. બે સમયની રસોઈ, વસ્ત્રો ધોવાં, સ્નાન, બારી પાસે ઊભા રહીને કેશગૂંથન, ખરીદી... મંદિર પાસેની હાટેથી, સુમી સાથેની ગપસપ...જીજાજી હોય ત્યારે બધું બદલાઈ જાય. રમૂજી સ્વભાવ. કેટલું હસાવે? રાતે તે જ જાગે. મારે પરસાળમાં ગાઢ નીંદરામાં જંપી જવાનું. સુખ મળે પાર વિનાનું.

હવે આપણાં લગ્નની વાત જણાવવી છે. બસ, તરત.. પરણી જવું છે તને. પછી થોડું સૂવાનું મળવાનું હતું? બસ.. અત્યારે... સૂઈ લઉં.

તે ક્યાં જઈ શકી હતી? ડૉક્ટર દયાળે તેના નખનો રંગ જોયો હતો.

કહ્યું હતું કે કેમ આટલી ફિક્કી હતી. દરદીની સેવા કરવાની, પણ દૂર રહેવાનું, ક્યાં સૂવે છે? પરસાળમાં ને?

અને તેની સ્ક્રિનિંગ પણ કર્યું હતું. સુમી પાસે જ હતી.

વસ્ત્રો ખુલ્લાં કરતી વખતે તે સહજ રડી હતી. ડૉક્ટર દયાળની દૃષ્ટિ પરદા પર હતી. કહ્યું : બરાબર છે. ફેફસાં ચોખ્ખાં છે.

તેમણે દવા આપતા કહ્યું હતું : સવાર-સાંજ લેજે. શેની ચિંતા કરે છે અહીં? સૅનેટોરિયમમાં તબિયત સુધરે, સહુ સાજાં થઈને પાછાં ફરે. અંજનાની તબિયત સુધરી રહી છે. એકાદ માસમાં તો વિદાય આપવી પડશે.

પછી... ઉમેર્યું હતું : મીઠડી, તારે પણ. દવા લેવાની. હસતા રહેવાનું, ગીતો ને સ્તવનો ગાવાનાં.

તે ખુશ થઈ હતી. કેદાર સાવ પાસે લાગેલો. સુમી જ ધીમેથી ટહુકી હતી : તમને પિયુમિલનનો યોગ જાગ્યા છે, નીનાબુન.

૪

ડૉક્ટર દયાળના આશ્વાસન છતાં અંજનાની મુદત વધુ એક માસ લંબાઈ હતી. નીના કેટલી હતાશા અનુભવતી હતી? કેમ કરીને કેદારને સમજાવવો?

થતું હતું કે સવારની ટ્રેનમાં દોડતીક જઈને બેસી જાય.

અવિનાશ... અચાનક આવ્યા હતા ને બીજી સવારે તો ચાલ્યા જવાના હતા.

નીનાએ ઉતાવળે સમાચારો આવ્યા હતા ને બીજી સવારે તો ચાલ્યા જવાના હતા.

નીનાએ ઉતાવળે સમાચારો આપ્યા હતા, તબિયતના, એક માસના વિલંબના, મોટીના સ્વભાવના : ચીડિયલ બની ગઈ હતી. અકારણ ગુસ્સે થઈ જતી હતી.

ને તેણે, સાથોસાથ કેદારની વાત પણ ટૂંકમાં કહી હતી : ક્યાં મળ્યા, સારો છે કેદાર, મા છે, જોબ કરે છે, પત્રો આવે છે.. તે તેને પરણવા ઈચ્છે છે - અહીંથી જવાય પછી તરત જ. પેલાની ધીરજ ખૂટી હતી...

અવિનાશે બન્ને બાબતોના સાથે ઉત્તર વાળ્યા હતા : તારો ઋણી છું કે તું તેની આટલી સંભાળ લે છે. છે ફોટો કેદારનો? સારું કર્યું નીની. હા, એકમેકના સહારાની જરૂર પડે છે. શું કહ્યું દયાળે? ચીડ ને? આમ તો પહેલેથી જ... લગ્ન અમે જ કરીશું તારા. મને મેળવજે ત્યાં ગયા પછી. તું સારી રીતે સંભાળે છે અંજનાને. વલ્લભભાઈ મળે ત્યારે તારા ગુણગાન ગાતા હોય. જો જોબ કરવાની નથી. પીજીમાંથી જે સામાન હોય, લેતી આવજે. કેવી રામાયણો હોય છે નોકરીની? તે શું કરે છે, જોબ કે...? જોબ જ સારી. પાંચ તારીખ સુધીમાં કવર આવી જાય. અને હમણાં તેને આ વાત ના જણાવીશ. નીના, તેમની દવા કરવી ખૂબ મુશ્કેલ.

તેમણે નીના સાથે મધરાત સુધી વાતો કર્યે રાખી હતી. ક્યારેક સાવ ધીમે તો ક્યારેક જરા મોટેથી.

સવારે તો ચાલ્યા જવાનું હતું. રાત થોડી ને વેશ ઝાઝા.

તરત સુમી આવી હતી. હાથમાં મોટું કવર હતું. અને મલકતી હતી. સ્મિતમાં લજ્જાની છાંટ હતી. સાડીમાં હતી. અણઘડ રીતે પહેરેલી હતી. પગમાં ઝાંઝરાં હતાં.

શુભ સમાચાર આપ્યા : બેન... અચાનક જ એ લોકો આવ્યાં હતાં. મને જોઈ ને ગમી પણ ગઈ. ગોળ ધાણા ખવાઈ પણ ગયા.

નીનાએ તેને ગળે વળગાડી હતી : વાહ,

મારી સુમી. તું તો કેટલી મોટી થઈ ? સુખી થા. શું નામ વરનું ? વાહ ! સરસ... તું સુમી ને તે ગોપાલ. શું લાવી છું ? મોટું કવર ? મોટી ગિફ્ટ ? મારા પિયુની ? અરે, તને પણ મળશે. પાર વિનાની ?

મોટું કવર હતું. કેદારનું નામ લખ્યું હતું. એકાંત મળ્યું ને નીનીએ ખોલ્યું હતું. ભીતર ફફફડ થતું હતું.

તેણે કેદારને લખેલા પત્રો હતા. આ પરસાળમાંથી ભીંતને અઢેલીને બેસીને લખેલા હતા. પરત ? હા, પરત ! સાથે એક - સંબોધન, લિખિતંગ વગરની ચિઠ્ઠી; લખ્યું હતું : સંબંધ પૂરો થાય છે. સાંકડી પરસાળમાં ગમતા પુરુષ સાથે મોજ કર. ક્યાંથી અહીં આવે ? પેલાને સ્ત્રીનો અભાવ ને તારે... પુરુષનો. કશી સ્પષ્ટતાથી ગુંજાશ નથી. મને જૂની નીની ક્યાં મળવાની હતી ? આની જરૂર નથી.

કેટલો આઘાત લાગ્યો હતો ? એમ થયું કે આ જ સ્થિતિમાં તેનું મૃત્યુ થાય. શો અર્થ હતો અસ્તિત્વનો ? તેણે કેદારને તન-મનથી સાચુકલું ચાહ્યો હતો.

## ૫

છેલ્લી રાત.... અરે, થોડા કલાકો બાકી હતા. કેમ નીકળી શકશે, એ બસસ્ટૉપ પાસેથી ? નક્કી કર્યું કે તે.. અંજના ઘરની બહાર નહીં નીકળે. ના, કેદારને હવે મળવું નહોતું. તેનો પ્રેમ આટલો પોકળ હતા કે... પરપોટો બનીને, ફૂટી ગયો ?

કેટલી સ્પષ્ટતાઓ કરી હતી કે કશું જ નહોતું, જીજાજી... સાથે, કોઈ સાથે ? દયાળસહેબ, વલ્લભઅંકલ... ! અને આ રોકાણ તો મોટીબેનની માંદગી સબબ હતું. હું પવિત્ર છું, દુન્યવી માપદંડ પ્રમાણે. અરે, મનથી પણ કોઈને... !

આ છેલ્લી રાતે બધું યાદ આવતું હતું. ઈચ્છીએ છતાં પણ ક્યાં કશું ભૂલી શકાતું હતું ? વર્તમાન ધીમે ધીમે અતીત બનવા જઈ રહ્યો હતો.

તે હવે ક્યાં પીજીમાં જવાની હતી ? મોટીબેન-જીજાજી સાથે રહેવાની હતી. તે જશે. બે દિવસ આરામ ફરમાવશે. રસોઈ કરશે, ગમતાં ગીતો ગાશે.

અને પછી પીજીમાં જઈને સામાન લઈ આવશે. આ જીવનને નવા જીવનમાં ઢાળી દેશે.

સાંજે તેણે અને જીજાએ મળીને સામાન બાંધ્યો હતો. કેટલું યાદ કરવું પડ્યું હતું ? કાચની ચાર રકાબીઓ, એક નાનો તૂટેલો કપ, વળગણી પર સુકાતી ચાદર, અભેરાઈ પર મૂકેલો બત્તીનો બલ્બ, સોય-દોરાનું બોક્ષ, અંજનાબેનનો કાંસકો જે અરીસા પાછળ રાખ્યો હતો.

બધું હસતાં હસતાં બાંધ્યું હતું.

પરોઢ ફૂટું ફૂટું થતું હતું આજે પણ અટકળથી સમયનું અનુમાન લગાવ્યું હતું. મહાવરો હતો.

હમણાં પંખીઓ કલરવ કરશે, પાસેના કૉટેજમાંથી અમરતબેનનું પ્રભાતિયું પ્રગટશે. કદાચ... જીજા તેને જગાડવા સાદ પણ કરશે.

વચ્ચેનું બારણું કાંઈ બંધ નહોતું, ઠાલું વસાયું હતું. તેણે રાત દરમિયાન મોટીની ઉધરસનું ડૂસકું સાંભળ્યું નહોતું, મોટીબેન સારી થઈ રહી હતી. જીજા પહેલી જ વાર અંદરના ખંડમાં સૂતા હતા. તે મલકી હતી.

અને અચાનક મોટીના દબાતા શબ્દો કાને પડ્યા હતા : રેઢી પરસાળ મળી ને તમને બેયને ફાવતું મળ્યું. હું ક્યાં ઊઠીને જોવા આવવાની હતી ? તમે શું માન્યું કે હું મરી જવાની હતી ? રહી ગયા હતા મારા વિના – સ્ત્રી વિના ? ને પેલીય સગી નાની ! દેવતા ને દારૂ ! ભોળવી હશે કે તે જાણીને...

થીજી ગઈ નીના. આ મોટીબેન... ? કેદારે શંકા કરી ને હવે મોટીબેને !

પાછળ જીજાનો અવાજ : શું બકે છે, ભાન છે તને ? એ છોકરીએ તો તને સાજી કરી, નવું જીવન આપ્યું... પગ પકડ... નીનાના.

એ પછીનું કશું ના સંભળાયું.

નીનાએ સાંભળ્યું પણ ક્યાં હતું ?

નિર્ણય લેતાં એક મિનિટ લાગી. તે તેમની સાથે નહીં જાય, પીજીમાં જશે.

નીનાએ તેનો સામાન અલગ તારવી લીધો; બારી ખોલી, નવી હવાના પ્રવેશ માટે.

## સાભાર સ્વીકાર

| | |
|---|---|
| સ્વ. શ્રી હસમુખલાલ રતિલાલ શાહના સ્મરણાર્થે પાણી પરબ ફંડ | ૩૦૦૦ |
| તબીબી રાહત ફંડ | ૩૦૦૦ |


Dhimant Shah
+91 90295 21575

Er. Aakash Shah
B.E Automobile, A.D.A.M.,
C.D.E. (Mercedes Benz)
+91 89766 69545

AUTO WORLD®
Complete Car Solutions

F-5, Nisarg Heaven CHSL, Pawandham Lane,
Mahavir Nagar, Kandivali (W), Mumbai - 67.
+91 93242 06784 / +91 89766 33099

*Now also at Borivali*

Ahead of BPCL Petrolpump, I.C. Colony,
Link Road, opp. Metro Pillar No. 144, Borivali (W)
Mumbai- 103
+91 9321463225

- CAR REPAIR & SERVICES
- CAR PARTS & ACCESSORIES
- CAR SCANNING
- CAR DIAGNOSTIC CENTER
- INSURANCE & RTO CONSULTANTS
- CASHLESS INSURANCE CLAIMS **
- INTERIOR CLEANING & POLISHING
- CAR A/C. INSTALLATION & REPAIR
- COMPUTERISED KEY MAKING
- TIRE & BATTERIES
- DENTING & PAINTING
- CAR MODIFICATION
- NEW CAR BOOKING
- PRE OWNED CARS
- CAR FINANCE
- TOWING SERVICE AVAILABLE

SPECIALIZED IN PREMIUM CAR REPAIRS
Special Discount on labour for Members upto 20%*
customer.autoworld@gmail.com www.autoworldindia.in

(Advt.)

# BIO-DATA



**NAME : MANSI TRILOK LATHIA**
Birth Date : 23 July 1993 (2:37 pm)
Birth Place : Mulund
Height : 5' - 3"
Weight : 66 Kg.
Caste : Shri Dasha Shrimali Sthanakwasi Jain
Native Place : Vichiya (Gujarat)
Education : Diploma in Interior Design
Occupation : Working with Milind Pai Architect
Hobbies : Music, Movies, Travelling

**Family Details**
Grand Father : Late Shri Harshadrai Pranjivandas Lathia
Grand Mother : Late Jasumati Harshadrai Lathia
Father : Trilok Harshadrai Lathia (9820385353)
Mother : Saryu Trilok Lathia (8080537768)
Fathers Occupation : Khodiyar Traders
26-Kennedy bridge, Opera House
(022-23822557)

**Other Details**
Uncle Name : Dhulerai Harshadrai Lathia
(Bhaiji - 9850130979)
Yogesh Harshadrai Lathia
(Kaka - 9422139310)
Vishal Automobiles
Kasturba Road, Chandrapur
(07172-251212)
Mosal : Himatlal Pramandas Doshi (Nana)
Late Shri Nirmalaben Himatlal Doshi (Nani)
Santosh Himatlal Doshi (Mama)
Shefali Santosh Doshi (Mami)
Residence : 5 - Parag Building, G.G. Road,
Mulund (W)

(Advt.)

# BIO-DATA



**Overview**
Name : **RUSHABH ROHIT DESAI**
Date of Birth : 16th January 1993
Time of Birth : 10.30 AM
Place of Birth : Mira Road,
Height : 5 Feet 11 Inches
Cast : Zalawadi Dasha Srimali Sthanakwasi Jain
Native : Kaniyad - Botad
Hobbies : Reading, Listening Music, Travelling

**QUALIFICATION & EXPERIENCE :**
Education : S.Y.B.Com from Lords Universal College
Profession : Working with Whitehat as Business Development Executive (International)

**FAMILY BACKGROUND :**
Father : Rohit Jayantilal Desai
Profession : Naturopathic - 9664213605
Mother : Hetal Rohit Desai
Profession : LIC Agent - 9870286080
Sister : Payal Jigar Goda (Married)
Grand Father : Late Shri Jayantilal Nemchand Desai
Grand Mother : Smt. Heeraben Jayantilal Desai
Mota Pappa : Yogesh Jayantilal Desai (London)
Faiba : Bina Nitin Mehta (London)
Residential Address :
D- 109, Shram Saphalya, Sheetal Nagar,
Mira Road (East), Mumbai.

**MOSAL DETAILS :**
Late. Ramanlal Talakchand Shah - Ranpur
Mama : Chandrakant Ramanlal Shah
(C R Shah) - Ahmedabad
Contact No. : 9426644964
Vimesh Ramanlal Shah - Ahmedabad
Contact No. : 9426644901
**Physical Challenge : Difficulty in Right hand moment due to accident.**

(Advt.)

## ભાવભરી શ્રદ્ધાંજલિ

### વઢવાણ પાંજરાપોળમાં ધર્માદારૂપે ૧ લાખ



## સ્વ. અરવિન્દકુમાર છોટાલાલ શાહ

**વઢવાણ નિવાસી (નાથા ભવાન), હાલ : ઘાટકોપર**

દેહ ધારણ : ૧૮-૯-૧૯૩૨ • દેહ પરિવર્તન : ૧૮-૪-૨૦૨૧

*અરવિંદ અરવિંદ, અરવિંદ એવા હતા પ્રેરણારવિંદ,*
*કરુણા, પ્રેમ, સમર્પણ, શ્રદ્ધા, ગુણોતણા હતા એ રત્નારવિંદ,*
*સંસારરૂપી કાદવમાં રહ્યા હંમેશાં નિર્મળ જેમના આત્મારવિંદ,*
*એવા હતા પ્રેરણારવિંદ,*
*જન્મથી તે મૃત્યુ સુધી સદાય હસતું રહ્યું જેમનું મુખારવિંદ,*
*સર્વ કુટુંબીજનોના સંગાથે બનીને રહ્યા જે સ્નેહારવિંદ,*
*એવા હતા પ્રેરણારવિંદ,*
*ધંધામાં નિતિમત્તા અને પ્રામાણિકતા બની રહ્યા જેમના પ્રાણારવિંદ,*
*દુ:ખીઓના દુ:ખ જોઈ હૃદયકમળ બની જતું જેમનું કરુણારવિંદ,*
*એવા હતા પ્રેરણારવિંદ,*
*સરળ પવિત્ર જીવનનો સરવાળો પરિણમ્યો બની જ્યાં સુખારવિંદ,*
*રગે રગમાં ધર્મતણી દ્રઢશ્રદ્ધાનાં પીધા જેણે સુધારવિંદ,*
*એવા હતા પ્રેરણારવિંદ*
*એવા નિર્મળ પવિત્ર વિશુદ્ધ આત્માની ઉન્નતિ તણી,*
*કરીએ છીએ પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે પ્રાર્થનારવિંદ,*
*જ્યાં વસે ત્યાં પામે દેવ ગુરુ ને ધર્મ તણાં ચરણારવિંદ.*

| | |
|---|---|
| ધર્મપત્ની | : રંજનબેન |
| પુત્રી | : પારુલ અતુલકુમાર ગાંધી |
| પુત્ર | : દીપેન (૯૭૫૭૦૩૮૯૦૭) |
| | ધીમંત (૯૮૬૯૦૮૦૬૦૭) |
| પુત્રવધૂ | : રુપલ |
| દોહિત્ર | : ભાવિક |
| સસરા | : શાંતિલાલ સોમચંદ શાહ |
| દુકાન | : કમલા મેચિંગ સેન્ટર, ઘાટકોપર |

(Advt.)

## શ્રદ્ધાંજલીના પુષ્પરૂપે



## સ્વ. તરલિકાબેન કિર્તીભાઈ વોરા

**જન્મ : તા. ૦૬-૦૩-૧૯૫૩**
**અરિહંત શરણ: તા. ૧૩-૦૩-૨૦૨૧**

**છોડી સ્વજનોનો સાથ, તમ વસ્યા પ્રભુને પાસ,**
**નથી હયાત પણ છો સાથ, એવો અમને રહે છે ભાસ,**
**શ્રધ્ધાંજલી આપતા શબ્દો ખૂટે છે, અંજલિ આપતા હૈયું તૂટે છે.**
**પ્રભુ આપના દિવ્ય આત્માને, પરમ શાંતિ અર્પે,**
**એજ અંતઃકરણપૂર્વક પ્રાર્થના !!!**

*A Good Mother is the Root of Kindness & Humbleness !*
*You were & will Always Remain Our Source of Inspiration !*

**શ્રી ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ વડોદરા (પહેલા મુંબઈ નવજીવન સોસાયટી માં હતા) સ્વ. કાંતાબેન જયંતીલાલ મોહનલાલ વોરા ના સુપુત્ર કિર્તીભાઇ ના ધર્મપત્ની અ. સૌ. તરલિકાબેન જે અ. સૌ. બિનલ ગૌરાંગભાઈ પ્રવીણભાઈ બાવિશી તથા અ. સૌ. દર્શિતા દર્શનભાઈ રશ્મિકાંતભાઈ શાહ ના માતુશ્રી જે પાણશીણા નિવાસી હાલ ઘાટકોપર ગ. સ્વ. મંજુલાબેન પાનાચંદભાઈ કેશવલાલ શાહ ના સુપુત્રી તા. ૧૩-૦૩-૨૦૨૧ મહા વદ ૧૫ ને શનિવારે સમાધિપૂર્વક સંથારોકરી અરિહંતશરણ પામેલ છે. જે કૌશિકાબેન દીપકભાઈ વોરા ના દેરાણી તથા મીનાબેન દેવેન્દ્રભાઈ વોરાના જેઠાણી. જે સ્વ. ઇલાબેન રસિકભાઈ મોદી, પુષ્પાબેન હરગોવિંદભાઈ શાહ (તુરખીયા), વર્ષાબેન કિરીટભાઈ અદાણી, દિપીકાબેન (દિપાલી) વિજયકુમાર શાહ ના ભાભી. જે જયેશભાઈ (મીનાબેન), સ્વ. શિલ્પાબેન (નીતિનભાઈ), કેતનભાઈ (પલ્લવીબેન) પાનાચંદભાઇ શાહ ના મોટાબેન. જે ભાવન (નમિતા), દેવાંગ (દર્શના), મોનીલ, માનસી (જીનેશભાઈ) ના કાકી જે હર્ષ, પુર્વાંશ, નિર્વાણ ના નાની તથા અનેરી, રોહન ના દાદી

**સમસ્ત વોરા અને શાહ પરિવાર ના જય જીનેન્દ્ર.**

(Advt.)

# પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિના સુમન અર્પણ કરતા

પૃથ્વી પગરણ
તા.૧૩-૨-૧૯૫૧



અરિહંતશરણ
તા.૨૭-૩-૨૦૨૧

## સ્વ. ઈલાબેન રાજેન્દ્રભાઈ વખારિયા

**(હાલ - ઘાટકોપર)**

**પૂજ્ય માતુશ્રીને નત મસ્તકે વંદન કરીએ હજાર...**

*અમ જીવન બાગના માળી, કરી અમારી રખવાળી,*
*દુ:ખ દીધા સૌ ખાળી, આપી અમને સુખની થાળી,*
*જીવન એવું જીવી ગયા, જાણે ઉત્સવ ઊજવી ગયા,*
*મૃત્યુ ઉત્સવ કરી ગયા, જાણે મહોત્સવ માણી ગયા,*

આપના દિવ્ય આત્માને જન્મોજનમ જૈન ધર્મનું શરણું મળે, અને નવકારમંત્રનું સ્મરણ રહે. પરમકૃપાળુ પરતમાત્મા આપના પુનિત આત્માને પરમશાંતિ અર્પે અને આપ માટે વહેલા વહેલા મોક્ષના દ્વાર ખોલે એ જ હૃદયપૂર્વક પ્રાર્થના.

**મુક્તિ માર્ગના યાત્રીને વંદન કરતા આપના સ્નેહી-સ્વજનો**

| | | | |
|---|---|---|---|
| પતિ | : સ્વ રાજેન્દ્રભાઈ અરવિંદભાઈ વખારિયા | જેઠ-જેઠાણી | : હર્ષદભાઈ, ઉમાબેન |
| પુત્ર-પુત્રવધૂ | : તેજસ - અનુજા | દિયર-દેરાણી | : વિરેનભાઈ, પ્રતિભાબેન |
| પુત્રી-જમાઈ | : સેજલ - વિજયભાઈ | ભાઈ-ભાભી | : સ્વ. રમેશભાઈ, સ્વ. રસિલાબેન |
| પૌત્ર-પૌત્રી | : ક્રિશ, ક્રિશા | | સ્વ. અનિલભાઈ, સ્વ. હંસાબેન |
| દોહિત્ર-દોહિત્રી | : વિશાલ, સપના | બેન-બનેવી | : કોકીલાબેન, જીતેન્દ્રભાઈ |

**સમસ્ત - સ્વ. અરવિંદભાઈ મોહનલાલ શાહ પરિવાર**

**સ્વ. પ્રાણલાલ મણિલાલ શાહ (માથકિયા) પરિવાર**

Advt.

# શ્રદ્ધાંજલિ... ભાવાંજલિ... પુષ્પાંજલિ







જન્મ તારીખ
૧૦-૦૨-૧૯૩૧

દેહવિલય તારીખ
૧૧-૦૪-૨૦૨૧

## સ્વ. માતુશ્રી લલિતાબેન દેવચંદભાઈ સંઘવી

ગુંદીયાળા, હાલ જોરાવરનગર / ઘાટકોપર

એ હકીકત છે કે આપ સદેહે અમારી વચ્ચે નથી
તોય.... સત્ય છે કે
આપ સતત અમારી સાથે રહેશો....
આપ વસશો અમારા શ્વાસ-વિશ્વાસમાં,
આપ જીવશો ઘરના પ્રત્યેક અણુ-પરમાણુમાં,
આપના વાત્સલ્યની ઝાંખી છલકાશે અમારી આંખોમાં.....
દરેક પ્રસંગે ભરશે આપની સ્મૃતિસભા અમારા હૃદયપટમાં....
શાંત અને પ્રેમાળ સ્વભાવી એવા આપના ગુણો
અમારા અંતરમાં ઉતારી આપીએ આપને અંતરથી શ્રદ્ધાંજલિ
આપના આત્માને પરમશાંતિ મળજો એ જ પ્રાર્થના.....

**લી. શોકાતુર પરિવારજનો**

**સ્વ. દેવચંદભાઈ પોપટલાલ લધુભાઈ સંઘવી પરિવાર**

શ્રી વિનયભાઈ દેવચંદભાઈ સંઘવી (પુત્ર) — અ.સૌ. રીટાબેન વિનયભાઈ સંઘવી (પુત્રવધૂ)
સ્વ. શ્રી દિનેશભાઈ દેવચંદભાઈ સંઘવી (પુત્ર) — ગ.સ્વ. બિંદુબેન દિનેશભાઈ સંઘવી (પુત્રવધૂ)
શ્રી શૈલેષભાઈ દેવચંદભાઈ સંઘવી (પુત્ર) — અ.સૌ. છાયાબેન શૈલેષભાઈ સંઘવી (પુત્રવધૂ)
શ્રી રાજેશભાઈ દેવચંદભાઈ સંઘવી (પુત્ર) — અ.સૌ. નીરુબેન રાજેશભાઈ સંઘવી (પુત્રવધૂ)
શ્રી સતિષભાઈ દેવચંદભાઈ સંઘવી (પુત્ર) — અ.સૌ. જીગીષાબેન સતિષભાઈ સંઘવી (પુત્રવધૂ)
અ.સૌ. નયનાબેન દિલીપભાઈ સલોત (પુત્રી) — શ્રી દિલીપભાઈ કાંતિલાલ સલોત (જમાઈ)
અ.સૌ. જ્યોતિબેન મનોજભાઈ વસા (પુત્રી) — શ્રી મનોજભાઈ રવીન્દ્રભાઈ વસા (જમાઈ)

શ્વેતા-ભૂમિત, વિરલ-નિધિ, ચિંતન-શ્વેતા, મોનિકા-હિરેન, ભાવીન-ધારા
અમી-પ્રતિક, અંકિત-વિધી, કીર્તન, મૌલિક, ઉશમી (પૌત્ર-પૌત્રી)
ધ્રુવી, માહી, પરિતી, મિહિર, સૌમ્ય, ઝીયાના, અનવીત (દોહિત્ર-દોહિત્રી)
પિયરપક્ષ :- સ્વ. શાંતાબેન રતિલાલ તલકશી સંઘવી પરિવારની દીકરી (પીપળી - હાલ ઘાટકોપર)
નાનુભાઈ, રમણિકભાઈ, જયંતીભાઈ, સ્વ. હસુભાઈ, સુરેશભાઈ અને પુષ્પાબેન નૌતમભાઈ દોશીના મોટાબેન

(Advt.)

સંઘવી પરિવાર આ નાજુક પળોમાં અમને સધિયારો બક્ષનાર તમામ પરિવારજનો સગા સ્નેહી, સંબંધીઓનો અને મિત્રોનો અંતઃકરણ પૂર્વક આભાર માને છે.

## BIO DATA



# RAJVI PARESH SHAH

| | | |
|---|---|---|
| DATE OF BIRTH | ▪ | 26/01/1995 |
| PLACE & TIME OF BIRTH | ▪ | GOREGAON (MUMBAI) , 10:36 AM |
| HEIGHT | ▪ | 5'1" |
| EDUCATIONAL QUALIFICATION | ▪ | B.COM ( N.M. COLLEGE) PURSUING C.A. FINAL |
| HOBBY | ▪ | TRAVELING, READING, DRAWING, WRITING POEMS, GRAPHOLOGY |
| RELIGION | ▪ | ZALAWADI VISHA SHRIMALI STHANAKWASI JAIN |
| NATIVE PLACE | ▪ | BOTAD |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| FATHER | ▪ | PARESH BHOGILAL SHAH (MOB:-9819588666)<br>(EX NEERU SILK STORES PARTNER) |
| MOTHER | ▪ | NISHA PARESH SHAH (MOB:-9594088666) |
| SISTER | ▪ | TANVI PARESH SHAH<br>(LAST YEAR B.COM FROM N.M. COLLEGE) |

## CONTACT DETAILS

| | | |
|---|---|---|
| RESIDENTIAL ADDRESS | ▪ | A-204 DWARKA APT, JAIN MANDIR ROAD<br>DAULAT NAGAR, BORIVALI (EAST),MUMBAI<br>EMAIL ID-paresh02shah@gmail.co |

## RELATIVES DETAILS

| | | |
|---|---|---|
| GRAND PARENTS | ▪ | BHOGILAL PANACHAND SHAH<br>LATE SMT. ILABEN BHOGILAL SHAH |
| UNCLE | ▪ | JAYESH BHAI KANTILAL SHAH |
| FAIBA | ▪ | HEENA GIRISH BHAI THAKKER, BINA JIGISH BHAI SANGHVI<br>ASHA ASHISH BHAI SHAH, GITA JIGNESH BHAI SHAH |
| MOSAL | ▪ | MAHENDRA BHAI (MADHUBHAI)<br>SAKERCHAND SANGHVI (MOB. 8369186664)<br>JYOTSNA MAHENDRA SANGHVI |
| MAMA | ▪ | CA NIRAV MAHENDRA SANGHVI<br>CA NIMIT MAHENDRA SANGHVI |

Advt.

**BIO DATA**



# *Niyati Shah*

***Birth Date:*** 1st September,1995.

***Birth Place:*** Mumbai.

***Height:*** 5' 4"

***Education:***

- **MS in Computer Science (2017-2019)**
  University of Georgia at Athens, Georgia, USA.
  **VISA Status:** H1B
- **B.E in Computer Engineering**
  Shah And Anchor College of Engineering, Chembur, Mumbai

***Profession:*** Software Engineer II at Total System Services,LLC. (A Global Payments Company)

***Religion:*** Zalawadi Dasha Shrimali Sthanakvasi Jain

***Native:*** Limbdi

***Current Address:*** Colombus, Georgia (USA).

***Contact Details:*** +1-762-728-1181

***Email:*** niyatishah95@gmail.com

***Hobbies:*** Dancing, Travelling.

## Family Background

**Grandparents:** Late Shri Hasmukhlal Dharsibhai Shah
Smt. Manjulaben Hasmukhlal Shah

**Father:** Hiten Hasmukhlal Shah **Mobile:** 9820768097 **Email:** hitenshah3964@gmail.com

**Occupation:** Business- Manufacture of Plastic Products
Gurukrupa Plastics, Dadra Nagar Haveli, Silvassa.

**Mother:** Nipa Hiten Shah (Home-maker) **Mobile:** 9320768097

**Siblings:** Yashvi Hiten Shah (Pursuing B.E in Computer Engineering at DJ Sanghvi, Vile Parle)
Dhairya Hiten Shah (Pursuing B.E in Information Technology at Thadomal College, Bandra)

**Address:** A/101-102, Zalawad Nagar, Juhu Lane ,Andheri(west),Mumbai-400058.

## Relatives

**Uncle & Aunt:** Rajeshbhai Hasmukhlal Shah, Sujata Rajeshbhai Shah.

**Fua & Faiba:** Sanjaybhai Natvarbhai Shah, Neena Sanjaybhai Shah (Matunga)

**Nana/Nani:** Late Keshavlal Kasturchand Shah (Nathabhavan)
Ranjanben Keshavlal Shah

**Mama:** Kanakbhai Keshavlal Shah (Kandivali)
Rajeshbhai Keshavlal Shah

Advt.

# BIO DATA



## SAGAR JAYESH SHAH

| | | |
|---|---|---|
| DATE OF BIRTH | ▪ | 11TH SEPTEMBER 1992 |
| PLACE & TIME OF BIRTH | ▪ | MUMBAI, 11.00 A.M |
| HEIGHT, WEIGHT | ▪ | 5'10", 72kg |
| EDUCATIONAL QUALIFICATION | ▪ | M.M.S FROM LALA LAJPATRAI INSTITUTE OF MANAGEMENT |
| OCCUPATION | ▪ | FOUNDER & ADVISOR AT TRUSHINE ADVISOR LLP |
| ADDRESS | ▪ | SHOP NO.4, SUNDARAM BUILDING, VASANT COMPLEX, LINK ROAD, MAHAVIR NAGAR, KANDIVALI (W) - 400067<br>EMAIL: SHAH.SAGAR11@YAHOO.IN |
| CONTACT NUMBER | ▪ | +91 9326149145, +91 9324096500 |
| RELIGION | ▪ | ZALAWADI VISHA SHRIMALI STHANAKWASI JAIN |
| NATIVE PLACE | ▪ | BOTAD |

### FAMILY DETAILS

| | | |
|---|---|---|
| FATHER | ▪ | JAYESH KANTILAL SHAH (MOB: 9773513983) |
| OCCUPATION | ▪ | PARTNER AT TRUSHINE ADVISOR LLP |
| PREVIOUS BUSINESS: | ▪ | PARTNER AT NEERU SILK STORES |
| MOTHER | ▪ | BHAVNA JAYESH SHAH (HOME MAKER)<br>(MOB: 9326069363) |

### CONTACT DETAILS

| | | |
|---|---|---|
| RESIDENTIAL ADDRESS | ▪ | B-903, ANSHUL PLAZA CHS LTD, NEAR SHIV MANDIR & VASANT COMPLEX, OFF LINK ROAD, MAHAVIR NAGAR, KANDIVALI (W) – 400067<br>TELEPHONE NUMBER: 022 28680838, |

### RELATIVES DETAILS

| | | |
|---|---|---|
| GRAND PARENTS | ▪ | LATE KANTILAL PANACHAND SHAH<br>LATE VASANTIBEN KANTILAL SHAH |
| UNCLE | ▪ | PARESH BHOGILAL SHAH (BORIVALI) (9819588666) |
| FAIBA | ▪ | USHABEN HASMUKHLAL SANGHVI (KANDIVALI) (9820507241)<br>PRAFULLABEN PRAFULBHAI KOTHARI (MALAD) (8082518747)<br>RITABEN RAJENDRABHAI SHAH (GHATKOPAR) (9987555750) |
| MAMA | ▪ | JAYSUKHBHAI JAYANTILAL DOSHI (SURENDRANAGAR)<br>(9377488087) |
| MASI | ▪ | BHARTIBEN BHUPENDRAKUMAR SHAH (GHATKOPAR) (9594062283)<br>JYOTIBEN ANILKUMAR BARBHAYA (AHMEDABAD) (8160691910) |

Advt.



BIO DATA



## AAYUSHI RAJESH SHAH

*Birth Details:* 1, April 1995 | Mumbai | 1:00 PM

*Height:* 5 ft 2 inches

*Caste:* Zalawadi Dashashrimali Sthanakwasi Jain

*Native Place:* Limbdi

*Address:* C/130, Zalawad Nagar, Juhu Lane, Andheri (West), Mumbai – 400058

**EDUCATION**

--MCOM (FINANCE) – Narse Monji Institute of commerce

--BACHELOR OF BANKING AND FINANCE - Malini Kishore Sanghavi College of Commerce and Economics.

**WORK EXPERIENCE**

Citi Bank (Trade profile) - Current

## SHRENIK RAJESH SHAH

*Birth Details:* 30, April 1989 | Mumbai | 12:25 PM

*Height:* 5 ft 11 inches

*Caste:* Zalawadi Dashashrimali Sthanakwasi Jain

*Diet:* Vegetarian

*USA Address:* California, USA (+1-213-326-5522)

**EDUCATION**

-- Masters in Biochemistry & Molecular Biology University of Southern California (USC) Los Angeles

-- B-Tech (Biotechnology)- Padmashree Dr D. Y. Patil University - CBD – Belapur

**WORK EXPERIENCE**

SR. Scientific Project Manager – Personalis Inc (Menlo Park San Francisco CA 94025

**CURRENTLY ON H1B VISA**

## FAMILY DETAILS

*Father & Mother:* Rajesh Hashmukhlal Shah (9220907097) || Sujata Rajesh Shah ( 9820629194 )

*Father's Occupation:* Business (Gurukrupa Plastics) Dadra Nagar Haveli, Silvasa,.

*Paternal Grandparents:* Late Hashmukhlal Dharshibhai Shah || Manjulaben Hashmukhlal Shah

*Paternal Uncle & Aunt:* Hiten Hashmukhlal Shah (9820768097) || Nipa Hiten Shah (9320768097)

*Paternal Uncle &Aunt(Faiba):* Sanjay Shah ( 9322252140 ) || Neena Sanjay Shah ( 9819302467 )

*Maternal Grandparents:* Late Shantilaal Panachand Vora || Late Vimlaben Shantilal Vora

*Maternal Uncle & Aunt:* Mayur Shantilaal Vora ( 9821025284) || Ami Mayur Vora ( 9867514129 )

Advt.

# BIO DATA



## Dhruvi Kothari

| | |
|---|---|
| **DOB** | December 04, 1994: 3:40 pm |
| **Birth place** | Ahmedabad |
| **Height** | 5' 0" |
| **Religion:** | Visa Shrimali Sthanakvasi Jain |
| **Profession** | Transportation Planner,<br>Fehr and Peers, USA |
| **Education** | Masters in Information Data Science, University of California Berkeley, USA<br>Masters in City Planning, University of Pennsylvania, USA<br>Bachelors in Planning, CEPT, India (Academic Excellence Recipient) |
| **Avid Interests** | Adventure sports \| Movie bu \| Traveling (solo/Backpacking) \| Oil Painting \|<br>Table Tennis & Swimming \| Gardening |
| **Contact** | medakot@gmail.com |
| **Current Residence** | Walnut Creek, California, USA |
| **Connect with me @** | Instagram: @medakot \| Linkedin : @dhruvi-kothari-8a098485 |

### About my family

| | |
|---|---|
| **Dad** | Manish S Kothari |
| **Occupation** | Kothari Insurance Consultancy Pvt \| SJ Reality<br>Navrangpura, Ahmedabad<br>kmanishsuryakant@gmail.com, kicindia@yahoo.co.in |
| **Contact & What's No. @** | +91 93280-33999 |
| **Maa** | Sangita M Kothari (Maiden Name: Sangita M Mehta) |
| **Occupation** | Oxford Music Academy<br>Science city, Ahmedabad<br>dhruviagency@gmail.com |
| **Contact & What's No. @** | +91 98251 90051 |
| **Sibling** | Amogh Kothari<br>10th Grader |
| **Indian Residence** | Science City, Ahmedabad |
| **Parent's Native** | Dad: Halvad, Surendranagar<br>Maa Gondal, Amreli, Rajkot |

| | | | |
|---|---|---|---|
| **Dada & Dadi** | Lt. Suryakant Panachand Kothari &<br>Lt. Dhirajben Suryakant Kothari | **Nanu & Nani** | Lt. Mahendra Harilal Mehta &<br>Niamben Mahendra Mehta |
| **Bade Papa** | Deepak S. Kothari | **Chachu** | Biren S. Kothari - 9327002148 |
| **Fua** | Sanjay Sanghvi | **Masa** | Nayan Vora |

Advt.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ સ્મરણાંજલી



## મિતાલી સચીનભાઈ ડગલી

**જન્મ :** ૨૫-૦૬-૧૯૮૫

**દેહ પરિવર્તન :** ૦૯-૦૫-૨૦૨૦

‘‘જેના વિના એક પળ પણ હું નહિ જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રી આદિક) તે અનંતવાર છોડતા તેનો વિયોગ થયાં અનંતકાળ પણ થઈ ગયો તથાપિ તેના વિના જીવાયું એ કાંઈ થોડુ આશ્ચર્યકારક નથી’’

-શ્રીમદ્ રાજચંદ્ર.

જ્ઞાની ના વચનો અત્યંત સાચા છે.

મિતાલીને ગયા એક વર્ષ પૂર્ણ થશે. પ્રતિકૂળ સંયોગોનો સહજતાથી સ્વીકાર કર્યો. શાંતિથી, સમતાભાવે પરિસ્થિતિ સ્વીકારી. તેનો સરળ, શાંત, ધર્મ જિજ્ઞાસુ સ્વભાવ સદા સ્મરણમાં રહે છે. તેનો હસતો ચહેરો હંમેશા નજર સામે રહે છે. તેના ગુણો ઉચ્ચ જીવન જીવવાની પ્રેરણા આપે છે.

આવો દિવ્ય આત્માં પરમ શાંતિને પામે અને જન્મ-મરણના બંધનમાથી મુક્ત થાય અને મોક્ષપદ ને પામે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

### સ્મરણાંજલી અર્પણ કરતા સ્વજનો

**પતિ** : સચીનભાઈ ડગલી
**સસરા** : બકુલભાઈ ડગલી
**સાસુ** : સ્મિતાબેન ડગલી
**જેઠ** : તેજસભાઈ ડગલી
**જેઠાણી** : શ્વેતાબેન ડગલી
**ભત્રીજો** : દ્રીશ તેજસભાઈ ડગલી

**પિતા** : ભરતભાઈ રમણીકભાઈ શાહ
(નાથાભવન વાળા)
**માતા** : ભાવનાબેન ભરતભાઈ શાહ
**બહેનો** : હેમાંશી હેમલભાઈ મહેતા
પ્રાચી ચિંતનભાઈ વોરા
પૂજા કેવલભાઈ બોટાદરા
**ભાણેજ** : કાયરા મહેતા, કાયના મહેતા, વીર વોરા

**સમસ્ત** : ડગલી પરિવાર
આર. ડી. શાહ પરિવાર
એમ. આર. શાહ પરિવાર

Advt.

## શ્રધ્ધા સુમન



જન્મતારીખ
૧૧/૦૭/૧૯૪૭

અરિહંતશરણ
૨૧/૦૪/૨૦૨૧

# સ્વ. ચંદ્રિકા વ્રજલાલ શાહ (નાવડાવાળા)

ઓ જાને વાલે હો શકે તો લૌટ આના, એક બાર હમ સબકો દર્શન દે કે જાના
પિછલે પચાસ સાલો સે પરિવાર કી જવાબદારી નિભાઈ થી, સબકો એકસાથ જોડકર કિતની આશ બંધાઈ થી, અચાનક રૂઠકર હમસે દૂર કયું ચલે ગયે, પરિવાર સે અંતિમ બાત કરના ભી ભૂલ ગયે,
હમ સબકી આશ હૈ કિ એક બાર દર્શન દો, સબકી બાત સુનકર ફિર અંતિમ નિર્ણય લો,
વાદા હૈ હમ સબકા, આપ કો રોકેગે નહીં, સિર્ફ એક બાર હમારી અરજ પૂર્ણ કરો,
ઓ જાને વાલે હો શકે તો લૌટ આના...

## મમ્મી જ્યાં પડે આપના પગલાં, ત્યાં હોય પુણ્યના ઢગલા

| | | |
|---|---|---|
| સાસુ-સસરા | : | સ્વ. નર્મદાબેન મણિલાલ શાહ |
| માતા-પિતા | : | સ્વ. જયાબેન હરિલાલ શાહ |
| પતિ | : | વ્રજલાલ મણિલાલ શાહ |
| પુત્ર-પુત્રવધૂ | : | મનોજ-રીના, નીરવ-કૃપાલી, પારસ-સ્વાતિ |
| પૌત્ર-પૌત્રી | : | હર્ષ, જીનલ, શૈલી, રાહીલ, પાર્શ્વી, શૌર્ય. |
| દિયર-દેરાણી | : | અનંતરાય-સ્વ. મીનાબેન |
| ભત્રીજા-ભત્રીજાવધૂ | : | મિતુલ-ફોરમ |
| ભત્રીજીવર-ભત્રીજી | : | જય-નિધિ |
| નણંદ-નણંદોયા | : | સ્વ. ચંપાબેન-સ્વ. લલ્લુભાઈ, સ્વ. કાંતાબેન-સ્વ. પોપટલાલ સ્વ. શારદાબેન, સ્વ. કાંતિલાલ, સૂર્યાબેન-સ્વ. પ્રવિણચંદ્ર |
| ભાઈ-ભાભી | : | પ્રવિણભાઈ - સ્વ. દર્શનાબેન, જગદીશભાઈ-નીલાબેન |
| વેવાઈ-વેવાણ | : | સ્વ. ભરતભાઈ-મીતાબેન, વીરેન્દ્રભાઈ-જયોત્સનાબેન, ગિરીશભાઈ-નીરૂબેન |

**શાહ પરિવાર ના જય જિનેન્દ્ર**

Advt.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ



**સ્વ. ચેતનભાઈ હસમુખલાલ શાહ**
જન્મ: ૧૫-૧૧-૧૯૬૪
અરિહંતશરણ: ૧૦-૦૪-૨૦૨૦



**સ્વ. આશિષભાઈ હસમુખલાલ શાહ**
જન્મ: ૧૦-૦૨-૧૯૬૨
અરિહંતશરણ: ૦૬-૦૫-૨૦૨૦

તમારી વિદાયને ભલે એક વર્ષ વીત્યું હોય,
એ હૃદય હજુ સ્વીકારી શકતુ નથી,
યાદ તો તેને કરવાના હોય, જે ભૂલાયા હોય,
તમે તો જીવો છો, એક એક શ્વાસનાં ધબકારામાં,
પાંપણના પલકારે પંખીની જેમ બન્ને ઉડી ગયાં,
તમારા આદર્શો, અમારુ માર્ગદર્શન,
તમારુ જીવન અમારી પ્રેરણા હતું,
તમારા કાર્યો સંપૂર્ણ કરવાની આવડત,
તમારો નિખાલસ સ્વભાવ,
ભૂલી શકાય નહી એ યાદોનાં સ્મરણો છોડી ગયાં,
સદ્‌ગત બંન્ને આત્માને આપના શરણમાં શાશ્વતસુખ આપે.

શ્રધ્ધા સુમન અર્પણ કરનાર
સ્વ. મધુબેન હસમુખલાલ ભીખાલાલ શાહ પરિવાર

ચેતનાબેન ચેતનભાઈ શાહ
સ્વ. મંગળાબેન મહેન્દ્રભાઈ ધોળકિયા પરિવાર
સ્વ. સુશીલાબેન વિનોદભાઈ ધોળકિયા પરિવાર
પુત્ર : ભવ્ય ચેતનભાઈ શાહ

ઈલાબેન આશિષભાઈ શાહ
સ્વ. લીલીબેન ચંદુલાલ ગોપાણી પરિવાર

ભાઈ – રાજેશભાઈ હસમુખલાલ શાહ
ભાભી – દિપીકા રાજેશભાઈ શાહ
ભત્રીજો – દીપ,
ભત્રીજી – ઈશીતા

Advt.

# શ્રધ્ધાંજલિ



## સ્વ. શ્રી રસિકલાલ સુખલાલ તુરખિયા

સેવાના ભેખધારી, પ્રખર વક્તા, શ્રેષ્ઠ શ્રાવક શ્રી રસિકલાલ સુખલાલ તુરખિયા સુદીર્ઘ જીવનના અંત સુધી પરિવાર અને સમાજના ઉત્કર્ષ માટે કાર્યરત રહ્યા. ઉચ્ચ વિચાર ને સાદગીપૂર્ણ, નીતિપરાયણ જીવન જીવનારા રસિકલાલ તુરખિયા આજીવન અપરિગ્રહના આગ્રહી રહ્યા.

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, જૈન સ્વયંસેવક મંડળ કાંદાવાડી, વર્ધમાન સ્થા. જૈન મહાસંઘ, શ્રી સંઘાણી સંઘ ઘાટકોપર, શ્રી પંતનગર સંઘ ઘાટકોપર, તુરખિયા બંધુમંડળ તથા સુદામડાની હાઈસ્કૂલ-તમામ સંસ્થાઓના ઉત્તમ માર્ગદર્શક શ્રી રસિકલાલ તુરખિયા ૯૮ વર્ષની ઉંમરે સંથારા સહિત સમાધી મરણ પામ્યા.

સમસ્ત પરિવારે એક વડલાની વિશાળ છાયા ગુમાવી છે.

### આપના સદાય ઋણી

**પત્ની સ્વ. વસંતબેન રસિકલાલ તુરખિયા**

| | | | |
|---|---|---|---|
| ભાઈ | : સ્વ. જયંતિભાઈ | બહેન | : શાંતાબેન મગનલાલ સંઘવી |
| | : સ્વ. ત્રિલોકભાઈ | | |
| | : સ્વ. બકુલભાઈ | | |
| પુત્ર-પુત્રવધુ | : ભરત તથા સરોજ<br>દિનેશ તથા જયશ્રી | પુત્રી-જમાઈ | : ચેતના બિપિનભાઈ ખેતાણી |
| પૌત્ર-પૌત્રી | : વિરાજ, પૂર્વી, નિધિ,<br>આશિતા, માનસી | દોહિત્રી | : શિવાની, રુચિ |

વિરાજ તુરખિયા ૯૮૧૯૮૩૮૩૮૬ • દિનેશ તુરખિયા ૮૦૯૭૬૩૨૭૦૩

Advt.

# શ્રધ્ધાંજલિ



જન્મતારીખ
૫/૧/૧૯૪૭

અરિહંતશરણ
૧૭/૩/૨૦૨૧

## શ્રી દિનેશભાઇ કાંતિલાલ સંઘવી

### મૂળ વતન: જોબાળા | હાલ : કાંદિવલી, મુંબઈ

નિત્ય અમારા મનમાં, નિરંતર અમારા હૃદયમાં
પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ

### એવાં દિવ્ય આત્માને શત શત વંદન ...

આપનું સાદગીભર્યું જીવન, માયાળુ-લાગણીશીલ સ્વભાવ, કુટુંબ પ્રત્યે નો પ્રેમ, શાંત વિનમ્ર સમભાવમાં રહેવાની વૃત્તિ, જૈન શાસન પ્રત્યેની શ્રદ્ધા, જીવમાત્રને તકલીફ ના આપવાની ભાવના, જીવન પ્રત્યે કોઈપણ જાતની અપેક્ષા આગ્રહ અભિપ્રાય થી સંપૂર્ણપણે પર રહેવાની ક્ષમતા સદાય અમને પ્રેરણા આપતાં રહેશે .

આપના પુનિત આત્માને પરમશાંતિ મળે, હંમેશા જૈન શાસનનું શરણું મળે અને વહેલામાં વહેલા મુક્તિપદ મળે એવી પરમાત્માને પ્રાર્થના.

શ્રદ્ધાંજલિ અર્પતા

ધર્મપત્ની : ઉષાબેન દિનેશભાઇ સંઘવી
પુત્ર-પુત્રવધૂ : સમીર - પિંકી
સચિન - કોમલ
પૌત્ર-પૌત્રી : ઊર્જા- જશ- શૌર્ય

ભાઈ -ભાભી : રજનીભાઇ- મૃદુલાબેન
સ્વ.સુબોધભાઈ- કૈલાસબેન
નીતિનભાઇ-ચેતનાબેન
બેન -બનેવી : કલ્પનાબેન સુકેતુભાઈ ગોપાણી

સ્વ.વિમળાબેન કાંતિલાલ સંઘવી પરિવાર
સ્વ. મનસુખલાલ કસ્તુરચંદ શાહ પરિવાર (નાથાભવાન)

Advt.

## શ્રધ્ધા સુમન તવ ચરણે
(પ્રથમ વાર્ષિક તિથિ નિમિત્તે)



સહજાનંદી શુધ્ધ સ્વરૂપી
અવિનાશી હું આત્મસ્વરૂપ

દેહ મરેછે હું નથી મરતો
અજર અમર પદ મારુ

પૃથ્વી પગરણ
૧૩-૦૩-૧૯૪૨

દેહપરિવર્તનઃ
૨૪-૦૫-૨૦૨૦

# શ્રી ધીરજલાલ ભુરાલાલ શાહ (ચોટલિયા)

વિંછીયા નિવાસી, હાલ મલાડ વેસ્ટ.

સદાય હસતો ચહેરો રાખી ઓચિંતી લીધી વિદાય
ખુદ ઘસાઈ અન્ય કાજે, સૌરભ થઈ પ્રસરી ગયા
ગુમાવ્યું શિરછત્ર, સ્પંદન અને ધબકાર
કિંતુ રહેશે અમર આપની શ્રધ્ધા સમૃતિ અને સંસ્કાર
આપનો લાગણીશીલ સ્વભાવ અમો જીવનભર ભૂલશુ નહીં
શૂન્યમાંથી સર્જન કરી સર્વત્ર સુવાસ ફેલાવી ગયા
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ અંતરની પ્રાર્થના

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને કર્મોના તમામ બંધનો માંથી મુક્ત કરી
સિધ્ધક્ષેત્ર તરફ વહેલા પ્રયાણ કરાવે એજ પ્રભુ પ્રાર્થના
આપના ચરણ રજ પર શ્રધ્ધાંજલી અર્પતા આપના ભવોભવના ૠણી

**શ્રધ્ધાસુમન અર્પણ કરનાર**

| | |
|---|---|
| માતાશ્રી | : સ્વ. ગોદાવરીબેન ભુરાલાલ શાહ |
| ધર્મપત્ની | : શીલાબેન ધીરજલાલ શાહ |
| પુત્ર-પુત્રવધૂ | : સચીન ધીરજલાલ શાહ, નેહા સચીન શાહ |
| દિકરી-જમાઈ | : સોનલબેન કેતનકુમાર દોશી |
| | બીનાબેન વિક્રમકુમાર કોઠારી |
| પૌત્ર-પૌત્રી | : હેમીલ, અનેરી |
| દોહીત્ર | : કેયુર, કશીસ, શ્રેયા, પિયલ |

**ફર્મ: સોનલ આર્ટ એમ્બ્રોઈડરી**

Advt.

# અશ્રુભીની શ્રદ્ધાંજલી



**સ્વ. જયંતીલાલ ચંદુલાલ શાહ**

જન્મ : ૧૫/૯/૧૯૩૭ • સ્વર્ગવાસ : ૨/૫/૧૯૯૩



**સ્વ. શાન્તાબેન જયંતીલાલ શાહ**

જન્મ : ૧/૫/૧૯૪૧ • સ્વર્ગવાસ : ૨૭/૯/૨૦૧૦

|| ત્વમેવ માતાચ પિતા ત્વમેવ । ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ॥
ત્વમેવ સ્વામી શરણાગતાનમ્ । ત્વમેવ સંસાર નિવાર કોસિ ॥ ||

GAUTAM

**ચંદુલાલ ચુનીલાલ શાહ પરિવાર તથા**
**ગૌતમ એડવર્ટાઈઝીંગ સ્ટાફ**

Advt.

# શ્રધ્ધા - સુમન



જન્મ:
૦૩-૦૮-૧૯૩૨

અરિહંતશરણ:
૧૪-૦૪-૨૦૨૧

## સ્વ. હસમુખલાલ ચત્રભુજ શાહ

(લીંબડી નિવાસી હાલ સુરેન્દ્રનગર)

**''માર્ગદર્શક - પ્રેરક પિતા''**

પિતાશ્રી ચત્રભુજભાઈ અને માતુશ્રી સૂરજબાના નામને રોશન કરી યાદગાર જીવન જીવ્યા. જેમ શાંતિભાઈ સમાજ સેવક બન્યા, પ્રજ્ઞાબાઈ સ્વામી સંયમ ક્ષેત્રે આગળ વધ્યા તેજ રીતે હસુભાઈ ધર્મક્ષેત્રે ખૂબજ આગળ વધી આગમ પ્રેમી બન્યા. જીવનમાં ધર્મપત્ની મંજુલાબેન નો સાથ સહકાર મળ્યા. સાધુ સંતોની સેવા કરી આશીર્વાદ પામ્યા. નાના મોટા સર્વેનુ વ્હાલપૂર્વક હસીને સ્વાગત કરતાં, માર્ગદર્શન અને હૂંફ આપતા સમગ્ર પરિવારને સ્નેહ સૂત્રે સાંકળ્યો.

આપનું જીવન અમને સદાય પ્રેરણા આપે, અમારા સર્વે પર આપના આર્શીવાદ હંમેશા વરસતા રહે. આપના આત્માને ચિરશાંતિ મળે. જૈન ધર્મનું શરણ મળે અને ભવાંતરે મોક્ષની પ્રાપ્તિ મળે એજ મંગળ પ્રાર્થના.

### શોકાતુર પરિવાર

**ધર્મ પત્ની : સ્વ. મંજુલાબેન**

પુત્ર-પુત્રવધૂ : યોગેશભાઈ-નીતાબેન
રાજેશભાઈ-રીટાબેન
ભાઈ-ભાભી : સ્વ. શાંતિભાઈ-સ્વ. લીલાવતીબેન
બહેન-બનેવી : પ. પૂ. પ્રજ્ઞાબાઈ સ્વામી
સ્વ. ઝવેરીબેન-સ્વ. મનુભાઈ શાહ
સ્વ. જયાબેન-હિંમતભાઈ શાહ
રંજનબેન-સ્વ. નવિનભાઈ શેઠ

પુત્રી-જમાઈ : ડૉ. વર્ષાબેન
સ્વ. રૂપાબેન-શ્રેણીકભાઈ શાહ
પૌત્ર પૌત્રવધૂ : મનન-શ્વેતા, કીર્તન-હીરલ
પૌત્રી-જમાઈ : નીરાલી-સૌમ્ય, ખુશાલી-અષેશ
દોહિત્ર-દોહિત્રવધૂ : શ્રીપાળ-મિલોની
શ્રેયસ-સોનાક્ષી

આપના લાડકા - રીયા, ધ્યેય, શ્રીયા, રેયાંશી, જીયા, નીયોશી, કાસ્વી, કાયરા, શ્રાવ્યા, માહીર

**શાહ ચત્રભુજ નાનચંદ પરિવાર**
**લવજી તળશી પરિવાર**

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2021-23. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2021-23 Published on 5th of every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

# શ્રધ્ધાંજલિ



જન્મ:
૧૫-૦૧-૧૯૩૧

અરિહંતશરણ:
૧૮-૦૪-૨૦૨૧

## શ્રી નરોત્તમદાસ મણીલાલ શાહ

જોરાવરનગર, હાલ મુંબઈ નિવાસી

રવિવાર તા. ૧૮-૦૪-૨૦૨૧ ના રોજ સંથારા સાથે
અરિહંતશરણ પામેલ છે.

વડીલ ગુમાવ્યાની વ્યથા શબ્દોમાં સમાતી નથી, હરહંમેશા હેતની લાગણી વિસરાતી નથી
વસ્યા છો દૂર, છતા કૃપા આપની વરસતી રહેશે, આપના સ્નેહની સુગંધ સર્વત્ર પ્રસરતી રહેશે.
આપનું જીવન અમને સદાય પ્રેરણા આપે. આપનો શાશ્વત પવિત્ર આત્મા જયાં પણ હોય
ત્યાં જિન શાસનનું શરણ મળે અને સર્વ કર્મો નો નાશ કરે મોક્ષગામી બને
એજ પ્રભુ પાસે મંગલ પ્રાર્થના.

### પ્રેમાળ પરિવાર

ધર્મપત્ની : લતાબેન શાહ
પુત્ર-પુત્રવધૂ: સમીર-શીતલ, અમિત-સ્મિતા
પુત્રી-જમાઈ : નિકિતા-દિવાકર
પૌત્ર-પૌત્રવધૂ અને પૌત્રી-જમાઈ: નિકેત-સીમોની, મોક્ષા-ચિંતન, હિરલ-પાર્થ તથા દ્રષ્ટિ
દોહિત્ર અને દોહિત્રી: પ્રેરક-કનિકા, મનાલી-ચિરાગ

Advt.

Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah